## અલ જામિઅતુલ અશ્રફિયા મુબારકપુરના બાવક઼ાર ઉસ્તાદ
## હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ મુબારકહુસૈન મિસ્બાહી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانએ
## માલિકે હક઼ીક઼ીને લબ્બેક કહી !

અફસોસ ! સેંકડો અફસોસ ! કે ૪–જૂન ૨૦૨૬ના રોજ હુઝૂર હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانના ચમનનું મહેકી રહેલુ તે ફૂલ રાતના અંધકારમાં આખરે મુરઝાઈ ગયું જે પોતાની ભીની ભીની ખુશ્બુ વડે એક આલમને અત્યાર સુધી મહેકાવતુ રહ્યું. اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ

તે ખશ્બુ કોઈ અન્ય ન હતી બલ્કે તે ખુશ્બુ બાગે ફિરદોસ અલ જામિઅતુલ અશ્રફિયા મુબારકપુરના બાવકાર ઉસ્તાદના સ્વરૂપમાં હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ મુબારકહુસૈન મિસ્બાહી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانની હતી, જેની ખુશ્બુથી તેમના ચાહકો હમેશાં માટે મેહરૂમ થઈ ગયા. હઝરત મૌસૂફના ચાહકો એ ભીની ખુશ્બુને તેમનાં લખાણોમાં કેવળ મેહસૂસ જ નહીં કરે બલ્કે તેમનાં ખુશ્બુદાર લખાણોથી પોતાની રૂહની ગહરાઈઓને સુગંધિત કરતા રહેશે. તે ખુશ્બુ કોઈ અન્ય ન હતી, બલ્કે તે ખુશ્બુ માહનામા અશ્રફિયા મુબાકપુરના મુખ્ય એડિટર હઝરત મૌલાના મુહમ્મદ મુબારકહુસૈન મિસ્બાહી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانના સ્વરૂપમાં હતી. તેમનાં લખાણો ફિક્રે આ'લા હઝરતની રોશનીમાં એવાં અસરકારક રહ્યાં કરતાં હતાં કે જેના સબબે દરેક પઢેલા ગણેલા શખ્સના અભ્યાસના મેજ પર માહનામા અશ્રફિયા લોકોને નજર આવતુ રહ્યું. તે ખુશ્બુ કોઈ અન્ય ન હતી બલ્કે તે ખુશ્બુ મુહાફિઝે અશ્રફિયા હુઝૂર અઝીઝે મિલ્લતના જમાઈની શકલમાં હઝરત મૌલાના મુહમ્મદહુસૈન મિસ્બાહી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانની હતી જે પોતાના ઈલ્મો અમલ વડે પયગામે આ'લા હઝરત તથા પયગામે હાફિઝે મિલ્લતને ઘર ઘર પહોંચાડવામાં રાત દિન એક કરી રહી હતી.

તે ખુશ્બુ કોઈ અન્ય ન હતી બલ્કે તે ખુશ્બુ ''તન્ઝીમે અબ્નાએ અશ્રફિયા મુબારકપુર''ની જાન તથા રૂહ બનીને સર્વ મિસ્બાહી બિરાદરોને એક હારમાં પરોવીને તેમને મુનઝ્ઝમ કરીને હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانના મિશન અને અશ્રફિયા મુબારકપુરના ઉસ્તાઝોના કિરદાર તથા અમલને ઈસ્લામી જગતમાં ઓળખ કરાવવામાં પોતાની હયાતની દરેક પળ વકફ કરી રહી હતી.

ખાકસાર, હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદમુબારક હુસૈન મિસ્બાહી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانના ઈન્તેકાલ પુરમલાલ પર અતિશય રંજો ગમની સાથે ખાસ કરીને હઝરત અઝીઝે મિલ્લત અને હઝરત નઈમે મિલ્લત અઝીઝી સાહેબાનની ખિદમતમાં તઅઝીયત પેશ કરતાં હઝરત મૌસૂફ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانના ઘરવાળાંઓ સાથે દુઃખની આ ઘડી અને રંજો ગમના આ આલમમાં બરાબર શરીક છે, અને દુઆગો પણ છે કે અલ્લાહ તઆલા પોતાના મહબૂબ ﷺના સદક઼ે હઝરત મૌલાના મુહમ્મદહુસૈન મિસ્બાહી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانની બેહિસાબો કિતાબ મગફેરત ફર્માવે. તેમની તમામતર દીની ખિદમતોને કબૂલ તથા મકબૂલ કરીને તેમને હર ક્ષણે અને દરેક કરવટ જન્નત નસીબ કરે અને સર્વ પાછળવાળાઓને સબ્ર તથા શુક્રની તૌફીક઼ બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

શરીકે ગમ બચશ્મેનમ – *કારી રઈસ અહમદખાન–ફૈઝાબાદ.*

**નોંધ** : અમો ગુજરાતના મંથલી બરકાતે ખ્વાજા દ્વારા પણ મૌલાના મૌસૂફ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانના ઈન્તેક઼ાલ પર રંજ અનુભવી ઉપરોક્ત દુઆમાં શરીક થઈને મર્હૂમ માટે જન્નતમાં આ'લા મકામની દુઆ ગુજારીએ છીએ. *તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

www.barkatekhwaja.net

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**જુલાઈ-૨૦૨૬**

મુહર્રમુલ હરામ - સફરુલ મુઝફ્ફર
હિજરી સન : ૧૪૪૮

વર્ષ : ૨૩, અંક : ૭, સળંગ અંક : ૨૭૦

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 ફક્ત સંપર્ક માટે નંબર
Web. :www.barkatekhwaja.net
anjuman2006new@gmail.com


બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

**લવાજમ**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


01 જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 08
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) 10
04 હદાઈકે બખ્શિશ (ભાગ-૨) 11
05 હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) 15
06 કાનૂને શરીઅત (ભાગ-૨) 17
07 તઝકેરતુલ અવલિયા :હઝરત ઈબ્રાહીમ બિન દાઊદ વર્કી તથા હઝરત યુસુફ અસ્બત رحمۃ اللہ علیہ 20
08 ઈસ્લામી અખ્લાકો આદાબ 23
09 અંબિયા علیہم السلام ના તસર્રુફાત (અખત્યારો) કિતાબ તથા સુન્નતની રોશનીમાં 27
10 (ચોથી સદીના મુજદ્દિદ : ૨) હઝરત અબૂ હામિદ બિન મુહમ્મદ અસ્ફરાઈની رحمۃ اللہ علیہ 32
11 ઝર્બે હૈદરી 34
12 ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ 38
13 રઈસુત્તહરીર મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہ 41
14 મુસ્લિમ યુવાનો માટે ખાસ નસીહતો 44
15 ટપાલ 50


**મન્કબત : શાને ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અહમદ રઝા કા તાઝા ગુલિસ્તાં હૈ આજ ભી
ખુર્શિદે ઈલ્મ ઉન્કા દરખ્શાં હૈ આજ ભી

અરસા હુવા વો મર્દે મુજાહિદ ચલા ગયા
સીનોંમેં એક સોઝિશ પિન્હાં હૈ આજ ભી

ઈમાન પા રહા હૈ હલાવત કી નેઅમતેં
ઔર કુફ્ર તેરે નામસે લરઝાં હૈ આજ ભી

સબ ઉનસે જલનેવાલોં કે ગુલ હો ગએ ચિરાગ
'અહમદ રઝા' કી શમ્એ ફરોઝાં હૈ આજ ભી

કિસ તરહ ઈત્ને ઈલ્મ કે દરયા બહા દિએ
સર ચશ્મએ નિશાતે સુખન દાં હૈ આજ ભી

તુમ ક્યા ગએ કે રૌનકે મેહફિલ ચલી ગઈ
શેઅરો અદબ કી ઝુલ્ફ પરેશાં હૈ આજ ભી

બઅદે વિસાલ ઈશ્કે નબી ﷺ કમ નહીં હુવા
રૂહે રઝા હુઝૂર પર કુર્બાં હૈ આજ ભી

''મિર્ઝા'' સરે નિયાઝ ઝુકાતા હૈ ઈસ લિએ
ઈલ્મો અમલ પે આપ કા એહસાં હૈ આજ ભી

www.barkatekhwaja.net

# જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં

**ઉર્સ : ૨૫ સફર**

**તંત્રી લેખ**

મુજદ્દિદે આ'ઝમ ઈમામુલ અરબો અજમ સૈયદના ઈમામ અહમદ રઝાખાં કાદરી બરકાતી ફાઝિલે બરેલ્વી قدس سرہનો જન્મ મુબારક સોમવાર ૧૦ શવ્વાલ હિ.સ. ૧૨૭૨માં થયો અને જુમ્આ ૨૫ સફર હિ.સ. ૧૩૪૦માં ઈન્તેકાલ ફર્માવ્યો. આ પ્રમાણે ૧૩મી સદીમાં ૨૮ વરસ બે મહીના ૨૦ દિવસ, ચૌદમી સદીમાં ૩૯ વરસ એક મહીનો ૨૫ દિવસ આપે આપની જિંદગીની ઘડીઓ ગુજારી. એ રીતે તેરમી સદીનો આખરી અને ચૌદમી સદીનો પ્રારંભિક જમાનો આપે પામ્યો.

આઠ વરસની ઉમર શરીફમાં આપે વારસાને લગતો એક સહીહ મસ્અલો લખ્યો. દસ વરસની ઉમરમાં હિદાયતુન્નહ્વની અરબીમાં શરહ લખી. શાબાન હિ.સ. ૧૨૮૨માં એ સમયના દીની નિસાબમાં રિવાજ મુજબ સર્વ દર્સી ઈલ્મોથી ફરાગત બાદ તેર વરસ દસ મહીના ચાર દિવસની ઉમરમાં વાલિદે માજિદ રઈસુલ મુહક્કિકીન અલ્લામા અશ્શાહ મુફતી નકી અલીખાં કાદરી બરકાતી قدس سرہએ ઈફતા (ફત્વા લેખન)નો મન્સબ (સ્થાન) અતા કર્યો. એ જ દિવસોમાં આપની પાસે રામપુરથી એક એવો ફત્વો પહોંચ્યો જેના પર રામપુરના ઉલમાની સહીઓ હતી. આ'લા હઝરત قدس سرہએ એનાથી મતભેદ કર્યો અને પોતાનો દલીલસભર જવાબ લખ્યો. આ'લા હઝરતના ફત્વા મુબારકને જોઈને રામપુરના ઉલમા દંગ રહી ગયા અને તેમણે પોતાના ફત્વાથી રુજૂઅ કર્યું.

૧૩મી સદીના અંત સુધીમાં "અસ્સઈયુલ મશ્કૂરદૂ અન્નિહાયા" એતેકાદુલ અહબાબ, કિતાબ અકાઈદ તથા કલામમાં, અન્ફસુલ ફિક્ર હનૂદની રદમાં, "મત્લઉલ કમરૈન" જાડી પુસ્તિકા રાફઝીઓની રદમાં, "ઈકામતુલ કયામહ" વહાબીઓની રદમાં, ખૂબ જ મહત્વની તથા મુહક્કિકાના (તેહકીકપૂર્ણ) કિતાબો લખી. અને કેવળ ૧૩ વરસ ચાર મહીના સોળ દિવસમાં હજારો સવાલોના જવાબો લખ્યા. હિ.સ. ૧૨૯૫માં જ્યારે આપની ઉમ્ર પાકનું તેવીસમુ વરસ હતું ત્યારે હજ તથા ઝિયારતનો શરફ હાંસલ થયો તો ત્યાં શયખ હુસૈન બિન સાલેહના નિર્દેશ પર તેમની કિતાબ "અલજૌહતુલ મુઝૈઅહ"ની શરહ "અન્નૈયરતુલ વદિયહ" કેવળ બે દિવસમાં લખી. જેને પઢીને હિજાઝના ઉલમા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા અને આપની મહાન તેહકીકાત અને બારીક દષ્ટિથી કરવામાં આવેલ ઉમદા તેહકીકો તથા ઉમદા શરહો અને પુખ્તા ખુલાસાઓનો સ્વીકાર કર્યો. આ મોકા પર હઝરત શયખ અબ્દુર્રહમાન સિરાજ મુફતીયે હનફિયા અને હઝરત સૈયદ અહમદ ઝયની દહલાન મુફતીયે શાફઈય્યા તથા અન્ય મહાન પેશવાઓ તથા શયખોએ તફસીર તથા હદીષ તથા ફિકહ તથા ઉસૂલે ફિકહ વગેરેની સનદો અતા કરી. શયખ હુસૈન બિન સાલેહ "અલ જૌરતુલ મદીહા"ના

લેખક એક દિવસ આપને હરમ શરીફથી પોતાના ઘરે લઈ ગયા અને આપની પેશાની પકડીને એકદમ પોકારી ઉઠયા : اِنِّی لَأَرٰی نورَ اللّٰہِ فِی ھٰذا الجبین "હું આ પેશાનીમાં અલ્લાહના નૂરને જોઈ રહ્યો છું."

આ સર્વથી જાહેર થઈ ગયું કે તેરમી સદીના અંત સુધીમાં આપના ઈલ્મો ફઝ્‌લનો ડંકો હિંદની ભૂમીથી લઈને હિજાઝની ભૂમી સુધી પહોંચી ચૂક્યો હતો. આમ લોકો તો આમ લોકો મશહૂર ઉલમાએ કિરામ મહત્વના મામલાઓ અને મઝહબી મસાઈલમાં આપના પ્રતિ રુજૂઅ કરવા લાગ્યા હતા અને આપ પૂરી દુનિયાના ઉલમાના મરજઅ (શરણ સ્થાન) બની ચૂક્યા હતા, જેના નઝારા ફતાવા રઝવિય્યહ શરીફમાં ખૂબ જ અધિક પ્રમાણમાં જોવા મળે છે. આ'લા હઝરતની કિતાબો જે પણ અભ્યાસ કરશે તેના પર જાહેર થઈ જશે કે આપ સર્વ ઈલ્મો વિદ્યા કલાઓમાં ચાહે તે દીની હોય કે દુનિયવી સૌમાં સંપૂર્ણ મહારત ધરાવતા હતા અને સૌના જાણકાર હતા. એ જ કારણે જૂના અંદાઝા પ્રમાણે આપની ૫૧–૫૨ ઈલ્મો કલાઓમાં અને આધુનિક તેહકીકના મુજબ બસોથી વધુ ઈલ્મો વિદ્યાઓમાં લગભગ એક હજાર કિતાબો મૌજૂદ છે અને દરેક કિતાબ પોતાની જગાએ અજોડ તથા લાજવાબ છે. અને સર્વ કિતાબો એક બાજુ રાખો કેવળ "ફતાવા રઝવિય્યહ"ને જ લો તેની જહાઝી (મોટી ફુલ) સાઈઝ પર ૧૨ જિલ્દો છે અને તખરીજ બાદ તેની કુલ લગભગ ૩૨ જિલ્દો છે !

કહેવા માટે તો એ કેવળ ફતાવાનો સંગ્રહ છે. પણ હકીકતમાં ઈલ્મે કુર્આન, તફસીર, ઉસૂલે તફસીર, હદીષ, ઉસૂલે હદીષ, અસ્માએ રિજાલ, લુગત, ઈલ્મે બયાન, મઆની, બદીઅ, ફિક્હ, ઉસૂલે ફિક્હ, રસ્મુલ મુફતા, સર્ફ, નહ્વ, ઈલ્મે કલામ, સિયરે તારીખ, તસવ્વુફ, હિસાબ, હયઅત, ઈલ્મે તૌકીત, જોગરાફિયા, હયઅતે કદીમ, હયઅતે જદીદ, અખ્લાક, તજવીદ, કિરાઅત, ઈલ્મે ફરાઈઝ વગેરે ઈલ્મોનો મોજાં મારતો સમુદ્ર છે. જેનો જીવ ચાહે અભ્યાસ કરીને ઈત્મિનાન હાંસલ કરી લે. વળી આવી બારીક બહષો અને બુધ્ધિને હેરાન કરનાર પોઈંટસ્ ખડા કરવા એવી તેહકીકાત તથા છાનબીન, મસાઈલ કાઢવાનો અનોખો અંદાઝ કે આલમના મહાન મહાન ઉલમા આશ્ચર્યમાં ગરકાવ છે. સેંકડો મસાઈલમાં આપ رحمۃ اللہ علیہએ પોતાના ઈમામ સિરાજુલ અઈમ્મા કાશિફુલગમ્મા સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફાના મુકલ્લિદ રહીને ઈજતેહાદ પણ કર્યો છે, જેના નઝારાઓથી ફતાવા રઝવિય્યહ શરીફ ભરચક છે.

અમુક એવા ઈલ્મો છે કે ઉલમા જાણતા પણ નથી આ'લા હઝરત તેના પણ એકલા માહિર છે. દા.ત. અરષમા તબકા જબર, મુકાબિલ, હિસાબ બીની, લોગારિઝમ, તૌકીત તથા મુનાઝિરા, ઝીજાત, મષ્લષકર્દી, હયઅત જદીદા, ઝાયરજા, બલ્કે એમનામાં જફર અને માયરજા એ ઈલ્મો છે જે લગભગ દુર્લભ થઈ ચૂક્યા હતા એ સૌથી આ'લા હઝરતે કિતાબો લખી છે. આશ્ચર્યની વાત છે કે અમુક લોકોએ આટલા મોટા ઈમામના બારામાં એ આક્ષેપ લગાડયો કે આપ લેખક ન હતા, વલ્અયાઝુબિલ્લાહિ તઆલા ! નવા નવા કાયદા ઘડયા જેના કારણે અબુલ હસન અલી મિયાં નદવી નાઝિમે નદવતુલ ઉલમા લખનૌના પિતા હકીમ અબ્દુલ હયએ નુઝહતુલ ખવાતિરમાં આ'લા હઝરતને માટે લખ્યું, "પોતાના સમકાલિનો પર અગ્રતા લઈ ગયા."

અહીં એક દિલચસ્પ વાત સ્પષ્ટ થાય કે એ હકીમ સાહબને મઝહબી મતભેદના કારણે આ'લા હઝરતથી એક કદુરત (દિલમાં મેલ) હતો પણ તેમણે પણ હકીકતનો સ્વીકાર કરવો પડયો. સ્પષ્ટ થાય કે આ'લા

હઝરતના સમકાલિનોમાં મૌલાના અબ્દુલહય (મૃત્યુ : હિ.સ. ૧૩૦૪), મોલ્વી કાસિમ નાનોત્વી દેવબંદિયતના બાની (મૃત્યુ : હિ.સ. ૧૨૯૭), મોલ્વી રશીદ અહમદ ગંગોહી બાની દેવબંદિયત (મૃત્યુ : હિ.સ. ૧૩૩૨), મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી (મૃત્યુ : હિ.સ. ૧૩૪૭) વગેરે સૌમાં હકીમ અબ્દુલ હયના સ્વીકારના પ્રમાણે આ'લા હઝરત એ સૌના પર ગાલિબ હતા. એ સૌનો સાર નીકળ્યો કે, આ'લા હઝરત સર્વ ઈલ્મો વિદ્યાકલાઓમાં સમયના અજોડ માહિર તથા અગ્રતાવાળા હતા, ચાહે તે દીની ઈલ્મો હોય કે દુનિયવી. જે મસાઈલમાં મહાન ઉલમા આજિઝ તથા પરેશાન રહી જતા આ'લા હઝરત તેને પોતાના ઈજતેહાદથી એક પળમાં હલ કરી આપતા.

એક સાહબ મુફતી સિરાજુદ્દીન લાહોરના રહેવાસી હતા. શરૂમાં તેઓ વહાબિયત તરફ વળેલા હતા. એ ફરાઈઝના બારામાં ઉલઝનમાં પડયા. જ્યારે ખુદ હલ ન કરી શક્યા તો મોટા મોટા દેવબંદી મોલ્વીઓને સવાલ મોકલ્યો પણ કોઈનાથી જવાબ ન બની શક્યો. કોઈના નિર્દેશ પર બારગાહે આ'લા હઝરતમાં સવાલ મોકલ્યો. આ'લા હઝરતે તેનો તરત જ દલીબધ્ધ, તેહકીકપૂર્ણ તથા વિસ્તારપૂર્વક જવાબ લખી આપ્યો. જેને જોયા પછી મુફતી સિરાજ અહમદ આ'લા હઝરત رحمۃ اللہ علیہના બંદાએ બેદામ બની ગયા અને વહાબિયતથી તૌબા કરીને સુન્ની સહીહુલ અકીદા બની ગયા.

બીજીવાર જ્યારે હિ.સ. ૧૩૨૩માં હુઝૂર પુરનૂર આ'લા હઝરત رضی اللہ عنہ કોઈ પૂર્વ ઈરાદા વગર કેવળ અંદરૂની આકર્ષણ પર હરમૈન તૈયેબેન હાજર થયા તો હજની ફરાગત બાદ એ ખબર મળી કે શયખુલ ખુતબા અલ્લામા સાલેહ કમાલ (વફાત : હિ.સ. ૧૩૩૨) માજી મુફતી હનફિયાના ત્યાં ઈલ્મે ગયબના બારામાં કેટલાક સવાલો વહાબીઓએ પેશ કર્યા છે. (એ વરસે મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી પણ મક્કા મોઅઝ્ઝમામાં મૌજૂદ હતા.) આ'લા હઝરત તેમની (સાલેહ કમાલ) પાસે તશરીફ લઈ ગયા. સલામ તથા મુસાફા પછી ઈલ્મે ગયબના મસ્અલા પર તકરીર શરૂ કરી. બે કલાક સુધી તેને આયતો તથા હદીષો તથા ઈમામોના અકવાલ (કથનો)થી સાબિત કર્યું અને વિરોધીઓ જે શંકાઓ પેશ કર્યા કરતા હતા તેમનો રદ કર્યો. એ બે કલાક સુધી હઝરત મૌસૂફ (સાલેહ કમાલ) એકચિત્તે સાંભળતા રહ્યા. જ્યારે આ'લા હઝરતે તકરીર ખત્મ કરી તો ઉઠયા, નજીકના કબાટમાંથી એક કાગળ કાઢયો જેના પર મૌલાના સલામતુલ્લાહ સાહબ રામપૂરીની કિતાબ ''અઅ્લામુલ અઝકિયા''ના આ કૌલ (કથન)ના સંબંધે કે હુઝૂરે અકદસ ﷺને هو الاول والآخر والظاهر والباطن وهو بكال شئ عليم લખ્યું છે, અમુક સવાલો હતા અને જવાબની ચાર લીટીઓ અપૂર્ણ હતી તે આ'લા હઝરતને બતાવી પછી તેને ફાડી નાખ્યુ. પછી હઝરત મૌલાના સાલેહ કમાલે આ'લા હઝરતની ખિદમતમાં એ સવાલોને પેશ કર્યા. આ'લા હઝરત رضی اللہ عنہએ આઠ કલાકના સમયમાં ત્રણ બેઠકોમાં તાવની હાલતમાં તે સવાલોના જવાબમાં પોતાની પ્રખ્યાત કિતાબ 'અદવલતુલ મક્કિયા'' અરબી ભાષામાં લખી, અને જે કાંઈ લખ્યું મૌખિક યાદ શક્તિ વડે કિતાબો સામે રાખ્યા વિના લખ્યું.

હવે કોઈ વ્યક્તિ પણ તે કિતાબનો અભ્યાસ કરે તો તેને માલૂમ થઈ જશે કે આ'લા હઝરત رضی اللہ عنہ ઈલ્મના કેવા કિનારા વિનાના સમુદ્ર હતા ?! આ કિતાબ પર હરમૈન તૈયેબૈન, મિસર, શામ (સીરિયા), લેબનાન, ઈન્ડોનેશિયાના અગ્રેસર સરદાર લોકોની મહાન તકરીઝાત (પ્રશંસાના પુષ્પો વેરતાં લખાણો) છપાયેલ છે.

આ મોકા પર હઝરત મૌલાના અબ્દુલ્લાહ મિરદાદ અને મૌલાના હામિદ અહમદ મુહમ્મદ જિદ્દાવીએ કરન્સી નોટના બારામાં બાર પ્રશ્નો આ'લા હઝરતની સમક્ષ રજૂ કર્યા. નોટના બારામાં આથી પહેલાં આ'લા હઝરત رضی اللہ عنہના ઉસ્તાઝુલ ઉસ્તાઝ હઝરત મૌલાના જમાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર મક્કી મુફતીયે હનફિયાથી પણ સવાલ થયો હતો. જેના જવાબમાં તેમણે એ લખ્યું હતું કે, "ઈલ્મ ઉલમાની ગરદનમાં અમાનત છે, મને આ જુઝઈય્યાની કોઈ ખબર નથી પડતી કે કાંઈક હુકમ આપું." પણ આ'લા હઝરત رضی اللہ عنہએ ત્યાં જ એના જવાબમાં પોતાની મશહૂર કિતાબ "કિફ્લુલ ફકીહુલ ફાહિમ" લખી. આ કિતાબમાં પણ ઈજતેહાદની અનોખી શાન જોવા મળે છે જેના અભ્યાસ બાદ હરમૈન તૈયેબૈનના ઉલમાના દિલોમાં આ'લા હઝરત رضی اللہ عنہની ઈલ્મી મહાનતાનો સિક્કો બેસી ગયો.

આ જ કારણે હઝરત મૌલાના સૈયદ ઈસ્માઈલ બિન ખલીલ عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ એ આ'લા હઝરત رضی اللہ عنہના બારામાં ફર્માવ્યું, આ કલમથી નીકળનારાં લખાણોને જો ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ જોઈ લેત તો તેમની આંખો ઠંડી થઈ જાત અને તેને લખનારાને જરૂર પોતાના શાગિર્દોના વર્તુળમાં દાખલ કરી લેત. મક્કાના હરમના ઉલમાનો આ ઈર્શાદ શું એની દલીલ નથી કે આ'લા હઝરત رضی اللہ عنہ ઈજતેહાદના સ્થાન પર બિરાજમાન હતા. આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના સમયના તમામ ઉલમાથી ઈલ્મો ફઝલમાં અગ્રેસર હતા, એટલુ જ નહીં બલ્કે ઘણાય મહાન ઉલમાથી વધીને છે.

જેમ કે એકવાર ખલીફએ આ'લા હઝરત હુઝૂર સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અશ્શાહ મુફતી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે ઈમામ ઈબ્ને હુમામ ફત્હુલ કદીરના લેખકના પછી આ'લા હઝરત જેવો કોઈ આલિમ પેદા નથી થયો. એ જ કારણે બંને હરમ શરીફના મહાન ઉલમાએ આપનાથી શાગિર્દીનો શરફ હાંસલ કર્યો, આપની કુર્આન, હદીષ, ફિકહના સિલસિલાની, અવલિયા અલ્લાહના સિલસિલાની ઈજાઝતો લીધી. આ સર્વ વિગતોથી એ વાત સાબિત થઈ ગઈ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ઉલમાએ હિલો હરમ, અરબો અજમ (જગતભરના ઉલમા)નું ઉચ્ચ શરણ સ્થાન હતા.

*(કિતાબ ઈમામ અહમદ રઝા બહેષિયતે મુજતહિદની પ્રસ્તાવનાના આધારે)*

❑ ❑ ❑

www.barkatekhwaja.net



**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૫૦/-** (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ, ગુજરાત,

**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન


:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


**આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.**

وَ لَمَّا رَجَعَ مُوْسٰۤى اِلٰى قَوْمِهٖ غَضْبَانَ اَسِفًاۙ قَالَ بِئْسَمَا خَلَفْتُمُوْنِیْ مِنْۢ بَعْدِیْۚ اَعَجِلْتُمْ اَمْرَ رَبِّكُمْۚ وَ اَلْقَى الْاَلْوَاحَ وَ اَخَذَ بِرَاْسِ اَخِیْهِ یَجُرُّهٗۤ اِلَیْهِؕ قَالَ ابْنَ اُمَّ اِنَّ الْقَوْمَ اسْتَضْعَفُوْنِیْ وَ كَادُوْا یَقْتُلُوْنَنِیْ ﳲ فَلَا تُشْمِتْ بِیَ الْاَعْدَآءَ وَ لَا تَجْعَلْنِیْ مَعَ الْقَوْمِ الظّٰلِمِیْنَ﴿۱۵۰﴾ قَالَ رَبِّ اغْفِرْ لِیْ وَ لِاَخِیْ وَ اَدْخِلْنَا فِیْ رَحْمَتِكَ ﳲ وَ اَنْتَ اَرْحَمُ الرّٰحِمِیْنَ﴿۱۵۱﴾ اِنَّ الَّذِیْنَ اتَّخَذُوا الْعِجْلَ سَیَنَالُهُمْ غَضَبٌ مِّنْ رَّبِّهِمْ وَ ذِلَّةٌ فِی الْحَیٰوةِ الدُّنْیَاؕ وَ كَذٰلِكَ نَجْزِی الْمُفْتَرِیْنَ﴿۱۵۲﴾ وَ الَّذِیْنَ عَمِلُوا السَّیِّاٰتِ ثُمَّ تَابُوْا مِنْۢ بَعْدِهَا وَ اٰمَنُوْۤا٘ اِنَّ رَبَّكَ مِنْۢ بَعْدِهَا لَغَفُوْرٌ رَّحِیْمٌ﴿۱۵۳﴾ وَ لَمَّا سَكَتَ عَنْ مُّوْسَى الْغَضَبُ اَخَذَ الْاَلْوَاحَ ۚۖ وَ فِیْ نُسْخَتِهَا هُدًى وَّ رَحْمَةٌ لِّلَّذِیْنَ هُمْ لِرَبِّهِمْ یَرْهَبُوْنَ﴿۱۵۴﴾ وَ اخْتَارَ مُوْسٰى قَوْمَهٗ سَبْعِیْنَ رَجُلًا لِّمِیْقَاتِنَاۚ فَلَمَّاۤ اَخَذَتْهُمُ الرَّجْفَةُ قَالَ رَبِّ لَوْ شِئْتَ اَهْلَكْتَهُمْ مِّنْ قَبْلُ وَ اِیَّایَؕ اَتُهْلِكُنَا بِمَا فَعَلَ السُّفَهَآءُ مِنَّاۚ اِنْ هِیَ اِلَّا فِتْنَتُكَؕ تُضِلُّ بِهَا مَنْ تَشَآءُ وَ تَهْدِیْ مَنْ تَشَآءُؕ اَنْتَ وَلِیُّنَا فَاغْفِرْ لَنَا وَ ارْحَمْنَا وَ اَنْتَ خَیْرُ الْغٰفِرِیْنَ﴿۱۵۵﴾ وَ اكْتُبْ لَنَا فِیْ هٰذِهِ الدُّنْیَا حَسَنَةً وَّ فِی الْاٰخِرَةِ اِنَّا هُدْنَاۤ اِلَیْكَؕ قَالَ عَذَابِیْۤ اُصِیْبُ بِهٖ مَنْ اَشَآءُۚ وَ رَحْمَتِیْ وَسِعَتْ كُلَّ شَیْءٍؕ فَسَاَكْتُبُهَا لِلَّذِیْنَ یَتَّقُوْنَ وَ یُؤْتُوْنَ الزَّكٰوةَ وَ الَّذِیْنَ هُمْ بِاٰیٰتِنَا یُؤْمِنُوْنَۚ﴿۱۵۶﴾

## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

અને જ્યારે મૂસા[૧૧૦] પોતાની કોમ તરફ પલ્ટયો. ક્રોધથી ભરાયેલ છંછેડાએલ.[૧૧૧] કહ્યું, ''તમે મારી પાછળ મારું પ્રતિનિધિત્વ કેટલી ખરાબ રીતે કર્યું.[૧૧૨] શું તમે ઉતાવળ કરી પોતાના રબના હુકમ કરતાં.[૧૧૩] અને તખ્તીઓ નાખી દીધી.[૧૧૪] અને પોતાના ભાઈના માથાના વાળ પકડીને પોતાની તરફ ખેંચવા લાગ્યા.[૧૧૫] (ભાઈએ) કહ્યું, ''હે મારા માં જણ્યા ![૧૧૬] કૌમે મને અશક્ત ગણ્યો, અને લગભગ હતું કે મને મારી નાખે, તું દુશ્મનને મારા પર હસાવ નહીં.[૧૧૭] અને મને જાલિમોમાં ન ભેળવ[૧૧૮] (૧૫૦) (મૂસાએ) વિનંતી કરી, ''હે રબ ! મને અને મારા ભાઈને માફ કરી દે[૧૧૯] અને અમને તારી રહમતમાં લઈ લે. અને તું બધા મહેરબાનોથી વધીને મહેરબાન (છે) (૧૫૧) બેશક ! તે જેઓ વાછરડુ લઈ બેઠા નજીકમાં જ તેમને તેમના રબનો ગઝબ અને ઝિલ્લત પહોંચવાનાં છે દુનિયાના જીવનમાં. અને અમે ઠોકી બેસાડનારાઓને એવો જ બદલો આપીએ છીએ (૧૫૨) અને જેમણે બુરાઈઓ કરી અને ત્યાર પછી તવબહ કરી અને ઈમાન લાવ્યા તો એ પછી તમારો રબ માફ કરનાર મહેરબાન છે.[૧૨૦]

*(૧૫૩) અને જ્યારે મૂસાનો ક્રોધ સમ્યો (ત્યારે તવરાતની) તખ્તીઓ ઉઠાવી, અને તેના લખાણમાં હિદાયત અને રહમત છે, તેમના માટે જેઓ પોતાના રબથી ડરે છે (૧૫૪) અને મૂસાએ પોતાની કૌમમાંથી સત્તર પુરૂષો અમારા વાયદા માટે ચૂંટયા,[૧૨૧] પછી જ્યારે તેમને ધરતીકંપે પકડયા[૧૨૨] (ત્યારે) મૂસાએ વિનવણી કરી, હે મારા રબ ! તું ઈચ્છત તો પહેલાં જ એમને અને મને હલાક કરી દેત.[૧૨૩] શું તુ અમારો એ કામ બદલ નાશ કરીશ જે અમારા બુદ્ધિહિનોએ કર્યું?[૧૨૪] તે તો માત્ર તારા તરફથી આજમાઈશ હતી. તું તેનાથી જેને ઈચ્છે તેને ભટકાવે અને જેને ઈચ્છે તેને માર્ગ દેખાડે. તું અમારો વાલી છે. તું અમને માફ કર અને અમારા પર મહેરબાની કર. અને તું સહુથી ઉત્તમ માફ કરનાર છે (૧૫૫) અને અમારા માટે આ દુનિયામાં ભલાઈ લખ[૧૨૫] અને આખિરતમાં (પણ). બેશક ! અમે તારા પ્રતિ કેન્દ્રિત થયા. ફર્માવ્યું,[૧૨૬] મારો અઝાબ હું જેને ઈચ્છુ તેને આપું,[૧૨૭] અને મારી રહમત દરેક વસ્તુને ઘેરી વળેલ છે.[૧૨૮] તો નજીકમાં જ હું[૧૨૯] નેઅમતો તેમના માટે લખી દઈશ જેઓ ડરે છે અને ઝકાત આપે છે અને તેઓ અમારી આયતો પર ઈમાન લાવે છે. (૧૫૬)*

## :: સમજૂતી ::

**૧૧૦ :** તૂર પરથી પોતાના રબ સાથેની વાતચીતથી પાવન થઈને, **૧૧૧ :** એટલા માટે કે અલ્લાહ તઆલાએ તેમને ખબર આપી દીધી હતી કે સામરીએ તમારી કૌમને ભટકાવી દીધી છે. **૧૧૨ :** કે લોકોને વાછરડુ પૂજવાથી રોક્યા નહીં. **૧૧૩ :** અને હું તવરાત લઈને આવું તેની રાહ ન જોઈ.

**૧૧૪ :** તવરાતની, હઝરત મૂસા علیہ السلام. **૧૧૫ :** કારણ કે પોતાની કૌમનું આવા અતિ ખરાબ ગુનાહમાં સપડાવું હઝરત મૂસા علیہ السلام ને ખૂબ જ માઠુ લાગ્યું. ત્યારે હઝરત હારૂન علیہ السلام એ હઝરત મૂસા علیہ السلام ને. **૧૧૬ :** મેં કોમને વાળવામાં અને વાએઝ કરવામાં ઓછાપણુ રાખ્યું નથી, પરંતુ. **૧૧૭ :** અને મારી સાથે એવો વર્તાવ ન કરો જેથી તેઓ ખુશ થાય. **૧૧૮ :** હઝરત મૂસા علیہ السلام એ પોતાના ભાઈએ જણાવેલું કારણ માન્ય રાખીને અલ્લાહની બારગાહમાં. **૧૧૯ :** જો અમારામાં કોઈનાથી ઓછુવત્તુ થઈ ગયું હોય, આ દુઆ તેમણે ભાઈને ખુશ કરવા અને શત્રુઓની જીભડી બંધ કરવા કરી. **૧૨૦ :** આ આયતથી સાબિત થયું કે ગુનાહ સગીરા હોય કે કબીરા જ્યારે બંદો એનાથી તવબહ કરે છે ત્યારે અલ્લાહ તઆલા પોતાની કૃપા અને મહેરબાનીથી તે બધા માફ કરી આપે છે. **૧૨૧ :** કે તેઓ હઝરત મૂસા علیہ السلام સાથે અલ્લાહના દરબારમાં હાજર થઈને કૌમે જે વાછરડુ પૂજ્યુ હતું તેની માફી માગે, જેમ કે હઝરત મૂસા علیہ السلام તેમને લઈને હાજર થયા. **૧૨૨ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કહે છે કે તેમનું ધરતીકંપમાં ફસાવાનું કારણ એ હતું કે જ્યારે કૌમે વાછરડું ધારણ કર્યું ત્યારે તેઓ તેમનાથી અલગ થઈ ગયા નહીં. *(ખાઝિન)* **૧૨૩ :** અર્થાત વાયદાની જગ્યાએ હાજર થતા પહેલાં જેથી બની ઈસ્રાઈલ એ બધાનો નાશ થતો પોતાની આંખોએ જોઈ લેત અને મારા પર ખૂન કરવાનો આક્ષેપ મૂકવાની તક તેમને મળત નહીં. **૧૨૪ :** અર્થાત અમારો નાશ ન કર અને અમારા પર મહેરબાની અને કૃપા કર. **૧૨૫ :** અને અમને આજ્ઞાપાલનની તૌફીક આપ. **૧૨૬ :** અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلام ને. **૧૨૭ :** મને અધિકાર છે, બધા મારી માલિકીના બંદા છે. કોઈને વાંધો ઉઠાવવાની મજાલ નથી. **૧૨૮ :** દુનિયામાં નેક અને બદ બધાને મળે છે. **૧૨૯ :** આખેરતની. *–(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

### (વિભાગ : ૩) الفصل الثالث

*"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ સૂરએ વન્નજ્મ પઢી તો એમાં આપે પણ સજદો કર્યો અને તેમણે પણ જે આપની સાથે હતા[૧]. એક કુરૈશી વૃદ્ધના સિવાય જેણે એક મુટ્ઠી કાંકરીઓ અથવા માટી ઉઠાવી પોતાની પેશાનીથી લગાડી લીધી, અને બોલ્યો મને આટલુ જ પૂરતુ છે[૨]. અબ્દુલ્લાહ ફર્માવે છે મેં બાદમાં તેને જોયો કે કાફિર માર્યો ગયો[૩]. (મુસ્લિમ, બુખારી) અને બુખારીએ પોતાની રિવાયતમાં ઉમેરો કર્યો તે ઉમૈયા ઈબ્ને ખલફ હતો[૪]."*

**૧.** એટલે કે મો'મિનો, મુશ્રિકો, ઈન્સાન, જિન જે પણ ત્યાં હાજર હતા સૌ સજદામાં પડી ગયા. એનું કારણ અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે સૂરએ વન્નજ્મમાં અહીં લાત તથા ઉઝ્ઝાનો પણ ઉલ્લેખ છે. એટલા માટે મુશ્રિકોએ તેમની તા'ઝીમ કરતાં સજદો કર્યો અથવા તે વખતે હુઝૂર ﷺ ની તિલાવતમાં એવી હયબત (પ્રભાવ) હતી કે મુશ્રિક પણ આપોઆપ સિજદામાં પડી ગયા. અથવા એ વખતે શૈતાને મૂર્તિઓની તારીફ કરી. મુસલમાન તો હુઝૂર ﷺ ના અવાજ પર સજદામાં પડયા અને કાફિરો શૈતાનના અવાજ પર. આ તદ્દન બાતિલ છે કે હુઝૂર ﷺ ની ઝબાન પર બેઈખ્તિયાર એ વખતે મૂર્તિઓનો અવાજ આવી ગયો. નઊઝુબિલ્લાહ ! ઈમામ અસ્કલાનીએ શરહે બુખારીમાં શૈતાનવાળા કિસ્સાને સાબિત કર્યો છે. રબ તઆલાએ ફર્માવ્યું : اَلْقَی الشَّیْطٰنُ فِیْۤ اُمْنِیَّتِہٖ "જ્યારે તેમણે પઢયું તો શૈતાને તેમના પઢવામાં લોકો પર કાંઈક પોતાના તરફથી મિલાવી દીધું." *(૨૨/૫૨, કન્ઝુલ ઈમાન)* **૩.** એટલે કે જે મુશ્રિકોએ આજે સજદો કર્યો હતો તે સૌ બાદમાં ઈસ્લામ લઈ આવ્યા. જેણે સજદો ન કર્યો તે કાફિર જ માર્યો ગયો. **૪.** જે બદરમાં મુસલમાનોના હાથે બુરી રીતે માર્યો ગયો જેવી રીતે હઝરત બિલાલ رضی اللہ عنہ ને બરછીઓ તથા ભાલાઓથી છેદ આપ્યા કરતો હતો, એ જ રીતે બદરમાં સ્થિતિ એ બની કે તેને છેદી છેદીને જ મારવો પડયો, કેમ કે એક સહાબી رضی اللہ عنہ એ વચનપાલન માટે તેને બચાવવાને માટે પોતાને તેના ઉપર નાખી દીધા હતા અને તેનો ભાઈ **ઉબય ઈબ્ને ખલફ જંગે ઓહદમાં હુઝૂરે પાક ﷺ ના હાથે માર્યો ગયો. હુઝૂર ﷺ એ પોતાના હાથથી કેવળ તેને જ કત્લ કર્યો છે.**

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ સૂરએ સાદ (ص) માં સજદો કર્યો અને ફર્માવ્યું કે હઝરત દાઊદે તોબાના રૂપે સજદો કર્યો હતો અને અમે શુક્રાના તૌર પર આ સજદો કરીએ છીએ[૧]. (નિસાઈ)*

**૧.** એનો શુક્રિયા કે રબે એમની તૌબા કબૂલ ફર્માવી, જેવી રીતે ઈદુલ અદ્હાની હઝરત ઈબ્રાહીમની કુર્બાની કબૂલ થવાના શુક્રમાં પઢવામાં આવે છે. એનાથી જાણવા મળ્યું કે મહત્વના બનાવોની યાદગારો મનાવવી અને એના પર ઈબાદતો કરવી સુન્નતથી સાબિત છે. જેથી મીલાદ શરીફ, ગ્યારવીં શરીફ, બુઝુર્ગાને દીનના ઉર્સ મનાવવા અને એ મોકાઓ પર નફ્લો, સદકાઓ વગેરે ઈબાદતો નાજાઈઝ નથી શકતી. –*(બયાન સંપૂર્ણ)*

## શરહે હદાઈકે બખ્શિશ ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**યહ શમ્સો ક઼મર યહ સામો સહર યહ બર્ગો શજર યહ બાગો ષમર**
**યહ તેગો સિપર યહ તાજો ક઼મર, યહ હુકમે રવાં તુમ્હારે લિયે**

*(શમ્સો કમર = સૂર્ય ચંદ્ર. શામો સહર = સવાર સાંજ, બર્ગો શજર = પાંદડાં તથા ઝાડ,*
*ષમર = ફળ, તેગો સિપર = તલવાર તથા ઢાલ, કમર = પીઠ)*

**અર્થાત :** હા ! હા ! અને સાંભળો ! આ ચાંદનું ચમકવું સૂરજનું દમકવું, આ રાતનો અંધકાર અને દિવસનો ઉજાસ, ઝાડોનાં પાંદડાં અને ખુદ ઝાડો, બાગો અને તેનાં ફળો, આ તલ્વારો તથા ઢાલો, આ તખ્તો તાજ અને આલમની પીઠ પર ખિદમતની પેટીનું બંધાયેલ હોવું, સારાંશ કે સર્વ જહાનમાં હુકમનું લાગુ થવું એ કોના માટે છે ? કહો ! યા રસૂલલ્લાહ ! ﷺ આપના જ માટે છે, કેમ કે સર્વના સર્જનનો સબબ આપ જ છો.

*મિટ્ટી ભી ન આદમકી અભી ગોંદી ગઈ થી – ઉસ વક઼ત ભી નૂર ઉનકા દો આલમકી ઝિયા થા*

**યહ ફૈઝ દીએ વો જૂદ કિએ કે નામ લીયે ઝમાના જીયે**
**જહાંને લીયે તુમ્હારે દીએ યહ અકરમિયાં તુમ્હારે લિયે**

*(ફૈઝ = ફાયદો, જૂદ = સખાવત, અકરમિયાં = અતાઓ, બુઝુર્ગીઓ, બંદાનવાઝીઓ)*

**અર્થાત :** આ તરફ જમીનવાળાઓને પોતાના નૂરનો ફયઝ અતા કરી રહ્યા છે અને પેલી બાજુ (મેઅરાજની રાતે) આસ્માનવાળાઓની સામે પોતાની રહમતના ખજાના લૂટાવી રહ્યા છે. તેમનું નામ લઈને જમાનો જીવી રહ્યો છે. જેને જે મળ્યું છે આપ ﷺનો સદક઼ો જ મળ્યો છે. انما انا قاسم اللہ یعطی આ સર્વ અતાઓ કોની છે ? અલ્લાહના મહબૂબની છે બીજા કોની છે !

**સહાબે કરમ રવાના કીયે કે આબે નેઅમ ઝમાના પીએ**
**જો રખતે હમ વો ચાક સીએ, યહ સતરે બંદા તુમ્હારે લિયે**

*(સહાબ = વાદળ, આબ = પાણી, નેઅમ = નેઅમતો, ચાક = છેદ, કાણુ, ઘા. સતર = પર્દો, બદાં = બુરા)*

**અર્થાત :** આપણા આક઼ા ﷺએ પોતાના ફઝ્લો કરમના એવાં વાદળ રવાના કર્યા કે આજ સુધી અને ક઼યામત સુધી જમાનો હુઝૂર ﷺના સદક઼ામાં અલ્લાહ તઆલાની નેઅમતોના પાણીથી ફયઝયાબ થતો રહેશે. આપે અમારા ઝખ્મી દિલો પર પોતાની મહોબ્બતનુ મલમ રાખીને અમારા ઘા સીવી દીધા અને અમ ગુનેહગારોના અયબોને પોતાની રહમતના દામન વડે ઢાંકી દીધા. તો બતાવો આ શાન કોના માટે છે ?! કેવળ આપણા આક઼ા ﷺના માટે છે.

**ષનાકા નિશાં વો નૂરે ફશાં કે મહરો શાં બઆં હમા શાં**
**બસા યહ કશાં મવાકિબે શાં યહ નામો નિશાં તુમ્હારે લિયે**

*(ષના = પ્રશંસા, તારીફ, નૂરે ફશાં = નૂરની વર્ષા. મહરો શાં = તેમની મહોબ્બત. બઆં હમાશાં = આ સર્વ શાનો છતાં, બસા યહ કશાં =ગરમી તથા તડકાથી બચાવના માટે સાયો કરવો. મવાકિબેશાં = તેમનાં લશ્કર, સવાર તથા પગપાળા)*

**અર્થાત :** તારીફ તથા પ્રશંસાની નિશાનીઓ હોય કે જમાનાને નૂરની ખૈરાત વહેંચનાર ચાંદ તથા સૂરજ હોય, હુઝૂર ﷺની મહોબ્બત તથા હમદર્દી પોતાની સર્વ શાનોની સાથે દરેક સમયે સાયો કરેલ રહે છે. સર્વ ફોજો (સવાર તથા પાયદળ, માનવ, જિન, ફરિશ્તા) આપના ફર્માન હેઠળ છે, બલ્કે જહાનની આ સર્વ નામના વાહ વાહી આપના જ માટે છે, ન કેવળ આ જહાનની બલ્કે તે જહાનની પણ.

*ફક્ત ઈતના સબબ હૈ ઈન્એક્ઞાદે બઝ્મે મેહશરકા–કે ઉન્કી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

**અતાએ અરબ જિલાએ કરબ ફુયૂઝે અજબ બગૈરે તલબ**
**યહ રહમતે રબ હૈ કિસકે સબબ, બરબ્બે જહાં તુમ્હારે લિયે**

*(અરબ = અબજ, સો કરોડ. જિલાએ કરબ = દુ:ખ દૂર કરે, ફુયૂઝ = ફયઝો, લાભો. બગૈર તલબ = વણ માગ્યે)*

**અર્થાત :** આપણા આક્ઞા તથા મૌલા ﷺની કરોડો અબજો અતાઓ તથા નવઝિશો લોકોનાં આજે પણ દુ:ખ દર્દ દૂર કરી રહેલ છે અને ક્યામતમાં પણ એ જ હાલ હશે. અને વળી મજાની વાત એ છે કે આપ ﷺના આ અજોડ તથા આશ્ચર્યજનક ફયઝો વણ માગ્યે આપણને મળી રહ્યા છે.

**ઝનૂબે ફના ઓયૂબે હેબા ફુલૂબે સફા ખુતૂબે રવા**
**યહ ખૂબ અતા કુરૂબે ઝદા પએ દિલો જાં તુમ્હારે લિએ**

*(ઝનૂબ = ઝન્બનું બહુવચન, ગુનાહો. ફના = ખત્મ, ખાત્મો. ઓયૂબ = અયબો, ખુતૂબ = ખૂબ જ મહત્વની વાત)*

**અર્થાત :** મહબૂબે ખુદા ﷺની તરફથી મળનાર અતિયા (તોહફા)ઓ પર તો જરા વિચાર કરો ! ગુનાહો સળગીને રાખ થઈ રહ્યા છે, બલ્કે يبدل الله سيأتهم حسنات નેકીઓમાં તબદીલ થઈ રહ્યા છે. આપણી બદીઓ ખાક બનીને હવામાં ઉડી રહી છે. التائب من الذنب كمن لا ذنب له ઈમાનવાળાઓનાં દિલો આઈના જેમ સાફ સ્વચ્છ થઈ રહ્યાં છે. افمن شرح الله صدره للاسلام فهو على نور من ربه મહાન મહાન સમસ્યાઓ, અટપટી ગુંચો તથા મુસીબતોના પહાડ સળગીને ભસ્મ થઈ રહ્યા છે. આ અતાઓ જે આપણા દર્દો ગમોને ખત્મ કરી રહી છે જેનાથી આપણુ દિલ તથા આપણી જાનને સતાવી રહ્યાં હતાં, બતાવતા કેમ નથી કે એ આપણને કોના ક઼દમોના તુફૈલ મળી છે ?! હે મારા આક્ઞા ! ﷺ હું જ આપની ઉમ્મતને બતાવી દઉં કે આ સર્વ કાંઈ અમને કેવળ આપના સબબથી મળ્યું છે.

જેથી હે ઉમ્મતે મુસ્તફા (ﷺ) તમારા પ્યારા નબીનાં બાબરકત ક઼દમોની સાથે ગુલામીની નિસ્બતને મજબૂત કરી લો.

*દોનોં આલમમેં તુમ્હેં મક઼સૂદ ગર આરામ હૈ–ઉનકા દામન થામ લો જિનકા મુહમ્મદ નામ હૈ (ﷺ)*

**ન જિન્નો બશર કે આઠ પહર મલાઈકા દરપે બસ્તા કમર**
**ન જુબ્બા વ સર કે કલ્બો જિગર હૈં સજદા કુતાં તુમ્હારે લિયે**

*(આઠ પહર = દરેક સમયે, બસ્તા કમર = કમર કસીને સેવા માટે તૈયાર)*

**અર્થાત :** હે મુહમ્મદ મુસ્તફા ﷺના ગુલામો ! જરા આપણા આકા તથા મૌલાના રોઝએ અન્વરના દરે પાકની શાન તો જુઓ ! ન કેવળ જિન તથા ઈન્સાન બલ્કે ચોવીસ કલાક ફરિશ્તા (૭૦ હજારની સંખ્યામાં કમસે કમ) આપના દરે અકદસ પર ખિદમતના માટે હાથ બાંધીને ઉભેલા છે અને પેશાની તથા માથા વડે નહીં બલ્કે દિલોજાનથી આપ ﷺના માટે ઝુકી રહ્યા છે. પોતાની પાંખોને કબ્રે અન્વર સાથે ઘસી રહ્યા છે અને સાથો સાથ ઝબાને હાલથી કહી રહ્યા છે :

*સરકાર કા દર હૈ દરે શાહાં તો નહીં હૈ—જો માંગ લિયા માંગ લિયા ઔર ભી કુછ માંગ*

**અર્થાત :** અને એ ડયૂટી સવાર સાંજ બદલાય જાય છે, કેમ કે એક જ હાજરીમાં તેમના દામનોને તેમના કરમથી ભરી દેવામાં આવે છે, એટલા માટે (શેઅર) જો એકવાર આયા દોબાર ન આયેગા !

**ન રૂહે અમીં ન અર્શે બરીં ન લોહે મુબીં કોઈ ભી કહીં**
**ખબર હી નહીં જો રમ્ઝેં ખુલીં અઝલકી નિહાં તુમ્હારે લિયે**

**અર્થાત :** હે મારા આકા ! ﷺ શબે મેઅરાજમાં જે રાઝની વાતો આપને બતાવવામાં આવી તેની જિબ્રઈલે અમીનને શું ખબર ! (તે તો સિદરા પર રહી ગયા) અર્શે બરીંને શું ખબર (તે તો પગો નીચે આવી ગયો) લોહે મેહફૂઝને શું ખબર એ તો રાઝની વાતો હતી. અને લોહે મેહફૂઝના બારામાં ફર્માવવામાં આવ્યું : یشھدہ المقربون અલ્લાહના મુકર્રબ બંદાઓ એનો અનુભવ તથા અભ્યાસ કરતા રહે છે. સારાંશ કે ખુદા જાણે અથવા તેના પ્યારા મુસ્તફા જાણે તેના સિવાય અઝલનાં છુપાં રહસ્યોનું ખુલવું કોઈને માલૂમ નથી, કેમ કે એ કેવળ આપના માટે જ ખોલવામાં આવેલ, અને જેના પર એ રાઝ ખુલે તે આપના ખોલવાથી જ ખુલે.

*હવા હુઝૂરસે વાઝેહ તસવ્વુરે વહદત—હમારે દીનકી ઉસકે સિવા અસાસ નહીં*
*બગૈર ઉનકે તવસ્સુત કે જો મિલે મુઝકો—કસમ ખુદાકી મુઝે વો ખુશી ભી રાસ નહીં*

**જિનાં મેં ચમન, ચમનમેં સમન, સમનમેં ફબન, ફબનમેં દુલ્હન**
**સજાએ મહન યહ ઐસે મનન યહ અમ્નો અમાં તુમ્હારે લિયે**

*(જિનાં = જન્નત. સમન = ચમેલીનું ફૂલ. ફબન = શણગાર, સઝાએ મહન = મહેનતની તકલીફ. મનન = મન્નતનું બહુવચન)*

**અર્થાત :** જન્નતોના બાગ, બાગોમાં ચમેલીનાં ફૂલ, ફૂલોમાં જન્નતની ખુશ્બુ અને રંગનું ઉમદાપણુ તથા સજાવટ અને તેમાં દુલ્હન (જન્નતની હૂરો)નો નઝારો, આ સર્વ કાંઈ આપના તુફૈલ એ ગુનેહગારો માટે થઈ ગયું, જેઓ પોતાના ગુનાહોના કારણે અઝાબને પાત્ર હતા, પરંતુ આપની શફાઅત તેમનો સહારો બનીને તેમને જન્નતમાં લઈ ગઈ અને એ સર્વ નેઅમતો એમના માટે થઈ ગઈ. ولکم فیھا ما تشتھی انفسکم ولکم فیھا ما تدعون

*કાબિલ થા નારકે મુઝે જન્નત હુઈ નસીબ—ઈસ દરકી હાઝરીસે મેરી કિસ્મત બદલ ગઈ*

**કમાલે મહાં જલાલે શહાં જમાલે હસાં મેં તુમ હો અયાં**
**કે સારે જહાં બરોઝે ફકાં ઝિલ આઈનાસાં તુમ્હારે લિયે**

*(મહાં = સરદાર, જલાલ = રૂઆબ, દબદબો, શહાં = બાદશાહ, હસાં = હુસ્નવાળા, અયાં જાહેર, બરોઝે ફકાં = સર્જનનો દિવસ, ઝિલ = સાયો, આઈનાસાં = આઈના જેવો)*

**અર્થાત :** ક્યાં મૂસા عليه السلامનો તૂર બિચારો અને ક્યાં આસ્માન ?! અરે ! અર્શે મુઅલ્લાથી પણ ઉપર આપણા આક઼ા એટલા ઉપર તશરીફ લઈ ગયા કે અર્શે બરીં ત્યાંથી ઘણો જ નીચે રહી ગયો, ન જમણો ન ડાબો (લામકાં તે છે જે આ છ દિશાઓથી પર તથા દૂર છે) કેમ કે નૂરના ખાલિક઼થી મુલાકાત હતી જે જિસ્મો જિસ્માનિયતથી પાક છે (જેથી ત્યાંનો માહોલ પણ બાજુથી પાક છે) આ બુલંદીની શાન તથા મક઼ામની ઊંચાઈ પણ કેવળ આપણા આક઼ા صلى الله عليه وسلمના માટે છે.

**ખલીલો નજી મસીહો સફી સભીસે કહી કહીં ભી બની ?**
**યહ બેખબરી કે ખલક઼ ફિરી કહાંસે કહાં તુમ્હારે લિયે**

**અર્થાત :** મેહશરના મેદાનનો નક઼શો સામે લાવીને શફાઅતની હદીષના પ્રમાણે દરેક નબીની બારગાહથી શફાઅતની ભીખ માગવાના માટે સર્વ મેહશરવાળાઓનું હાજર થવું. છેવટમાં હુઝૂર صلى الله عليه وسلمની બારગાહથી વાતનુ બનવું. આ'લા હઝરત رحمة الله عليهએ આ શેઅરમાં કેટલા સરળ તથા દિલને મોહી લેનાર અંદાઝમાં વર્ણન કર્યું છે. એકવાર શેઅર પઢીને આ ખુલાસો વાંચો અને બાદમાં ફરી એ જ શેઅર પઢો. ઈન્શાઅલ્લાહ ! આખુ જીવન એને જ પઢતા રહેશો અને તબીઅત તૃપ્ત ન થશે, બલ્કે દરેક વખતે નવી લિજ્જત નસીબ થશે.

www.barkatekhwaja.net

હે મેહશરવાળાઓ ! હવે આવી ગયા છો મારા આક઼ા صلى الله عليه وسلمની બારગાહમાં તો પહેલા બતાવો કે ક્યાં ક્યાં ગયા હતા ? સૈયદના ખલીલુલ્લાહ عليه السلامની બારગાહમાં ગયા હતા ? હા ! ગયા હતા. હઝરત નૂહ નજી عليه السلامની પાસે ? ગયા હતા ! હઝરત ઈસા عليه السلامને ત્યાં ? હા ! ગયા હતા. સર્વ નબીઓના બાપ પ્યારા આદમ عليه السلامની બારગાહમાં ? ગયા હતા. સારું બતાવો, કાંઈ કામ થયું ? કોઈ વાત બની ? ના ! કોઈ વાત ન બની ! સારું, ગભરાવ નહીં. હવે બારગાહે બેકસ પનાહમાં આવી ગયા છો કે જ્યાં સૌની બિગડી પણ સંવરી જાય છે અને વાત પણ બની જાય છે.

*તૂ ભી ઉસી દર જા જિસ દર પર સબકી બિગળી બનતી હૈ*
*ઈક તેરી બિગળી કો બનાના, ઉનકે લિયે કોઈ બાત નહીં હૈ*

આટલી વાત બની ગયા બાદ અને હુઝૂર صلى الله عليه وسلمની ઝબાનથી أنا لها "અના લહા"નો મુઝદએ જાંફિઝા સાંભળી લીધા પછી આખુ મેહશર નારએ રિસાલત બુલંદ કરશે અને એક ઝબાને બીજા શેઅરનો વિર્દ કરશે.

*યહ બેખબરી કે ખલ્ક઼ ફિરી કહાંસે કહાં તુમ્હારે લિયે –(ક્રમશઃ)*




**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૧૦૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! –*તંત્રી...*

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-બીજો

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ઓગણીસમી મજલિસ

એ જ વરસે ઝી કઅદાની સોળમી તારીખે બુધના રોજ દસ્તબોસીની દોલત હાથ આવી. નઝમ (કવિતા) તથા નષર (પાઠ)ની ચર્ચા ચાલી. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે જે પણ સારો શેઅર સાંભળવામાં આવે તો તેનાથી લાઝમી તૌર પર ઝોક઼ (ઉમંગ) હાંસલ થાય છે અને દરેક તે ભાવાર્થ જે પાઠમાં સાંભળવામાં આવે તે જો કવિતામાં (શેઅરોમાં) સાંભળો તો ઝોક઼ વધી જાય છે. સારા સૂરીલા અવાજની પણ આ જ કૈફિયત છે કે સારા શેઅરને સાંભળવાથી ઝોક઼ હાંસલ થાય છે એ જ રીતે જો એ શેઅર તરન્નુમ (સૂરીલા અવાજ)થી સાંભળવામાં આવે તો ઝોકમાં વધારો થઈ જાય છે.

એ દરમિયાન મેં અર્ઝ કરી કે બંદાને કોઈ ચીજથી આટલી રિક્ક઼ત (વજ્દાની કૈફિયત) નથી થતી જેટલી સમાઅથી થાય છે. ફર્માવ્યું કે તરીક઼તવાળાઓ અને મુશ્તાક઼ોનો એ ઝોક઼ જ છે જે આગ લગાડે છે, અને જો એ ન હોત તો જિંદગી કેવી હોત અને જિંદગીમાં મજા કેવી હોત ? આ અર્થના વર્ણનમાં હુઝૂરની આંખ ભરાઈ આવી અને સીના મુબારકથી એક આહ ખેંચીને ફર્માવ્યું કે, એકવાર મને ખ્વાબમાં કાંઈક દેખાડવામાં આવ્યું. મેં આ કડી પઢી : "અય દોસ્ત બદસ્ત ઈન્તિઝારમ કશી." હે દોસ્ત ! તેં તારા ઈન્તેઝારના હાથો વડે મને મારી નાખ્યો. ત્યારબાદ ખ્વાબમાં જ એ મિસ્રા (કડી)ને દોહરાવ્યો તો આ રીતે પઢી : અય દોસ્ત ! બઝખમ ઈન્તિઝારમ કશી ! હે દોસ્ત ! તેં મને તારા ઈન્તેઝારના ઘાથી મારી નાખ્યો, જ્યારે આંખ ખુલી તો યાદ આવ્યું કે આ મિસ્રો (કડી) આ રીતે છે :

"અય દોસ્ત ! બ તેગ ઈન્તેઝારમ કશી" હે દોસ્ત ! તેં ઈન્તેઝારની તલ્વારથી મને મારી નાખ્યો.

### વીસમી મજલિસ

એ જ વરસે માહે ઝીલ હજ્જની ૧૩મી તારીખ મંગળવારે ક઼દમબોસીની દોલત હાથ આવી. સાચી ઈરાદતની ચર્ચા ચાલી. ફર્માવ્યું કે એક ફોજી હતો. શયખુલ ઈસ્લામ ફરીદુદ્દીન قدس سرہનાં મુરીદોમાં તેને મુહમ્મદશાહ કહેતા હતા. તે જે પણ ઈરાદો કરતો એના બારામાં શયખને ખ્વાબમાં જોઈ લેતો અને જે હયઅત (દેખાવ)માં શયખને જોતો તેના પ્રમાણે ખ્વાબની તાબીર લેતો. ત્યાં સુધી કે એકવાર તેણે હિંદુસ્તાન જવાનો ઈરાદો કર્યો. એ જ ફિકરમાં હતો કે એક રાતે ખ્વાબમાં હઝરત શયખને જોયા કે જાણે અજોધનની તરફ જઈ રહ્યા છે. જ્યારે તે જાગૃત થયો તો પોતે પોતાને બોલ્યો કે મારે પણ આ રીતે જવું જોઈએ. ન તેણે શયખથી કોઈ વાત સાંભળી ન ઈશારો

www.barkatekhwaja.net

જોયો, બસ એટલુ જોયું કે અજોધન જાય છે. તેણે હિંદુસ્તાનનો દૌરો છોડી આપ્યો અને અજોદાનની તરફ રવાના થઈ ગયો. સારાંશ એ સફરમાં તેણે ખૂબ જ રાહત તથા એશઆરામ જોયો. ખ્વાજા ઝિકુલ્લાહ બિલ ખૈરે ફર્માવ્યું કે એ મુહમ્મદશાહ ઘોરી કહેવાતા હતા. સારા માણસ હતા. આખર ઉમરામાં કા'બાના સફરમાં ગયા હતા ત્યારબાદ તેમની કોઈ ખબર નથી આવી.

## એકવીસમી મજલિસ

અગીયાર માહે મુહર્રમ સોમવાર હિ.સ. ૭૧૧ના કદમબોસીની સદનસીબી મયસ્સર થઈ. ઝબાન મુબારકથી ઈર્શાદ થયો કે એક ઘણા જ બુઝુર્ગ પીર હતા તેમની ખિદમતમાં કોઈ શખ્સ આવ્યો અને મુરીદીની દરખાસ્ત કરીને બયઅત થઈ ગયો અને તેને ખિર્કો મળી ગયો જેમ કે આ કામની રસ્મ છે. તેના કેટલાક અરસા બાદ શયખને ખબર કરવામાં આવી કે તે મુરીદ ગલત કામોમાં મશગૂલ છે અને પૂરાણી ગુનેહગારીમાં ફરી સપડાય ગયો છે. શયખે એ સાંભળ્યું તો તેના ઘેર તશરીફ લઈ ગયા અને ફર્માવ્યું કે, આવો ! મારા ઘરમાં આવીને રહો, જે કાંઈ કરો તે મારા ઘરમાં કરો. કેમ કે દુરવેશ અચ્છાઈઓને ભેગી કરનારી છે અને પર્દાપોશી દુરવેશીની સિફતો (ખૂબીઓ)માંથી એક સિફત છે. સારાંશ કે તમે જે કાંઈ મારા ઘરમાં કરશો હું તેની પર્દાપોશી કરીશ. મુરીદે એ વાત સાંભળી તો પીરના કદમોમાં માથુ રાખી દીધું અને પાકી તૌબા કરીને બીજીવાર મુરીદ થયો. والحمد لله علیٰ ذالك

આ હિકાયતના પૂર્ણ થયા બાદ બંદાએ અર્ઝ કરી કે કાયદો છે કે પીર મુરીદના અહવાલ પર નજર રાખે છે. જો મુરીદોના અમલોને જોતો રહે તો ક્યાં સુધી જોશે, પરંતું તેમના એતેક઼ાદના (અકીદાના) હાલને જુએ અને મુરીદનો એતક઼ાદ દુરુસ્ત પામે તો મુરીદના માટે સારી ઉમ્મીદ થઈ શકે છે. ફર્માવ્યું કે હા ! આ કામમાં અસલ ચીજ એતેક઼ાદ જ છે. જેવી રીતે જાહેરી આલમમાં ઈમાન છે. માણસે જોઈએ કે ખુદાએ ﷻની વહદાનિયત (એક હોવું) અને રસૂલ ﷺની રિસાલત પર સંપૂર્ણ ઈમાન રાખે. અને મુરીદે પણ જોઈએ કે પીરના બારામાં બારામાં દુરુસ્ત એતેક઼ાદ રાખે. જેમ કે મોમિનનું ઈમાન દુરુસ્ત હોય તો તે ગુનાહથી કાફિર નથી થતો. એવી જ રીતે જો મુરીદનો એતેક઼ાદ દુરુસ્ત હશે તો ભૂલ થઈ પણ જાય તો તેને મરદૂદ નહીં કહેવામાં આવશે, ઉમ્મીદ રહેશે કે એતેક઼ાદની બરકતથી ફરી સુધારણા થઈ જાય.

પછી કુર્આનની તિલાવત અને હિફ્ઝ (હાફિઝ થવાની) બરકતોની ચર્ચા ચાલી. બંદાએ અર્ઝ કર્યું કે જો યાદ કરવાનો મોકો ન મળે તો નાઝરા પઢવું કેવું છે ? ઈર્શાદ થયો કે સારુ છે, એમાં આંખના માટે પણ એક હિસ્સો છે. ત્યારબાદ ફર્માવ્યું, શયખે કબીર (હઝરત બાબા ફરીદ) قدس سرہ જે કોઈને કુર્આન યાદ કરવા માટે કહેતા તો ફર્માવતા કે પ્રથમ સૂરએ યૂસુફ યાદ કરો કે જે સૂરએ યૂસુફ યાદ કરી લે છે તેની બરકતથી હક્ક઼ તઆલા પૂરા કુર્આનની તૌફીક઼ અતા ફર્માવે છે.

એના અનુસંધાનમાં ફર્માવ્યું કે પયગંબર ﷺએ ફર્માવ્યું છે કે જે શખ્સ કુર્આનને યાદ કરવાની નિય્યત કરે છે પણ યાદ નથી કરવા પામતો અને એ જ નિય્યતથી સાથે આ દુનિયાથી વિદાય લે છે, તેને જ્યારે કબ્રમાં સૂવાડે છે તો એક ફરિશ્તો આવે છે અને જન્નતથી એક તુરન્જ (મોટુ લીંબુ) લાવીને તેના હાથમાં આપી દે છે. તે શખ્સ એને ખાય લે છે અને સર્વ કુર્આન તેને હિફ્ઝ (યાદ) થઈ જાય છે. ત્યારબાદ હશ્રના દિવસે તેને હાફિઝ ઉઠાડવામાં આવે છે.

–(ક્રમશઃ)

www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : **અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

### ★ ક્યારે કઈ નિય્યતે કાફિરને સલામ કરે ? ★

**મસ્અલા** : કોઈ હાજતને કારણે કાફિરને સલામ કરી (દા.ત. એને સલામ ન કરવાથી એનાથી કોઈ અંદેશો હોય છે) તો વાંધો નથી. તાઝીમને લીધે કાફિરને હરગિઝ હરગિઝ સલામ ન કરવી કેમ કે **કાફિરની તાઝીમ કુફ્ર છે.** *(દુર્રેમુખ્તાર)*

**મસ્અલા** : સલામ એટલા માટે છે કે મુલાકાત કરવા માટે જે માણસ આવે તે સલામ કરે કેમ કે ઝિયારત કરનારની અને મુલાકાતીની એ દુઆ છે. પરિણામે જે માણસ મસ્જિદમાં આવ્યો અને મજલિસમાં હાજર રહેલાઓ જો તિલાવતે કુર્આન તેમજ તસ્બીહ કે દુરૂદ શરીફમાં મશ્ગૂલ હોય અને નમાઝના ઈન્તેઝારમાં બેઠા છે તો સલામ ન કરે કેમ કે એ સલામનો વખત નથી. એટલા માટે ફુકહાએ કિરામ ફર્માવે છે કે જવાબ આપવો કે ન આપવો એ એમની અખત્યારી વાત છે. હા ! જો કોઈ માણસ મસ્જિદમાં એટલા માટે બેઠો છે કે લોકો એની મુલાકાત માટે આવે તો આવનારાઓ સલામ કરે. *(આલમગીરી)*

**મસ્અલા** : કોઈ માણસ તિલાવતમાં મશ્ગૂલ હોય યા દર્સ તદરીસ કે ઈલ્મી ગુફતગૂ કે સબક આપતો હોય તો એને સલામ ન કરે. એ રીતે અઝાન, ઈકામત તથા જુમ્આના ખુત્બા તેમજ ઈદોના ખુત્બા વખતે સલામ ન કરે. બધા લોકો ઈલ્મી ગુફતગૂ કરી રહ્યા હોય કે એક માણસ બોલી રહ્યો હોય અને બાકીના બીજા સાંભળી રહ્યા હોય તો બંને હાલતમાં સલામ ન કરે. દા.ત. આલિમ વાઅઝ કરી રહ્યા છે યા દીની મસ્અલા પર તકરીર કરી રહ્યા છે અને હાજર રહેલાઓ સાંભળી રહ્યા છે તો આવનાર માણસે ચૂપકીદીથી આવીને બેસી જવું, સલામ ન કરવી. *(આલમગીરી)*

**મસ્અલા** : લોકો ખાવા ખાય રહયા હોય તે વેળા કોઈ આવે તો સલામ ન કરે. હા ! જો તે ભૂખ્યો હોય અને જાણતો હોય કે એ લોકો પોતાને ખાવામાં શરીક કરી લેશે તો સલામ કરે. (ખાનિયા, બઝ્ઝાઝિયા) આ તે વખત માટે છે કે ખાનારના મોમાં કોળિયો છે અને તે ચાવી રહ્યો છે અને તે જવાબ આપવાથી આજિઝ છે અને જો તે હજુ ખાવા બેઠો જ છે યા તો ખાવા ખાય ચૂક્યો છે તો સલામ કરી શકે છે, કેમ કે તે અત્યારે જવાબ આપવાથી આજિઝ નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કોઈ માણસ ઝિક્રમાં મશ્ગૂલ છે તેની પાસે બીજો કોઈ માણસ આવ્યો તો સલામ ન કરે અને જો સલામ કરી તો ઝિક્ર કરનાર માણસ પર જવાબ આપવો વાજિબ નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : જે માણસ જાહેર ફિસ્ક કરતો હોય એને સલામ ન કરવી. કોઈના પાડોશમાં ફાસિકો રહેતા હોય તેમની સાથે જો એ માણસ સખ્તીથી વર્તશે તો તેઓ એને વધારે પરેશાન કરશે અને જો નરમી કરે છે એમની સાથે સલામ કલામ ચાલુ રાખે છે તો તેઓ ઈજા પહોંચાડતા નથી. તો એવા એ ફાસિકો સાથે જાહેરી રીતે મેળ મેળાપ રાખવા માટે એ મજબૂર છે. *(આલમગીરી)*

www.barkatekhwaja.net

**મસ્અલા :** જે લોકો શતરંજની રમત રમતા હોય (રમત ચાલુ હોય) તેમને સલામ કરવી કે ન કરવી તે બાબતમાં જે આલિમો સલામ કરવાની જાઈઝ કહે છે તેમનુ કહેવું છે કે સલામ એવા મકસદથી કરવામાં આવે કે જવાબ આપે તેટલા સમય સુધી તેઓ રમતથી દૂર રહેશે, એ સલામ તેમને ગુનાહોથી બચવા માટે છે. ભલે થોડીવાર માટે એટલા થોડા સમય માટે છે. અને જેઓ (આલિમો) સલામ કરવી નાજાઈઝ બતાવે છે તેમનો મકસદ લા'નત મલામત (કરવા)નો છે, કેમ કે એમાં એમની તઝલીલ (બેઈજ્જતી) છે. *(આલમગીરી)*

## ★ ક્યારે સલામ પહોંચાડવી વાજિબ ? ★

**મસ્અલા :** કોઈએ એમ કહયું કે ફલાણાને મારા સલામ કહેજો. એના પર સલામ પહોંચાડવી વાજિબ છે અને જ્યારે એણે સલામ પહોંચાડયા તો જવાબ એવો આપવો કે પ્રથમ જેણે સલામ પહોંચાડયા છે તેને અને પછીથી જેણે સલામ મોકલ્યા છે તેને એટલે કે એવું કહે કે **વ અલય્ક વ અલય્હિસ્સલામ.** *(આલમગીરી)* આ સલામ પહોંચાડવી ત્યારે જ વાજિબ છે જ્યારે કે તેણે હા પાડી દીધી હોય અર્થાત કહી દીધું હોય કે હા, તમારી સલામ કહી આપીશ. કેમ કે એ સલામ તેની પાસે અમાનત ગણાશે અને જે એનો હકદાર છે તેને આપવી જ પડશે નહીંતર સલામ પહોંચાડવી એના પર લાઝિમ નથી કે સલામ પહોંચાડવા ત્યાં જાય. એ રીતે હાજીઓને લોકો એવું કહી દે છે કે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરબારમાં મારા સલામ અર્ઝ કરજો. એ સલામ પહોંચાડવી વાજિબ છે.

*(રદ્દુલ મુહ્તાર)*

## ★ લખેલ સલામનો જવાબ કઈ રીતે આપવો ★

**મસ્અલા :** કાગળમાં સલામ લખવામાં આવે છે એનો જવાબ આપવો પણ વાજિબ છે. અહીં જવાબ બે પ્રકારનો (રીતનો) હોય છે એક એ કે જબાનથી જવાબ આપે, બીજી રીતે એ કે સલામનો જવાબ લખીને મોકલે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)* પરંતુ જો કે સલામનો જવાબ તરત જ આપવો વાજિબ છે. જેમ કે ઉપર જણાવ્યું તેમ હોય તો તાત્કાલિક લેખિત જવાબ ન અપાય, ખાસ કરીને એવું જ બનતું હોય છે કે કાગળનો જવાબ તરત નથી લખાતો. અનાયાસે મોડું થતું હોય છે તો એવા વખતે તાત્કાલિક જબાનથી જવાબ આપી દેવો, જેથી મોડું કરવાથી ગુનોહ લાગુ ન પડે. એ કારણે અલ્લામા સૈયદ અહમદ તહતાવીએ આ જગ્યાએ ફર્માવ્યું કે **વન્નાસુ અન્હુ ગાફિલૂન** અર્થાત લોકો આ વાતથી ગાફિલ છે. આ'લા હઝરત કિબ્લા قدس سرہ જ્યારે પણ કાગળ વાંચતા ત્યારે કાગળ માં જે અસ્સલામુ અલૈકુમ લખેલું વાંચતા તો એનો જવાબ તરત જ ઝબાનથી આપી પછીથી જ તે કાગળનું લખાણ વાંચતા.

## ★ સલામના શબ્દો સહીહ ન હોય તો જવાબ વાજિબ નથી ★

**મસ્અલા :** સલામની મીમને સાકિન કહી એટલે કે **સલામ અલૈકુમ.** જેમ કે મોટા ભાગે જાહિલ લોકો એવી રીતે કહેતા હોય છે અથવા તો **સલામુ અલૈકુમ** મીમને પેશ લગાડીને કહે. એ બંને રીતોમાં જવાબ આપવો વાજિબ નથી કેમ કે એ મસ્નૂન સલામ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

www.barkatekhwaja.net

## ★ સલામ કેટલા જોરથી કરવી ? ★

**મસ્અલા :** સલામ એટલા મોટા અવાજે કહો કે જેને સલામ કરવામાં આવી તે સાંભળી લે અને જો એટલા અવાજથી કહેવામાં ન આવી હોય તો જવાબ આપવો વાજિબ નથી. સલામનો જવાબ પણ એટલા અવાજથી કહો કે સલામ કરનાર એને સાંભળે. જો એટલા ધીમેથી જવાબ આપ્યો કે તે સાંભળી ન શક્યો તો વાજિબ સાકિત ન થયો. (વાજિબ બાકી રહેશે). જો તે બહેરો હોય તો તેની સામે હોઠ હલાવી દેવા જેનાથી એની સમજમાં આવી જાય કે જવાબ આપી દીધો. છીંકના જવાબ માટે પણ આ જ હુકમ છે. *(બજાઝીયા)*

**મસ્અલા :** કેટલાક લોકો સલામ કરતી વેળા નીચે નમે છે. આ પ્રકારનું નમવુ જો રુકૂઅની હદમાં આવતું હોય તો (રુકૂઅમાં નમીએ છીએ એટલું) હરામ છે અને એનાથી ઓછું હોય તો મકરૂહ છે.

## ★ સલામના શબ્દો કયા હોઈ શકે ? ★

**મસ્અલા :** આજના જમાનામાં લોકો કેટલાયે પ્રકારના સલામ કરી રહ્યા છે. એમાં સૌથી ખરાબ એ સલામ છે જે કેટલાક લોકો કહેતા હોય છે ''બંદગી અર્ઝ''. આ શબ્દ કદી પણ બોલવો નહીં. કેટલાક ''આદાબ અર્ઝ'' બોલે છે. જો કે એમાં એટલી બુરાઈ નથી પરંતુ સુન્નતની ખિલાફ છે. કેટલાક લોકો ''તસ્લીમ'' યા ''તસ્લીમાત'' કહે છે એને સલામ કહી શકાય છે કેમ કે એનો અર્થ સલામ થાય છે. કેટલાક કહે છે ''સલામ''. એને પણ સલામ કહી શકાય છે. એટલે કે જો કોઈએ કહયું કે ''સલામ'' તો સલામ કહી દેવાથી સલામ થઈ જશે. કેટલાક લોકો એવા પ્રકારના છે કે તેઓ પોતે તો શું સલામ કરે પણ એમને જયારે સલામ કરવામાં આવે છે ત્યારે તેઓ બગડે છે (છંછેડાય છે) અને કહેતા હોય છે કે શું અમને તમારી બરાબર સમજો છો ? એટલે કોઈ ગરીબ આદમી સલામ મસ્નૂન કરે તો તેઓ પોતાનું અપમાન સમજે છે. કેટલાક એવું ઈચ્છતા હોય છે કે તેમને ''આદાબ અર્ઝ'' કહેવામાં આવે યા નીચા નમી હાથનો ઈશારો કરવામાં આવે. એવું ન કરવું જોઈએ. કેમ કે એ તરીકો ખુદાથી ન ડરનારા ઘમંડીઓનો (મગરૂરોનો) છે.

**મસ્અલા :** કોઈના નામની સાથે **અલૈહિસ્સલામ** કહેવું એ અંબિયા તથા મલાએકા અલૈહિમુસ્સલામ માટે ખાસ છે. દા.ત. મૂસા عليه السلام, ઈસા عليه السلام, જિબ્રઈલ عليه السلام, નબી અને ફરિશ્તા સિવાય બીજા કોઈના નામ સાથે એ પ્રમાણે ન કહેવું જોઈએ. *(બહારે શરીઅત વગેરે)*

## ★ ''જીતે રહો'' કહેવું કાફિરોનો તરીકો ★

**મસ્અલા :** ઘણી જગ્યાએ એવો તરીકો છે કે જયારે કોઈ નાનો મોટાને સલામ કરે છે તો તે જવાબમાં કહે છે કે **''જીવતા રહો''**, એ સલામનો જવાબ નથી બલ્કે જહાલતના જમાનામાં કાફિરો આપ્યા હતા. તેઓ કહેતા હતા કે **''હયા કલ્લાહ''**. ઈસ્લામે એવું બતાવ્યું છે કે સલામના જવાબમાં **વ અલૈકુમુસ્સલામ** કહેવામાં આવે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


www.barkatekhwaja.net

تذکرۃ الاولیاء — તઝકેરતુલ અવલિયા

## હઝરત ઈબ્રાહીમ બિન દાઊદ વર્કી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપનો સંબંધ શામના મશાઈખમાંથી હતો અને આપ રિયાઝત તથા કરામતના સંપૂર્ણ આઈનાદાર (સહીહ છબી પેશ કરનાર) હોવા ઉપરાંત જુનેદ رحمۃ اللہ علیہના સમકાલિન અને ઈબ્ને અતા અને અબ્દુલ્લાહ ઈબ્ને જિલાઅ્ના દોસ્તોમાંથી હતા.

**હાલાત** : કોઈ દુરવેશની કમલીમાં આપના પહેરણનો એક ટુકડો મળેલ હતો. જેથી જંગલમાં જ્યારે એ દુરવેશ પર સિંહે હુમ્લો કર્યો તો નજીક પહોંચીને હુમ્લો કરવાને બદલે તેના કદમોમાં માથુ નમાવીને ખામોશી સાથે પરત થઈ ગયો.

**આપના ઈર્શાદો** : આપ ફર્માવ્યા કરતા હતા કે વજૂદને સાબિત કરવુ મઅરેફતમાં સામેલ છે. ફર્માવ્યું કે જાહેરી એતબારથી જો કે આંખો ખુલ્લી રહે છે પણ દષ્ટિ ગાયબ હોય છે. ફર્માવ્યું કે **ખુદા દોસ્તીની નિશાની ફર્માબરદારી તથા ઈબાદતની ખૂબ અધિકતા અને સુન્નતોનું અનુસરણ છે.** ફર્માવ્યું કે મખ્લૂકમાં સૌથી કમજોર તે છે જે મખ્લૂકને છોડવા માટે શક્તિમાન ન હોય. ફર્માવ્યું કે મર્તબાઓનો દારોમદાર કેવળ ઈરાદા પર છે, અને જો ઈરાદાને દુનિયવી બાબતો પર ખર્ચવામાં (લગાડવામાં) આવે તો તેની કોઈ કદર તથા કિંમત નથી, પરંતું જો ખુદાની રઝાજોઈના (રાજી કરવાના) કામમાં લાવવામાં આવે તો ઉચ્ચ મર્તબાઓ સુધી પહોંચની શક્યતા છે. ફર્માવ્યું કે સવાલ ન કરનાર રાઝી બરઝા (રબની મરજીમાં રાજી) રહે છે કેમ કે દુઆની અતિ અધિકતા પણ રઝાની વિરૂધ્ધ છે, અને રબના વાયદા પર ખુશ રહેવાનું નામ તવક્કુલ છે. ફર્માવ્યું કે તકદીરમાં લખેલા વધારાના તલબની કોશિશ નિરર્થક છે, કેમ કે કિસ્મતથી વધુ કદી નથી મળી શકતું. ફર્માવ્યું કે માલદાર તો પોતાના માલ પર કિફાયત કરે છે પરંતું ફકીરો માટે તવક્કુલ ઘણો જ પૂરતો છે. ફર્માવ્યું કે ફકીર અદબથી એ વખતે વાકેફ થાય છે જ્યારે હકીકતથી ઈલ્મની તરફ રુજૂઅ કરે છે. ફર્માવ્યું કે જ્યાં સુધી ખતરાનો એહસાસ રહે કુર્બે ઈલાહી (ખુદાની નિકટતા)ની પ્રાપ્તિ શક્ય નથી. ફર્માવ્યું કે ખુદા સિવાય કોઈ અન્યને એ'ઝાઝને પાત્ર સમજનાર ખુદ ઝલીલ છે. ફર્માવ્યું કે મારી પસંદીદા ચીજોમાંથી ફકીરોની સોહબત અને અવલિયાની હુર્મત (ઈજ્જત એહતેરામ) છે.

## હઝરત યુસુફ અસ્બત رحمۃ اللہ علیہના હાલાત તથા ખૂબીઓ

**ઓળખ** : આપ તારિકુદુન્યા હોવાની સાથોસાથ ઘણા જ મહાન આબિદ તથા મુત્તકી પણ હતા અને મહાન મશાઈખોથી શરફે નિયાઝ હાંસલ કરતા રહ્યા. આપે વારસામાં મળેલા સિત્તેર હજાર દીનારમાંથી એક પૈસો પણ પોતાની જાત પર ખર્ચ નથી કર્યો, બલ્કે ખજૂરનાં પાંદડાં વેચીને પોતાનો ખર્ચ ચલાવ્યા કરતા હતા, એના ઉપરાંત કેવળ એક ગોદડીમાં ચાલીસ વરસનો અરસો ગુજારી દીધો.

**આપના હાલાત** : આપે હુઝૈફા મરઊશીને પત્રમાં લખ્યું કે, મને એ સાંભળીને અફસોસ થયો કે તમે બે રજકણ સોનાના બદલામાં પોતાનો દીન વેચી

u #અઝ : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ u#**અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

નાખ્યો, કેમ કે જ્યારે તમે એકવાર કોઈની પાસે કોઈ ચીજ ખરીદી રહ્યા હતા તો માલિકની બતાવેલી કિંમતને તમે પાંચ ગણી ઓછી કરીને બતાવી અને તેણે તમને દીનદાર ધારીને તમારો લેહાઝ કરીને તે ચીજ ખૂબ જ ઓછી કિંમતમાં આપી દીધી. હઝરત લેખક જણાવે છે કે આ બનાવ અન્ય કિતાબોમાં એનાથી ઉલ્ટો પણ છે પરંતુ મેં વિશ્વસનીય કિતાબોમાં આ પ્રમાણે નકલ થયેલ પામ્યું.

ફર્માવ્યું કે દુનિયાના માલની પ્રાપ્તિ માટે કુર્આનની તાલીમ સાથે મજાક છે. ફર્માવ્યું કે **સાચી નિયત સાથે એક રાતની ઈબાદત પણ જેહાદના સવાબ કરતાં પણ કેટલાય અંશે અધિક છે.** ફર્માવ્યું કે **પોતાના કરતાં સૌને બેહતર ખયાલ કરવાનું નામ તવાઝોઅ (આજીજી, નમ્રતા) છે,** કેમ કે **થોડીક તવઝોઅનો બદલો અતિશય પ્રમાણના મુજાહિદાઓના સમાન છે.** અને તવઝોઅ (આજીજી) કરનાર તે છે જે શરીઅતના હુકમો પર અમલકર્તા રહીને મખ્લૂક (લોકો) સાથે નરમીનો વર્તાવ કરે અને પોતાનાથી અધિક મહાન મર્તબાવાળ ાની તાઝીમ કરે. દરેક નુકસાનને સહન કરીને ખુદાની આપેલી ચીજ પર શાકિર રહે અને ઝિક્રે ઈલાહીની સાથોસાથ ગુસ્સાને ખત્મ કરી આપે. અમીરો સાથે તકબ્બુરથી વર્તે. ફર્માવ્યું કે તૌબાની દસ નિશાનીઓ છે : દુનિયાથી દૂરી અપનાવવી, મના ચીજોથી બચવું, ઘમંડીઓ સાથે સંબંધ ન રાખવો, નમ્રતાવાળાઓની સોહબત અપનાવવી, નેક લોકો સાથે સંબંધ રાખવો, તૌબા પર હમેશાં કાયમ રહેવું, તૌબા પછી ગુનાહ ન કરવા, હક્કોની અદાયગી કરતા રહેવું, ગનીમત તલબ કરવી, શક્તિને વેડફવું.

એ જ પ્રમાણે ઝોહદની પણ દસ નિશાનીઓ છે : મૌજૂદ ચીજને છોડી આપવી, નિશ્ચિત થયેલ ખિદમત બજાવી લાવવી, ખૈરાત કરતા રહેવું, બાતિની (દિલી) સફાઈ હાંસલ કરવી, સગા સંબંધીઓની ઈજ્જત કરવી, દોસ્તોની ઈજ્જત કરવી, મુબાહ ચીજોમાં પણ ઝોહદથી કામ લેવું, આખેરતનો ફાયદો શોધવો, એશઆરામમાં કમી કરતા રહેવું. ફર્માવ્યું કે "વરઅ"ના પણ દસ પ્રકાર છે : શંકાસ્પદ ચીજોમાં સોચ વિચારથી કામ લેવું, શંકાવાળી ચીજોથી બચવું, નેક તથા બુરામાં ફરક કરવો, ફિકર તથા ગમથી દૂર ભાગવું, નફા નુકસાનથી બેપરવા રહેવું, રબની રઝા પર કાયમ રહેવું, અમાનતની રક્ષા કરવી, સમયની મુસીબતોથી વિમુખ રહેવું. આફતોથી ખતરાવાળી ચીજોથી કિનારો કરવો, ફખ્ર તથા અભિમાન વિદાય કરી દેવો. ફર્માવ્યું કે સબ્રની પણ દસ નિશાનીઓ છે : નફસને રોકવો, દર્સને મજબૂત રાખવો, અમ્નના તાલિબ રહેવું, બેસબ્રીને ત્યજી દેવી, તકવાની શક્તિ તલબ કરવી, ઈબાદતોની નિગરાની કરવી, વાજિબોને હદ સુધી પહોંચાડવા, મામલામાં સચ્ચાઈ અપનાવવી, મુજાહિદાઓ પર કાયમ રહેવું, સમાજ સુધારણા કરતા રહેવુ.

ફર્માવ્યું કે મુરાકેબાની છ નિશાનીઓ છે : ખુદાની પસંદીદા ચીજને પ્રિય રાખવી, ખુદા સાથે નેક ઈરાદો કાયમ રાખવો, કમી તથા અધિકતાને અલ્લાહ તરફથી ખયાલ કરવું, ખુદાની સાથે રાહત તથા સુકૂન હાંસલ કરવું, મખ્લૂકથી દૂરી અપનાવવી, ખુદાથી મહોબ્બત કરવી. ફર્માવ્યું કે, સિદ્દક (સત્ય)ની પણ છ નિશાનીઓ છે : દિલ તથા ઝબાનને દુરુસ્ત રાખવી, વાણી તથા વર્તનમાં સરખાપણુ કાયમ રાખવું, પોતાની પ્રશંસાની ખ્વાહિશ ન કરવી, હુકૂમત ન અપનાવવી, દુનિયાને આખેરત પર અગ્રતા ન આપવી. નફસની વિરૂધ્ધતા કરવી. ફર્માવ્યું, **તવક્કુલની પણ દસ નિશાનીઓ છે : ખુદાની જમાનત પામેલી ચીજોથી સુકૂન હાંસલ કરવો,** જે કાંઈ મળી જાય એના પર શાકિર (શુક્ર કરનાર) રહેવું, મુસીબતો પર સબ્ર

કરવી, અરકાન પર પાબંદી સાથે અમલ કરવો, બંદાઓની જેમ જિંદગી ગુજારવી, ઘમંડથી દૂર રહેવું, અખત્યારોને નાબૂદ કરી દેવા, મખ્લૂકથી ઉમ્મીદ સંબંધિત ન રાખવી, હક઼ીકતોમાં ક઼દમ રાખવો અને દક઼ાઈક઼ (બારીક વાતો) હાંસલ કરતા રહેવું. ફર્માવ્યું કે એવું વિચારીને અમલ કરો કે આ અમલ વિના નજાત શક્ય નથી, અને એવું દિમાગમાં બેસાડીને તવક્કુલ અપનાવો કે મુક઼દરમાં લખેલાથી અધિક મળ વું શક્ય નથી. પછી ફર્માવ્યું કે ઉન્સ (રબથી લગાવ, મહોબ્બત)ની પાંચ નિશાનીઓ છે : હમેશાં ગોશાનશીન (એકાંત)માં રહેવું, મખ્લૂકથી વહશતઝદા (ડરેલા) રહેવું, ખાલિકને દરેક પળે યાદ રાખવો, મુજાહિદાઓમાં સુકૂન અપનાવવો, ઈતાઅત (આજ્ઞાપાલન) પર અમલકર્તા રહેવું. ફર્માવ્યું કે વાત કરતા પહેલાં અંજામ પર વિચારણા કરવી જરૂરી છે અને જે ચીજમાં ચિંતન વિચારણાથી શર્મિંદગી થાય એના પર વિચારણા ન કરવી અફઝલ છે પછી ફર્માવ્યું કે **જીભથી બુરી વાત ન કાઢો, કાનોથી બુરી વાત ન સાંભળો, ઝિનાથી દૂર રહો, હલાલ રોજીનો ઉપયોગ કરો, દુનિયાને વિદાય આપી દો, મોતને નજરો સમક્ષ રાખો.** પછી ફર્માવ્યું કે, શોક઼ (અલ્લાહની મહોબ્બત અને દીદારની તડપ)ની પાંચ નિશાનીઓ છે : એશ તથા આરામમાં મૌતને ન ભૂલવું, ખુશીના દરમિયાન પણ જિંદગીને કિંમતી નેઅમત સમજવી, ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહેવું, નેઅમતના જતા રહેવા પર અફસોસ પ્રદર્શિત કરવો, મુશાહિદાતની હાલતમાં ખુશ રહેવું. પછી ફર્માવ્યું કે જમાઅતવાળી નમાઝો ઉપરાંત નમાઝોની અધિકતા અને હલાલ રોજીની તલબ ફર્ઝ છે.

## હાજીઓ માટે ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન

**દાતાગંજબક્ષ ફાઉન્ડેશન** : મખદૂમ સાહબ બાબા દરબાર (મોડાસા, ગુજરાત) દ્વારા હજ્જ હાઉસ મુંબઈ (હજ કમિટી ઓફ ઈન્ડિયા) ખાતે ફિઝિયોથેરાપી (કસરતો)ના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હાજીઓ માટે કસરતો અને સારી હેલ્થ માટેની માહિતી આપતી બુકલેટ (E-BOOK) મુંબઈના પ્રખ્યાત હોસ્પિટલસના નિષ્ણાત ડોક્ટરોના માર્ગદર્શન હેઠળ ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. સૈયદ આકિબ કાઝી દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આ બુકલેટમાં ઈંગ્લિશ, હિંદી, ઉર્દૂ અને ગુજરાતી ચાર ભાષાનો સમાવેશ હતો. ભારતના ઈતિહાસમાં હજ્જ યાત્રીઓ માટે પ્રથમ વખત આવી કસરતની બુકલેટ પ્રકાશિત કરવામાં આવી હતી જેમાં ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. સૈયદ આક઼િબ ક઼ાઝી દ્વારા હાજીઓને હજ્જ પહેલા અને હજ્જ પછીની ફિટનેસ ટ્રેનિંગ આપવામાં આવી હતી. હાજીઓને ગરદન, ખભા, કમર, અને પગમાં દુઃખાવાની કસરતો તેમજ શરીરને મજબૂત કરવા માટેની કસરતો શીખવાડવામાં આવી હતી. તથા હજ્જ હાઉસ મુંબઈથી વીડિયો અને સોશિયલ મીડિયાના માધ્યમથી પણ હાજીઓને મક્કા શરીફ (સઉદી અરબિયા)માં કસરતો (ફિઝિયોથેરાપી)નું શિક્ષણ આપવામાં આવ્યું હતું. જ્યારે હજ કમિટી ઓફ ઈન્ડિયા (હજ હાઉસ મુંબઈ)ના CEO ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રી શાનવાસ સી. (IAS)એ જણાવ્યું હતુ કે, ફિઝિયોથેરાપી એ આરોગ્યનું મુખ્ય પિલર છે. હજ્જ પહેલાં કસરતની ટ્રેનિંગ તથા ચાલવાની પ્રેક્ટીસ કરવી ખૂબ જ જરૂરી હોય છે. હાજીઓ એ હજ્જ દરમિયાન તેમની હેલ્થનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી હોય છે. હાજીઓએ વધારેમાં વધારે પાણી પીવુ જોઈએ જેથી ગરમીના કારણે ડિહાઈડ્રેશન અને હીટસ્ટ્રોકથી બચી શકાય. કેબિનેટ મિનિસ્ટર (**Ministry of Minority Affairs and Ministry of Parliamentary Affairs, Govt. of India**) શ્રી કિરેન રિજ્જુએ કહ્યું હતું કે હજ્જ દરેક હાજી માટે બહુ પવિત્ર અને જીવનની સૌથી મોટી યાત્રા હોય છે. દરેક મુસલમાનની ઈચ્છા હોય છે કે જીવનમાં એકવાર હજ્જ માટે મક્કા–મદીના જવું છે. દરેક હાજીનું હજ્જનું સ્વપ્ન પૂરુ કરવા માટે અમારા તરફથી પૂરી તાકાત લગાડવામાં આવી છે અને અમારા તરફથી અમે બને એટલા સારા પ્રયાસો કર્યા છે. *–રજૂ. ડૉ. સૈયદ આકિબ ક઼ાઝી–મોડાસા*

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૩૪

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો ઘણો ખરો ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ફિક઼્હી મસાઈલ

ગીબતનો અર્થ છે કે કોઈ શખ્સની છુપાયેલી બુરાઈઓને (જેને તે બીજાની સામે જાહેર થવાનું પસંદ ન કરે) તેની બુરાઈ કરવાના હેતુથી યાદ કરવો. અને જો તેનામાં એવી વાત ન હોય તો આ ગીબત નથી બલ્કે આક્ષેપ છે. કુર્આન મજીદમાં ફર્માવ્યું :

وَ لَا تَجَسَّسُوْا وَ لَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ؕ اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ؕ

"તમે એકબીજાની ગીબત ન કરો શું તમારામાંથી કોઈ એ વસ્તુને પસંદ કરે છે કે તે પોતાના મૃત્યુ પામેલા ભાઈનો ગોશ્ત ખાય આને તો તો તમે ખરાબ જાણો છો." *(સૂ. હુજુરાત, ૪૯/૧૨)*

હદીષોમાં પણ ગીબતની ઘણી બધી બુરાઈઓ આવેલ છે, કેટલીક હદીષ વર્ણવામાં આવી તેને ધ્યાનથી પઢો. આ હરામ વસ્તુથી બચવાની સખ્ત જરૂરત છે. આજકાલ મુસલમાનોમાં આ બલા ઘણી ફેલાયેલી છે તેનાથી બચવા માટે કોઈ પણ ધ્યાન નથી કરતુ. ઘણી ઓછી એવી મેહફિલો હોય જે ચુગલી અને ગીબતથી મેહફૂઝ હોય.

**મસ્અલા :** એક શખ્સ નમાઝ પઢતો હતો અને રોઝો રાખતો હતો પરંતુ પોતાના હાથ અને જીભથી બીજા મુસલમાનોને તકલીફ પહોંચાડતો હતો. એની આ તકલીફ પહોંચાડનારની વાતો લોકોમાં સામે કહેવી ગીબત નથી. કારણ કે વાતો કરવાનો હેતુ એ છે કે લોકો તેના આ કામથી ચેતી જાય અને તેનાથી બચતા રહે કે ક્યાંક એવુ ન થઈ જાય કે તેની નમાઝ અને રોઝાથી ધોકો ખાઈ જાય અને મુસીબતમાં પડી જાય. હદીષમાં આવ્યું છે, ઈર્શાદ ફર્માવ્યું કે શું તમે ફાજિરની વાતો કરવાથી ડરો છો ? જે ખોટી વસ્તુઓ તેનામાં છે તેનું વર્ણન કરો જેથી કરીને લોકો તેનાથી દૂર રહે અને બચે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા :** આવા શખ્સની હાલત જેને ઉપર વર્ણવવામાં આવી જો બાદશાહ અથવા કાઝીથી કહેવામાં આવી જેથી કરીને તેને સજા મળે અને પોતાની કુટેવને છોડી દે આ ચુગલી અને ગીબતમાં નથી ગણાતું. (દુર્રે મુખ્તાર) આ હુકમ ફાસિક અને ફાજિરનો છે જેના ત્રાસથી બચવા માટે લોકોની સામે તેની બુરાઈ ખોલી નાખવી જાઈઝ છે અને ગીબત નથી.

હવે સમજવું જોઈએ કે બદઅકીદાવાળા લોકોથી નુકસાન ફાસિકના નુકસાનથી ઘણુ વધારે છે.

www.barkatekhwaja.net

ફાસિકથી જે નુકસાન પહોંચશે એ તેનાથી બહુ ઓછું છે જે બદઅકીદાળાથી પહોંચે છે. ફાસિકથી વધારે પડતુ દુન્યવી તકલીફ થાય છે અને બદમઝહબથી તો દીન અને ઈમાનની બરબાદીનું નુકસાન થાય છે. અને બદમઝહબ પોતાની બદમઝહબીને ફેલાવવા માટે નમાઝ, રોઝાની જાહેરમાં ઘણી પાબંદી કરે છે જેથી કરીને તેમનો વકાર લોકોમાં પૈદા થાય પછી જે ગુમરાહીની વાત કરશે તેનો પૂરો અસર થશે. માટે આવા લોકોની બદમઝહબીને જાહેર કરવી ફાસિકના ફિસ્કને જાહેર કરવા કરતાં પણ વધારે અગત્યનું છે. તેને બયાન કરવામાં ક્યારેય અફસોસ ન કરે. **આજકાલમાં કેટલાક જૂઠા સૂફી પોતાની પાકીને એ રીતે જાહેર કરે છે કે આપણે કોઈની બુરાઈ ન કરવી જોઈએ.** પણ આ શૈતાની ધોકો છે. ખુદાની મખ્લૂકને ગુમરાહોથી બચાવવું કોઈ મામૂલી વાત નથી, બલ્કે આ અંબિયાએ કિરામ عليهم السلامની સુન્નત છે જેને બેકારની તાવીલો કરીને છોડાવવા ઈચ્છે છે અને તેનો મકસદ એવો હોય છે કે હું લોકોની સામે સારો દેખાઉં, શા માટે હું કોઈનો વિરોધ કરું !

**મસ્અલા** : એવી ખબર છે કે જેમાં બુરાઈ છે જો તેના વાલિદને ખબર પડી જશે તો આ હરકતથી રોકી દેશે તો તેના બાપને ખબર આપે. જીભથી કહી શકે તો એનાથી કહે અથવા લખીને જણાવી દે. અને જો ખબર છે કે પોતાના બાપનું કહ્યું પણ નહીં માને અને છોડશે નહીં તો ન કહે, કે વગર કારણે દુશ્મની પૈદા થશે. આ જ રીતે પત્નીની શિકાયત તેના પતિથી કરી શકે છે અને પ્રજાની બાદશાહથી કરી શકે છે. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર) પરંતુ એ વસ્તુ જરૂર છે કે જાહેર કરવાથી તેની બુરાઈ કરવાનો હેતુ ન હોય બલ્કે અસ્લ મકસદ એવો હોય કે લોકો તેની બુરાઈથી બચે અને તેની એવી આદત છૂટી જાય.

**મસ્અલા** : કોઈએ પોતાના મુસલમાન ભાઈની બુરાઈ અફસોસ માટે કરી કે મને ઘણો અફસોસ છે કે તે આવાં કામો કરે છે, આ ગીબન નથી. કેમ કે જેની બુરાઈ કરી જો તેને ખબર પણ પડી ગઈ તો આવી પરિસ્થિતિમાં પણ તેને ખરાબ નહીં લાગે. ખરાબ તે વખતે લાગશે જ્યારે તેને ખબર હોય કે તેના વિશે કહેવાવાળાનો ઈરાદો બુરાઈ કરવાનો છે.

પરંતું એ જરૂર છે કે આ વસ્તુનું જાહેર કરવું તેણે અફસોસના જ કારણે કર્યું હોય નહિતર આ ગીબત છે બલ્કે આ એક જાતનો નિફાક અને રિયા અને પોતાની પ્રશંસા છે, કારણ કે તેણે મુસલમાન ભાઈની બુરાઈ કરી અને જાહેર એવું કર્યું કે બુરાઈનો ઈરાદો નથી, આ નિફાક થયું. અને લોકો પર એવું જાહેર કર્યું કે આ કામ હું મારા માટે અને બીજાના માટે ખરાબ જાણું છું આ રિયા છે. અને જેમ કે ગીબતને ગીબતની રીતે નહીં કર્યું માટે પોતાને સાલેહ લોકોમાંથી બતાવ્યો આ નફસને પાક કરવું અને પોતે જ પોતાની પ્રશંસા કરી કહેવાય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : કોઈ વસ્તી અથવા શહેરવાળાની બુરાઈ કરી દા.ત. એવું કહ્યું કે ત્યાનાં લોકો એવા છે, આ ગીબત નથી. કારણ કે આવી વાતોનો મકસદ એવો નથી હોતો કે ત્યાંના સૌ લોકો એવા છે બલ્કે કેટલાક લોકો મુરાદ હોય છે, અને જે અમુક જણને કહેવામાં આવ્યું એ ખબર નથી. ગીબત એવી પરિસ્થિતિમાં થાય છે કે જ્યારે કોઈ ચોક્કસ અને જાણતા હોય તેવા શખ્શોની બુરાઈ કરવામાં આવે. અને જો તેનો હેતુ ત્યાનાં તમામ લોકોની બુરાઈ કરવાનો છે, તો આ ગીબત છે. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ફકીહ અબુલ લૈષે ફર્માવ્યું કે ગીબત ચાર જાતની છે : (૧) કુફ્ર, તેની પરિસ્થિતિ એવી છે કે એક શખ્સ ગીબત કરી રહ્યો છે તેનાથી કહેવામાં આવ્યું કે ગીબત ન કરો તો કહેવા લાગ્યો, આ ગીબત નથી હું સાચો છું. તે શખ્સે એક કતઈ હરામને હલાલ



www.barkatekhwaja.net

બતાવ્યું. (૨) બીજો પ્રકાર નિફાક છે કે એક શખ્સની બુરાઈ કરે છે અને તેનુ નામ નથી લેતો પરંતું જેની સામે બુરાઈ કરે છે એ તેને ઓળખે છે. માટે આ ગીબત કરે છે અને પોતાને પરહેઝગાર સાબિત કરે છે. આ એક જાતનો નિફાક છે. (૩) ત્રીજો પ્રકાર મઅસિયત, અને તે એ છે કે ગીબત કરે છે અને એવું જાણે છે કે આ હરામ કામ છે, આવો શખ્સ તૌબા કરી લે. (૪) ચોથો પ્રકાર મુબાહ છે અને તે એ કે ખુલ્લમ ખુલ્લા ગુનોહ કરવાવાળો અથવા બદ મઝહબની બુરાઈ બયાન કરે બલ્કે જ્યારે લોકોને તેના ત્રાસથી બચાવવાનો ઈરાદો હોય તો સવાબ મળવાની ઉમ્મીદ છે. *(રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : જે શખ્સ ખુલ્લમ ખુલ્લા ખરાબ કામ કરે છે અને તેને એની કોઈ પરવા નથી કે લોકો તેને શું કહેશે. તેની એ ખરાબ હરકતનું બયાન કરવું ગીબત નથી. અને જે બીજી વાતો જે જાહેર નથી તેનું ઝિક્ર કરવું ગીબતમાં ગણાશે. હદીષમાં છે કે જેણે શરમનો પડદો પોતાના મોઢા પરથી હટાવી લીધો તેની ગીબત નથી. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : જેનાથી કોઈ વાતનો મશવરો (રાય) લીધો તે જો પેલા શખ્સની બુરાઈ જાહેર કરે જેના સંબંધે મશવેરો છે, આ ગીબત નથી. હદીષમાં છે : જેનાથી મશવેરો લેવામાં આવે તે અમીન છે માટે તેની બુરાઈ જાહેર ન કરવી ખયાનત છે. દા.ત. કોઈને ત્યાં પોતાના અથવા પોતાની ઔલાદ વગૈરેનો નિકાહ કરવા ઈચ્છતો હોય. બીજાથી તેના બારામાં પૂછયું કે મારો ઈરાદો આવો છે, તમારું શું કહેવું છે ? એ શખ્સને જેને થોડી ઘણી જાણકારી છે તેને બયાન કરી દેવું ગીબત નથી આ જ રીતે કોઈની સાથે વેપાર વગેરેમાં શરીક કરવા ઈચ્છતો હોય અથવા તેની પાસે કોઈ વસ્તુ અમાનત રાખવા ચાહતો હોય અથવા કોઈની પડોશીમાં રહેવા ચાહતો હોય અને તેના સંબંધે કોઈનાથી મશવેરો લે છે અને આ શખ્સ તેની બુરાઈ બયાન કરે તો એ ગીબત નથી. *(રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : જે બદમઝહબ પોતાની બદમઝહબી છુપાવેલ છે જેવા કે રાફઝીઓને ત્યાં તકીયા (એ રાઝ જે દિલમાં હોય એને ડરના કારણે જાહેર ન કરે) છે અથવા આજકાલના ઘણા એવા વહાબીઓ પણ પોતાની વહાબિયત છુપાવે છે અને પોતાને સુન્ની દેખાડે છે અને જ્યારે મોકો મળે છે તો બદમઝહબીને ધીરે ધીરે આગળ વધારે છે. તેમની બદમઝહબીનો જાહેર કરવું ગીબત નથી કે લોકોને તેમના ધોખાથી બચાવવું છે અને જો પોતાની બદમઝહબીને છુપાવતો નથી બલ્કે ખુલ્લમ ખુલ્લા જાહેર કરે છે તો પણ ગીબત નથી કે તે ખુલ્લમ ખુલ્લા બુરાઈ કરનારાઓમાંથી છે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : કોઈના જુલ્મની ફરિયાદ હાકિમની જોડે કરવી પણી ગીબત નથી. દા.ત. ફલાણા શખ્સે મારી પર જુલ્મ કર્યો જેથી કરીને હાકિમ તેનો ઈન્સાફ કરે. એવી જ રીતે મુફતીની સામે ઈસ્તિફતા (ફતવો પૂછવો) આપવામાં કોઈની બુરાઈ કરી કે ફલાણા શખ્સે મારી સાથે આવુ કર્યુ તેનાથી બચવાનો શો ઉપાય છે. પરંતું આવી પરિસ્થિતિમાં બેહતર એ છે કે નામ ન લે બલ્કે આ રીતે કહે કે એક શખ્સે એક શખ્સની સાથે આવું કર્યું, બલ્કે ઝૈદ અને અમર નામ આપીને કહે જેવું કે આ જમાનામાં વધારે પડતા ઈસ્તિફતાની આ જ હાલત હોય છે. તેમ છતાંય નામ લઈ લીધું તો જાઈઝ છે એમાં પણ કોઈ વાંધો નથી, જેવું કે હદીષે સહીહમાં આવ્યું છે કે હિંદાએ અબૂ સુફિયાન رضی اللہ عنہના બારામાં હુઝૂર ﷺથી ફરિયાદ કરી કે તે બખીલ છે, એટલો નફકો (ખોરાકી) નથી આપતા જે મારા અને મારા બાળકો માટે પૂરતું થાય, પરંતું જ્યારે હું તેમની જાણકારીમાં ન હોય ત્યારે લઈ લઉં ? ઈર્શાદ ફર્માવ્યું કે તમે એટલું લઈ શકો છો જે તમારા

www.barkatekhwaja.net

અને તમારા બાળકો માટે પૂરતું છે. *(રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : એક સૂરત તેના જાઈઝ થવા માટેની એ છે કે તેનો ઈરાદો મુબીઅ (ખરીદેલી વસ્તુ)ની ખરાબી બયાન કરવી હોય. દા.ત. ગુલામને વેચવા ચાહે છે અને તે ગુલામમાં કોઈ ઊણપ છે, ચોર અથવા ઝિનાખોર છે. તેની આ ખરાબીને લેનાર સામે બયાન કરી દેવી જાઈઝ છે. એ જ રીતે કોઈ જોઈ રહ્યો છે કે લેનાર વેચનારને ખોટો રૂપિયો આપી રહ્યો છે તેનાથી એની આ હરકત જાહેર કરી શકે છે. *(રદ્દુલ મુહતાર)*

એક સ્થિતિ જાઈઝ થવાની એ પણ છે તે અયબ વર્ણવવાથી હેતુ તેની બુરાઈ કરવી ન હોય બલ્કે તે શખ્સની ઓળખાણ અને તેની પહોચાનનો હેતુ હોય. દા.ત. જે શખ્સ તે ખામીઓની સાથે ઓળખાય છે તો ઈરાદો ઓળખનો છે ન કે બુરાઈ બયાન કરવાનો. જેવું કે અઅમા (અંધ), અઅમશ, અખ્વલ. સહાબાએ કિરામમાં અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમ આંધળા હતા અને રિવાયતોમાં તેમની નામની સાથે અઅમા (નાબીના) આવે છે. મોહદ્દિષોમાં ઘણા મોટાપાયાના સુલયમાન અઅમશ છે. અઅમશનો અર્થ ચુન્દો (એટલે કે જે પ્રકાશને જોઈ ન શકતો હોય) છે. આ શબ્દ તેમના નામની સાથે બોલવામાં આવે છે. એ જ રીતે અહીંયા પણ કેટલીક વાળા ઓળખણ માટે કોઈને આંધળો અથવા કાણો અથવા ઠીંગણો અથવા લાંબો કહેવામાં આવે છે, આ ગીબતમાં નથી આવતું.

*(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા** : હદીષના રાવીઓ અને મુકદ્દમાનાં ગવાહો અને લેખકોની પકડ કરવી અને તેમની ખામીઓ બયાન કરવી જાઈઝ છે. જો રાવીઓની ખરાબીઓ બયાન કરવામાં ન આવે તો સહીહ હદીષ અને ગેર સહીહમાં ફર્ક પૈદા નહીં થઈ શકે. આ જ રીતે લેખકોની હાલતો બયાન ન કરવામાં આવે તો ભરોસાવાળી કિતાબો અને ભરોસા વગરની કિતાબોમાં તફાવત નહીં રહે. ગવાહો ઉપર જરહ ન કરવામાં આવે તો મુસલમાનોના હકોની હિફાઝત નહીં થઈ શકે.

પહેલેથી લઈને છેલ્લે સુધી અગિયાર (૧૧) પ્રકારો એવા છે જે દેખાવમાં ગીબત છે અને વાસ્તવમાં ગીબત નથી અને તેમાં ખામીઓને બયાન કરવું જાઈઝ છે બલ્કે કેટલાક પ્રકારમાં તો વાજિબ છે. *(રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : ગીબત જે રીતે જીભથી થાય છે કામથી પણ થાય છે ખુલેઆમ બુરાઈ કરવામાં આવે અથવા ઈશારાથી બુરાઈ કરવી આ તમામ પ્રકારો હરામ છે. બુરાઈને જે પ્રકારથી સમજવામાં આવશે તે તમામ ગીબત છે. ઈશારાની રીત એ છે કે કોઈના ઉલ્લેખ વખતે એવું કહેવામાં આવે કે અલ્હમ્દુલિલ્લાહ ! હું એવો નથી. જેનો એવો અર્થ થયો કે તે આવો છે. કોઈની બુરાઈ લખી એ પણ ગીબત છે. માથુ વગેરે હલાવવું પણ ગીબત હોઈ શકે છે. દા.ત. કોઈના સદ્ગુણોને વર્ણવામાં આવતાં હતાં, તેણે માથાના ઈશારાથી એવું બતાવવા ઈચ્છયું કે તેમાં જે કાંઈ બુરાઈ છે એમનાથી તમને જાણકારી નથી. હોટો અને આંખોથી અને ભવાં અને જીભ અથવા હાથના ઈશારાથી પણ ગીબત હોઈ શકે છે. એક હદીષમાં છે : હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે એક સ્ત્રી અમારી પાસે આવી જ્યારે તે જતી રહી તો મે હાથનાં ઈશારાથી બતાવ્યું કે તે ઠીંગણી છે. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, તમે એમની ગીબત કરી.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મોહતાર)*

**મસ્અલા** : ગીબતનો એક પ્રકાર નકલ કરવું છે, દા.ત. કોઈ લંગડાની નકલ કરે અને લંગડાઈને ચાલે અથવા જે ચાલથી કોઈ ચાલે તેની નકલ ઉતારી, આ પણ ગીબત છે. બલ્કે જીભથી કહી દેવાથી આ વધુ ખોટું છે કારણ કે નકલ કરવામાં આખી તસવીર અને વાતને સમજાવવાનું મળી આવે છે જ્યારે કે કહેવામાં તે વાત નથી. *(દુર્રે મોહતાર)* –*(ક્રમશઃ)*

મસ્અલા 10

# અંબિયા عليهم السلام ના તસર્રુફાત (અખત્યારો)

## કિતાબ તથા સુન્નતની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

### ★ લાકડીની બેકરાર ડાળીને કરાર અતા કર્યો ★

**હદીષ–૨૨** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ખજૂરના એક થાંભલાથી ટેકો લગાડીને ખુત્બો આપ્યા કરતા હતા. જ્યારે મિમ્બર બની ગયો તો સરકાર સુતૂનને છોડીને મિમ્બર પર (ખુત્બો આપવા માટે) તશરીફ લઈ ગયા. એના કારણે તે સુતૂન રડવા લાગ્યો. તો સરકાર ﷺ તેની પાસે તશરીફ લાવ્યા અને તેના પર પોતાનો પ્રેમાળ હાથ ફેરવ્યો (તો તે ચૂપ થઈ ગયો.) *(સહીહ બુખારી, ૧/૫૦૬, કિતાબુલ મનાકિબ, અલામાતે નબુવ્વત ફિલ્ઈસ્લામ, મજલિસે બરકાત, મુબારકપુર)*

**હદીષ–૨૩** : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ જુમ્આના દિવસે ખજૂરના એક થાંભલા સાથે (ખુત્બાના સમયે) ટેકો લગાડયા કરતા હતા. એક અન્સારી ખાતૂન અથવા પુરૂષે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું અમે આપના માટે મિમ્બર ન બનાવી દઈએ ? હુઝૂરે ફર્માવ્યું, ચાહો તો બનાવી શકો છો. તો તેમણે આપના માટે મિમ્બર તૈયાર કરી આપ્યો. જ્યારે જુમ્આનો દિવસ આવ્યો તો સરકાર મિમ્બર પર તશરીફ લઈ ગયા તો ખજૂરનો તે થાંભલો બાળકની જેમ રડવા લાગ્યો. એ જોઈને નબી કરીમ ﷺ મિમ્બરથી ઉતર્યા અને તેને સીના સાથે એ રીતે લગાડી લીધો જે રીતે રડતા બાળકને ચૂપ કરાવવામાં આવે છે.

હઝરત જાબિર ફર્માવે છે કે તે એ કારણે રડવા લાગ્યો કે પોતાની પાસે ઝિક્ર સાંભળ્યા કરતો હતો. *(સહીહ બુખારી, ૧/૫૦૬, કિતાબુલ મનાકિબ, અલામાતે નબુવ્વત ફિલ્ઈસ્લામ, મજલિસે બરકાત, મુબારકપુર)*

આપણે મહોબ્બતવાળાઓ એને પણ સરવરે કૌનૈન ﷺનો તસર્રુફ માનીએ છીએ કે આપે ખજૂરના થાંભલા પર ટેકો લગાડીને ઈઝ્ને ઈલાહીથી (રબના હુકમથી) એનામાં જિંદગીની રૂહ ફૂંકી દીધી, તેને માણસો જેવો સમજદાર તથા બુધ્ધિવાળી બનાવી દીધો અને તેના અંતરમાં પોતાની મહોબ્બતની ચાસણી રાખી દીધી. એ જ કારણે તેને રસૂલના વિરહનો એહસાસ થઈ ગયો અને ઝબાને રિસાલતથી ઝિક્રે ઈલાહી સાંભળવાની લિજ્જતથી મેહરૂમી પર તડપી ઉઠયો અને બાળકો જેમ રડવા લાગ્યો.

પછી જ્યારે મહબૂબે રબ્બુલ આલમીને તેને પોતાના સીનાથી ચીપકાવી દીધો તો તેને સાંત્વન થઈ ગયું અને રડતાં રડતાં ચૂપ થઈ ગયો જેવી રીતે રડતાં બાળકો સીનાથી લગાડયા બાદ ધીમે ધીમે શાંત થઈ જાય છે.

લાકડીની રડતી ડાળીને સીના સાથે લગાડીને સાંત્વન તથા સંતોષ અતા કરવું એ અખત્યારવાળા રસૂલનો તસર્રુફ તથા મોજિઝો છે.

### ★ શયતાનો પર કુદરત તથા તસર્રુફની દલીલ ★

**હદીષ–૨૪** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે એક નાફર્માન જિને રાતે અચાનક મારા પર હુમ્લો કરી

www.barkatekhwaja.net

આપ્યો જેથી નમાઝ ફાસિદ કરી દે. તો અલ્લાહે મને તેના પર કાબૂ આપ્યો અને મેં તેને પકડી લીધો. પછી મેં ચાહ્યું કે તેને મસ્જિદના કોઈ થાંભલા સાથે બાંધી દઉં કે જેથી તમે સૌ લોકો એને જુઓ. એટલામાં મને મારા ભાઈ સુલેમાન علیہ السلامની આ દુઆ યાદ આવી, "હે રબ ! મને એવી હુકૂમત અતા કર જે મારા બાદ કોઈના માટે મુનસિબ ન હોય" (સૂ. સાદ, ૩૫ થી ૩૮) તો મેં તેને બેઈજ્જતી સાથે ભગાડી મૂક્યો. *(સહીહ બુખારી, ૧/૪૮૬, કિતાબુલ અંબિયા, મજલિસે બરકાત, મુબારકપુર)*

મુસ્લિમ શરીફની હદીષ છે, અલ્લાહે મને કુદરત અતા ફર્માવી અને મેં એ નાફર્માન જિનનુ ગળુ સખ્તીથી દબાવી દીધુ. *(સહીહ મુસ્લિમ, ૧/૨૦૫, કિતાબુલ મસાજિદ, મજલિસે બરકાત, મુબારકપુર)*

સરકશ (નાફર્માન) જિને પોતાની અનહદ શક્તિ હોવા છતાં સરકાર ﷺ પર અચાનક હુમ્લો કર્યો તે પણ એ વખતે જ્યારે નમાઝમાં کأنك تراه (સહીહ બુખારી, ૧/૧૨, કિતાબુલ ઈમાન, બાબુ સવાલે જિબ્રઈલ અન્નબી અન ઈમાન, મજલિસે બરકાત, મુબારકપુર)ની ઈસ્તિગરાકી (તલ્લીનતાની) કૈફિયતમાં હતા, પણ આપે અલ્લાહની આપેલી શક્તિ વડે ન કેવળ એ કે તેનો નાપાક હુમ્લો નિષ્ફળ કર્યો બલ્કે તેને પકડીને સખ્તી સાથે તેનું ગળુ પણ દબોચી લીધું અને બાદમાં તેને બેઈજ્જતી સાથે નાસી છૂટવા માટે મજબૂર કરી દીધો.

આ શૈતાન પર આપની કુદરત તથા તસર્રુફની દલીલ છે.

### ★ જન્નતના લૂમ પર તસર્રુફ (પહોંચ) ★

**હદીષ-૨૫ :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺના મુબારક સમયમાં સૂર્યગ્રહણ લાગ્યું તો આપે "નમાઝે ખુસૂફ" પઢી. સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે જોયું કે આપ કાંઈક લઈ રહ્યા છે, પછી જોયું કે પાછળ હટી ગયા. તો હુઝૂરે ફર્માવ્યું કે મને (એ જગાએ) જન્નતનો મુશાહેદો (દીદાર) કરાવવામાં આવ્યો તો મેં જન્નતની દ્રાક્ષનો એ લૂમ હાથમાં લીધો (પછી છોડી આપ્યો) અને જો હું તેને લઈ લેત તો તમે લોકો તેને દુનિયાના અસ્તિત્વ સુધી ખાતા રહેત. *(સહીહ બુખારી, ૧/૧૦૩, કિતાબુલ અઝાન, મજલિસે બરકાત મુબારકપુર)*

આ હદીષની સાબિત થયું કે હુઝૂર સૈયદે કૌનેન ﷺનો તસર્રુફ તથા અખત્યારનો હાથ જન્નત સુધી લાંબો છે.

### ★ ઝાડો પર અખત્યાર તથા તસર્રુફ ★

**હદીષ-૨૬ :** ઓબાદા બિન વલીદ બિન ઓબાદા બિન સામિત رضی اللہ عنہ બયાન કરે છે કે હું અને મારા પિતા ઈલ્મની તલબ માટે નીકળ્યા... તો હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની પાસે તેમની મસ્જિદમાં આવ્યા તેમણે (એક લાંબી હદીષ વર્ણવતાં આ પણ બતાવ્યું :

**(અ)** અમે લોકો રસૂલુલ્લાહ ﷺની સાથે એક સફરમાં હતા. રસ્તામાં એક વિશાળ મેદાનમાં રોકાયા. તો રસૂલુલ્લાહ ﷺ કઝાએ હાજતના માટે તશરીફ લઈ ગયા અને હું હુઝૂરની પાછળ પાણીનુ વાસણ લઈને ગયો. હુઝૂર ﷺએ પર્દાની જગા શોધી પણ કોઈ એવી ચીજ જોવા ન મળી જેના થકી કઝાએ હાજતના વખતે પર્દો કરી શકે. મેદાનના છેડા પર બે ઝાડ હતાં. રસૂલુલ્લાહ ﷺ તેમનામાંથી એકની પાસે તશરીફ લઈ ગયા અને તેની એક ડાળી પકડીને ફર્માવ્યું : "અલ્લાહના હુકમથી મારુ આજ્ઞાપાલન કર !" તો તે ઝાડ તાબે થઈને આપની સાથે એવી રીતે ચાલવા લાગ્યું જેમ કે તે ઊંટ જેના નાકમાં નકેલ



www.barkatekhwaja.net

(લગામ) હોય અને તાબે થઈને ચાલે છે અને ઊંટ સવાર એને જે તરફ ખેંચે છે. પછી સરકાર ﷺ બીજા ઝાડની પાસે તશરીફ લઈ ગયા અને એની પણ એક ડાળી પકડીને ફર્માવ્યું : "અલ્લાહના હુકમથી મારું આજ્ઞાપાલન કર." તો તે પણ આપની સાથે એ જ રીતે આજ્ઞાંકિત થઈને ચાલવા લાગ્યું ત્યાં સુધી કે જ્યારે સરકાર બંને વચ્ચે અડધા અડધા અંતરે આવી ગયા તો બંનેને એક જગાએ કરીને ફર્માવ્યું, "અલ્લાહના હુકમથી તમે બંને એકબીજા સાથે મળી જાવ." તો બંને ભેગાં થઈ ગયાં.

હઝરત જાબિર કહે છે કે હું તેજ તેજ ચાલતાં એ ખયાલથી નીકળ્યો કે સરકાર ﷺ મને પોતાની નજીક મેહસૂસ કરીને દૂર ચાલ્યા જાય. પછી હું બેસીને દિલમાં વિચારવા લાગ્યો. થોડીવાર બાદ માથુ ઉઠાવ્યું તો જોયું કે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવી રહ્યા છે અને તે બંને ઝાડો અલગ અલગ થઈને પોત પોતાનાં થડો પર ઉભાં થઈ ગયાં. રસૂલુલ્લાહ ﷺએ થોડુક રોકાયને (ઝાડોને) જમણે ડાબે (જવાનો) ઈશારો કર્યો પછી સરકાર મારી પાસે તશરીફ લાવ્યા.

**(બ)** હઝરત જાબિર વર્ણન કરે છે કે પછી અમે લોકો લશ્કરમાં આવ્યા તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે જાબિર ! પાણીના માટે એલાન કરી દો (કે હાજર કરવામાં આવે) તો મેં કહ્યું, ખબરદાર થાવ ! પાણી લાવો, સાંભળો ! પાણી લાવો, સાંભળો ! પાણી લાવો.

હઝરત જાબિર કહે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને તો કાફલામાં એક ટીપુ પણ પાણી ન મળ્યું. હા ! એક અન્સારી સહાબી એક પૂરાણી મશક ઝાડની ડાળીમાં લટકાવીને સરકાર ﷺ માટે પાણી ઠંડુ કરતા હતા. હઝરત જાબિર કહે છે કે હુઝૂર ﷺએ (એમના બારામાં) મને ફર્માવ્યું કે ફલાણાના પુત્ર ફલાણા અન્સારીની પાસે જાવ અને જુઓ કે તેમની મશકમાં કાંઈક પાણી છે ? હઝરત જાબિર કહે છે કે મેં જઈને તેમના મશકમાં જોયું તો એમાં બસ એક ટીપુ પાણી મળ્યું. જો હું તેને ઉલ્ટાવતો તો ઘડાના સૂકા ભાગમાં ચૂંસાય જાત. મેં રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી તો હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

જાવ ! અને તે મશક લઈને આવો ! મેં તે મશક હાજર કરી. સરકારે તેને પોતાના દસ્તે બાબરકતમાં લીધી અને તેનાથી કાંઈક વાત કરવા તથા દબાવવા લાગ્યા. હું નથી જાણતો કે આપે તેની સાથે શું વાત કરી. પછી તે મશક મને આપીને ફર્માવ્યું, હે જાબિર ! ટબ લગાડવાનું એલાન કરી દો ! તો મેં એ એલાન કરી આપ્યું. તો મારી પાસે એક ટબ ઉઠાવીને લાવવામાં આવ્યું. મેં તેને સરકારની સામે રાખી દીધું.

રસૂલુલ્લાહ ﷺએ આંગળી ફેલાવીને હાથ મુબારકને ટબના ઊંડાણમાં રાખી દીધો અને ફર્માવ્યું, હે જાબિર ! આ મશક પકડો અને બિસ્મિલ્લાહ પઢીને મારા હાથ પર પાણી નાખો. તો મેં બિસ્મિલ્લાહ પઢીને હુઝૂરના દસ્તે મુબારક પર પાણી રેડયું. મેં જોયું કે પાણી રસૂલુલ્લાહ ﷺની આંગળીઓ વચ્ચેથી જોશ મારીને ઉભરાવા લાગ્યું. પછી ટબમાં પણ પાણી જોશ મારીને ભ્રમણ કરવા લાગ્યું, ત્યાં સુધી કે ભરાય ગયું. ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હે જાબિર ! એલાન કરી દો કે "જેને પાણીની હાજત હોય આવી જાય !" તે ફર્માવે છે કે લોકો આવ્યા અને પાણી પી પીને ધરાય ગયા. તે કહે છે કે પછી મેં પોકાર્યું કે, કોઈ હજી બાકી છે જેને પાણીની જરૂરત હોય ? ત્યાર બાદ રસૂલુલ્લાહ ﷺએ પોતાનો મુબારક હાથ ટબમાંથી કાઢી લીધો અને તે સમયે પણ તે પાણીથી ભરેલ હતું. *(સહીહ મુસ્લિમ, ૨/૪૧૫ થી ૪૧૮, કિતાબઝ ઝુહદ, મજલિસે બરકાત, મુબારકપુર)*

www.barkatekhwaja.net

આ હદીષમાં હુઝૂર સૈયદે આલમ ﷺ બે તસર્રુફાત તથા મોજિઝાઓનો ઉલ્લેખ છે : એક તસર્રુફ ઝાડોના આજ્ઞાપાલનનો અને બીજો તસર્રુફ પાણીની અધિકતાનો.

આંગળીઓ થકી પાણીનાં ઝરણાં વહેવાના બનાવો ખૂબ ખધિક પ્રમાણમાં છે. અને એના બારામાં કેટલીક હદીષો પાછલા વર્ણનોમાં દર્શાવાય ચૂકી છે.

આલમે નબાતાત (વનસ્પતિઓ) પર સરકાર ﷺના તસર્રુફાત (પહોંચ, અખત્યારો)ના આ દષ્ટાંતો જોઈ લો :

★ સરકાર ﷺએ વારાફરતી બે ઝાડોની એક એક ડાળ પકડીને આજ્ઞા પાલનનો હુકમ આપ્યો તો તે આપની સાથે તાબે થઈને ખેંચાતાં ચાલ્યાં આવ્યા.

★ આપે બંને ઝાડોને એક જગાએ કરીને આપસમાં ભેગાં થઈ જવાનો હુકમ આપ્યો તો બંનેવ ભેગાં થઈ ગયાં.

★ અને જ્યાં સુધી સરકાર ﷺ ત્યાં બેસેલા રહ્યા તે બંને આપસમાં ભેગાં મળીને આપના માટે આડ બનેલાં રહ્યાં.

★ પછી તે બંને એકબીજાથી અલગ થયાં.

★ અને પોત પોતાના થડ પર ઉભાં થઈ ગયાં.

★ અને જાહેર એ છે કે સરકારના ﷺના સરે અન્વરનો ઈશારો પામીને તે ઝાડો પોત પોતાની જગા પર જઈને ઉભાં થઈ ગયાં.

★ તો આ તેર (૧૩) તસર્રુફાત તથા મોજિઝા થયા. એના જ તરફ નિર્દેશ કર્યો છે ઈમામ અબૂ ઝકરિયા નવવી શાફઈ رحمۃ اللہ علیہએ પોતાના આ ઈર્શાદથી :–

وفي هذا الحديث مُعجِزَاتٌ ظَاهِراتٌ لرسول الله صلى الله تعالى عليه وسلَّمَ

આ હદીષમાં રસૂલુલ્લાહ ﷺના રોશન મોજિઝાઓ છે.

**હદીષ–૨૭** : હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે એક ગામડાવાસી રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થયો અને અર્ઝ કરી કે, હું કેવી રીતે ઓળખુ કે આપ નબી છે ? તો આપે ફર્માવ્યું, "જો હું આ ખજૂરના ઝાડના ઝુમ્ખાને બોલાવી દઉં તો તમે શહાદત આપશો કે યકીનન ! અલ્લાહનો રસૂલ છું ?!"

પછી રસૂલુલ્લાહ ﷺએ તેને બોલાવ્યો તો તે ખજૂરના ઝાડથી ઉતરવા લાગ્યો ત્યાં સુધી કે નબી કરીમ ﷺની પાસે આવી ગયો પછી રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "પરત થઈ જાવ !" તો તે પરત થઈ ગયો. આ મોજિઝો જોઈને તે ગામડાવાસી મુસલમાન થઈ ગયો.

ઈમામ અબૂ ઈસા તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન, ગરીબ, સહીહ છે અને ગૈર મુકલ્લિદોના ઈમામ શયખ અલ્બાનીએ પણ આ હદીષને સહીહ કહી છે.

રિસાલતનું ફર્માન સાંભળીને ઝાડ પર લાગેલ ખજૂરના ઝુમ્ખાનુ તૂટી જવું, ઝાડથી ઉતરવું અને સરકારે દો આલમ ﷺના કદમોમાં હાજર થવું. પછી પરત થવાનો હુકમ સાંભળીને પરત થઈ જવું, ઝાડ પર ચઢવું અને પોતાની જગાએ ગોઠવાય જવું, વિના શંકાએ વનસ્પતિ જગતમાં સરકાર ﷺના વિવિધ તસર્રુફાત તથા મોજિઝાઓ પ્રદર્શિત કરે છે.

કુર્આને હકીમની નકલ કરેલી આયતો અને નબવી હદીષોથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે હુઝૂર ﷺ અને અન્ય અંબિયાએ કિરામને બિઈઝ્નિલ્લાહ આલમમાં તસર્રુફની કુદરત હાંસલ છે. દુશ્મનને હાર આપવી, પોતાનાઓને જીત અતા કરવી,

www.barkatekhwaja.net

મુશ્કેલીઓમાં ફસાયેલા લોકોની દસ્તગીરી કરવી, જન્મજાત આંધળાઓને આંખોની બીનાઈ અતા કરવી, બીમારોને શિફા આપવી, લોખંડને મીણ બનાવી દેવું, જમીનના ખજાનાઓની કૂંચીઓ પોતાની પાસે રાખવી, એ સૌ ઉઘાડા તસર્રુફાત (પહોંચ તથા અખત્યારો) છે જેને દરેક બુધ્ધિ ધરાવનાર સ્વીકારે છે.

પણ એનાથી ઉલ્ટુ વહાબી જમાઅતનુ માનવું એ છે કે "અલ્લાહની અતાથી પણ નબીઓ માટે આ તસર્રુફાત (અખત્યારો) માનવા શિર્ક છે. જેમ કે ઈમામુલ વહાબિયા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી "તકવિયતુલ ઈમાન"માં લખે છે :

"આલમમાં ઈરાદાથી તસર્રુફ કરવો અને પોતાનો હુકમ લાગુ કરવો અને પોતાની ઈચ્છાથી મારવું અને જીવાડવું અને રોજીમાં વધારો અને ઘટાડો કરવો અને તંદુરસ્ત તથા બીમાર કરવું, જીત તથા હાર આપવી, ઈકબાલ તથા અદબાર (કામયાબી તથા પડતી) આપવી, મુરાદો પૂરી કરવી, હાજતો પૂરી કરવી, બલાઓ ટાળવી, મુશ્કેલીમાં દસ્તગીરી (મદદ) કરવી, બુરા સમયમાં પહોંચવું, આ સૌ અલ્લાહની જ શાન છે અને કોઈ અંબિયા અવલિયાની, પીર તથા શહીદની, ભૂત પરીની આ શાન નથી. જે કોઈ કોઈના માટે એવો તસર્રુફ સાબિત કરે અને તેનાથી મુરાદો માગે અને એ આશા પર નઝરો નિયાઝ કરે અને તેની મન્નતો માને અને તેને મુસીબતના સમયે પુકારે જેથી તે મુશ્રિક થઈ જાય છે. અને તેને ઈશ્તિરાક ફીત્તસર્રુફ કહે છે એટલે કે અલ્લાહના જેવો તસર્રુફ સાબિત કરવું તદ્દન શિર્ક છે. પછી ભલે એવું સમજે કે આ કામોની શક્તિ તેમનામાં આપમેળે છે, ભલે એવું સમજે કે અલ્લાહે તેમને એવી કુદરત આપી છે, દરેક રીતે શિર્ક સાબિત થાય છે." *(તકવિયતુલ ઈમાન, પેજ–૧૯), પ્રથમ વિભાગ, તૌહીદ તથા શિર્કના વર્ણનમાં, રાશિદ કંપની, દેવબંદ)*

**નબી કરીમ ﷺના તસર્રુફાત (અખત્યારો)ના સંબંધે વહાબી મઝહબના આ અકીદાઓ અને પછી અમે રજૂ કરેલ નુસૂસ કિતાબો સુન્નત (કુર્આની આયતો તથા સહીહ હદીષો)ને એકવાર ફરી વાંચીને સરખામણી કરો તો જાહેર થઈ જશે કે એ (વહાબી) મઝહબ કુર્આન તથા હદીષની નુસૂસ (દલીલો)થી વિરૂધ્ધ છે.** –*(ક્રમશઃ)*

★ ★ ★

www.barkatekhwaja.net


**અણમોલ કિતાબ મંગાવો**

**❀❀ કાનૂને શરીઅત ❀❀**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

:: લેખક ::

અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી

**હદીયો : એક સેટના રૂા. ૨૫૦/–**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદ્દન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪૬૪૪૧૧

ઈસ્લામના
મુજદ્દિદો વિશે વર્ણન
ચોથી સદીના મુજદ્દિદ ૨

## હઝરત અબૂ હામિદ અહમદ બિન મુહમ્મદ અસ્ફરાઈની رضی اللہ عنہ

**(હિ.સ. ૩૪૪ - હિ.સ. ૪૦૬)**

*(કાર્યાલય)*

**આપના ઉસ્તાદો** : ઈમામ અબુલ હસન બિન મરઝબાન બગદાદી, ઈમામ અબુલ કાસિમ દારકી, ઈમામ ઈબ્ને અબ્દક અસ્ફરાઈ, ઈમામ અબ્દુલ્લાહ બિન અદી, ઈમામ અબૂ બકર ઈસ્માઈલી જુર્જાની, ઈમામ અબુલ હસન દારકુત્ની رحمۃ اللہ علیہم اجمعین.

**આપના શાગિર્દો** : અબૂ હાતિમ કઝવીની, અબૂ અહમદ હરવી, અબૂ તૈયબ તબરી અને અબુલ હસન માવરદી, સલીમ બિન ઐયૂબ રાઝી رحمۃ اللہ علیہم اجمعین. આ થોડાક નામો રજૂ કરવામાં આવ્યાં, શક્ય છે શોધખોળ બાદ અધિક અન્ય નામો મળી શકે છે.

**બયઅત તથા ખિલાફત** : બયઅત તથા ખિલાફતનો ઉલ્લેખ ક્યાંય નથી મળતો.

**કલમી જવાહિર પારે (આપની અણમોલ કિતાબો)** : અલ અઅલામ લિલ્ઝરકલી ૧/૨૧૧ માં છે કે આપની લખેલ કિતાબો ઘણી છે, એમનામાંથી "મુતવ્વલ" ઉસૂલે ફિક્હમાં અને "મુખ્તસર" ફિક્હમાં છે જે "અર્રવનક"ના નામથી મશહૂર છે. "અલ્બુસ્તાન ફિન્નવાદિર વલ ગરાઈબ" અને આપે "મુખ્તસર અલ્મુઝમી"ની તઅલીક "અત્તઅલીકતુલ કુબ્રા" લગભગ પચાસ ભાગોમાં લખી.

લગભગ સર્વ જીવન ચરિત્ર લખનારાઓએ એ જ કિતાબોનો ઉલ્લેખ કર્યો છે. હાજી ખલીફા ચપલીએ "અત્તઅલીકતુલ કબ્રા ફિલ્ફુરૂઅ"ના સંપૂર્ણ નામથી વર્ણન કરતાં લખ્યું છે કે શાફઈ મસ્લકમાં એ અઝીમ કિતાબ છે. આ ઈજમાઅ (ટૂંકા લખાણ)ની શરહ (ખુલાસો) ઈમામ નવવીના આ કૌલથી થાય છે કે બહુમતી ફકીહો ખાસ કરીને ઈરાક તથા ખુરાસાનના શાફઈ ફકીહોની કિતાબોનો દારોમદાર અસ્ફરાઈની આ જ તઅલીક પર છે જે લગભગ પચાસ ભાગોમાં આવેલી છે. એમાં ઉસૂલ તથા ફુરૂઅ, ફકીહોના મસ્લકો, તેમની વિસ્તારપૂર્વકની દલીલો અને વાંધાઓ પર આધારિત અતિશય ઉમદા ચર્ચાઓ ભેગી કરી દેવામાં આવી છે. વિના શંકાએ એના જેવી અન્ય કોઈ કિતાબ નથી. એ અજોડ કિતાબ છે. *(અલ બિદાયા વન્નિહાયા, ભાગ-૬, વિભાગ-૧૨, પેજ-૪, કશ્ફુઝ્ઝનૂન, ૧/૨૪૪, વફયાતુલ અઅ્યાન, ૧/૭૩)*

ઈમામ સુબ્કી જેમનાં વિવેચનો (તબ્સેરા) પોતાની સમૃધ્ધતાના લેહાઝથી ખૂબ જ સારાં હોય છે. લખે છે કે કિતાબોની ખ્યાતિ, શાગિર્દોની અધિકતા છે જે એમના કરતાં અધિક જલીલુલ કદર છે પણ એમનામાં ખૂબીઓના તે એકી સમયે એવા જામેઅ (ભરચક) નથી જેવા કે ઈમામ ઈબ્ને સુરૈજ બાદ ઈમામ અબૂ હામિદ જેવા કોઈ અન્ય ન થયા. ઘણા મસ્લકના ઈમામો એવા છે જેઓ તેમના કરતાં અધિક જલીલુલકદર હતા પણ એમનામાં ખૂબીઓના તેઓ એકી સમયે એવા સમૃધ્ધ નથી જેવા ઈમામ ઈબ્ને સુરૈજ અને ઈમામ અબૂ હામિદ છે.

ઈમામ અબૂ હામિદ અસ્ફરાઈને ઈલ્મે ફિક્હમાં નોંધપાત્ર સ્થાન હાંસલ હતું. યુવાનીના કાળમાં બગદાદ આવીને આપે ફિક્હનો ઈલ્મ શીખ્યો અને એમાં નિપૂણતા હાંસલ કરી, ત્યાં સુધી કે પોતાના સમકાલિનોથી આગળ નીકળી ગયા. અબુલ હસન કદૂરી رحمۃ اللہ علیہએ કહ્યું કે મેં શાફઈય્યામાં અબૂ હામિદ કરતાં અધિક ફકીહ નથી જોયો.

*(અલ બિદાયા વન્નિહાયા, જિલ્દ-૬, વિભાગ-૧૨, પેજ-૩)*

www.barkatekhwaja.net

ઈમામ અબૂ હામિદે દર્સ (તદરીસ)નો ક્રમ શરૂ કર્યો. આપના દર્સની ઘણી જ ખ્યાતિ થઈ ત્યાં સુધી કે આપની ફયઝવાળી દર્સગાહથી મહાન મહાન જલીલુલ કદર ઉલમા પેદા થયા. દા.ત. માવરદી, રાઝી, સંજી અને ફક઼ાલ વગેરે. તે ઈલ્મનો મીનાર હતા. તેમની સાથે દોસ્તી હાંસલ કરનારાઓની સંખ્યા અગણિત છે. ઈમામ શીરાઝીના કથનાનુસાર પૃથ્વીનો પટ તેમના શાગિર્દોથી ભરચક હતો. બગદાદના ફકીહો અને ઈમામોએ તો સામાન્યપણે તેમનાથી ફયઝ પ્રાપ્ત કર્યો. તેમની એક એક મજલિસમાં ત્રણસો ત્રણસો શાગિર્દો તો સામાન્યપણે શરીક થયા કરતા હતા. કદી કદી એ સંખ્યા સાતસો સુધી પહોંચી જતી. તે મસ્જિદે અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકમાં દર્સ આપતા હતા. એ મસ્જિદ કતીઅતુર્રબીઅના મધ્યમાં આવેલ છે. *(ઉપર મુજબ, વફયાતુલ અઅયાન, ૧/૭૩)*

એમના શાગિર્દોની આ અધિકતાને જોતાં તેમનાં નામ ગણી નથી શકાતાં. એમના દર્સમાં ઈલ્મમાં દિલચસ્પી રાખવાવાળાઓની ભીડ એમની ઈલ્મી જલાલત (મહાનતા) તથા ફન્ની કમાલ (વિદ્યાકલામાં ઉચ્ચતા)ની ઉઘાડી સાબિતી છે.

**તજદીદી ખિદમતોનો સ્વીકાર** : ઈસ્લામ ધર્મના સંબંધે આપની ખિદમતો અને કારનામાંઓને જોઈને આપને ઉલમાએ કિરામે તજદીદવાળી (મુજદ્દિદવાળી) હદીષના પાત્ર (મુજદ્દિદ) બતાવ્યા. જેમ કે ''મકાસિદે હસના''માં ઈમામ સખાવીએ, ''જામિઉલ ઉસૂલ''માં ઈબ્ને અષીર જઝરીએ ''મજમઉલ બિહારિલ અન્વાર''માં તાહિર મુહદ્દિષ પટનીએ ''મિર્ક઼ાતુસ્સઊદ, તોહફતુલ મુહતદીન અવરત્તં વિઅહ''માં ઈમામ સિયૂતીએ, ''તારીખે દમિશ્ક઼'' અને ''તબિય્યીને કિઝબુલ મુફતરી''માં ઈબ્ને અસાકિરે, ''ઈમામ અહમદ રઝા ઔર જદીદ ઈફકારો નઝરિયાત''માં મૌલાના યાસીન અખ્તર મિસ્બાહીએ એમને મુજદ્દિદ ગણાવ્યા છે.

**ઝુહદ તથા વરઅ** : આપની દીની તથા દુનિયવી પ્રતિષ્ઠાનો ઉલ્લેખ ખાસ કરીને કરવામાં આવે છે. આલિમો તથા ફાઝિલો ઉપરાંત સલ્તનતના અમીરો તથા વઝીરો આપની મજલિસમાં હાજર થતા હતા. ઈમામ અસ્ફરાઈની જિંદગી તકવો, ખૌફેખુદાવાળી અને ઝુહદ તથા વરઅનો નમૂનો હતી. તેમની જિંદગીની એક એક પળ દર્સો તદરીસ માટે વકફ હતી પણ દરેક પળે નફસની ચકાસણીનો અમલ નજરો સમક્ષ રાખતા હતા. વાણીની ઝીણામાં ઝીણી વિગત તથા બારીક મુદ્દા કાઢવામાં આપ એનો ખૂબ લેહાઝ રાખતા હતા કે ક્યાંક કોઈ અયોગ્ય વાત જીભથી નીકળી ન જાય. જીભનું લપસી જવા પર પહેરો રાખતા. *(તબકાતુશ્શાફઈય્યતિલ કુબ્રા, ૩/૨૯)*

આ ખૂબીઓને લક્ષમાં રાખીને આપની શખ્સિયતનો ખૂબીપૂર્વક અંદાઝો લગાડી શકાય છે. ઝિક્રે ઈલાહીનો હાલ એ હતો કે જાહેરી હાલતમાં ઉપરાંત એકાંતમાં પણ જીભ ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહેતી હતી. કલમ હાથથી મૂકી દેતા તો કુર્આન મજીદની તિલાવત કરવા લાગતા અથવા પછી તસ્બીહનો વિર્દ કરતા, રસ્તેથી પસાર થતી વખતે પણ તસ્બીહ તથા તહમીદથી જીભ તર રહેતી.

*(રવઝાતુલ જિનાત, પેજ–૧૮)*

**વિસાલે પુરમલાલ** : ૧૯ શવ્વાલ હિ.સ. ૪૦૬ શનિવારની રાતમાં ઈન્તેકાલ થયો. આગલા દિવસે બાબે હર્બની પાછળ એક ખૂબ જ વિશાળ મેદાનમાં જનાઝાની નમાઝ અદા કરવામાં આવી. જનાઝામાં શિર્કતના માટે એક ભીડ લોકોની ઉમટી પડી હતી. અગણિત લોકો હતા અને ગમની સખ્તીથી ધ્રુસ્કાભેર રડી રહ્યા હતા.

વધુ પેજ 49 પર..

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૧૨)

**અઝ** : *શયુખલ હદીષ વત્તફસીર પીર સાઈ*

**ગુલામરસૂલ ક઼ાસમી ક઼ાદરી નક઼્શબંદી** دام ظلہ العالی

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક઼ મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

એ જ પ્રમાણે عَلِيٌّ مِّنِّيْ وَاَنَا مِنْ عَلِيٍّ (અલી મારાથી છે અને હું અલીથી છું)ને પણ મૌલા અલી رضی اللہ عنہ માટે ખાસ (વિશિષ્ટતા) બનાવીને રજૂ કરવામાં આવે છે, જ્યારે કે આ જ શબ્દો ઈમામ હુસૈન رضی اللہ عنہના બારામાં પણ મૌજૂદ છે. (તિર્મિઝી, હદીષ–૩૭૭૫) આ જ શબ્દો સૈયદના અબ્બાસ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના બારામાં પણ મૌજૂદ છે. અને કિતાબ એ જ તિર્મિઝી છે. (તિર્મિઝી, હદીષ–૩૭૫૯, મિશ્કાત, હદીષ–૬૧૫૭) આજ શબ્દો પૂરા અશ્અરી કબીલાના બારામાં પણ મૌજૂદ છે : اَلْاَشْعَرِيُّوْنَ هُمْ مِنِّيْ وَاَنَا مِنْهُمْ (અશ્અરીઓ મારાથી છે અને હું તેમનાથી છું) (બુખારી, હદીષ–૨૪૮૬, મુસ્લિમ, હદીષ–૬૪૦૮) આ જ શબ્દો હઝરત જુલૈબીબ رضی اللہ عنہના બારામાં પણ મૌજૂદ છે કે :–

جُلَيْبِيْبٌ مِّنِّيْ وَاَنَا مِنْ جُلَيْبِيْبٍ ، جُلَيْبِيْبٌ مِّنِّيْ وَ اَنَا مِنْ جُلَيْبِيْبٍ

બલ્કે અહલે ઈલ્મ (ઈલ્મવાળાઓ)ના ધ્યાન માટે જણાવું છું કે هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ ના શબ્દો પર વિચારણા કરો અને તેનાથી ઉલ્ટુ اِنَّ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَكَانُوْا شِيَعًا لَّسْتَ مِنْهُمْ પર પણ વિચારણા કરો. અમુક હદીષોમાં દા.ત. مَنْ غَشَّ فَلَيْسَ مِنِّيْ જેવા શબ્દો પર વિચારણા કરી લો, ઈન્શા અલ્લાહુલ અઝીઝ સીનો ખુલી જશે કે કેવી રીતે વાતનુ વતેસર કરી દેવામાં આવ્યું છે. જો કે મૌલા અલી رضی اللہ عنہની ફઝીલત જરૂર મૌજૂદ છે, પણ એ પણ આપની વિશિષ્ટતા નથી અને ન તો અફઝલિયતની સાબિતી છે.

એ જ પ્રમાણે કહેવામાં આવે છે કે નબી કરીમ ﷺએ આપને (અલી رضی اللہ عنہને) પોતાના ભાઈ ઠરાવ્યા હતા, એ આપની વિશિષ્ટતા છે. જ્યારે કે આપ ﷺએ સિદીક઼ે અકબર رضی اللہ عنہને પણ પોતાના ભાઈ ઠરાવ્યા છે : وَلٰكِنْ اَخِيْ وَصَاحِبِيْ *(બુખારી, હદીષ–૩૬૫૬, મુસ્લિમ, હદીષ–૬૧૭૨)*

સૈયદના ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہને ફર્માવ્યું : اَشْرِكْنَا يَا اَخِيْ فِيْ دُعَائِكَ "હે મારા ભાઈ ! અમને તમારી દુઆઓમાં યાદ રાખજો." (અબૂ દાઊદ, હદીષ–૧૪૯૮, તિર્મિઝી, હદીષ–૧૯૮૦, મિશ્કાત, હદીષ–૨૨૪૮) હઝરત જિબ્રઈલ علیہ السلامએ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہને નબી કરીમ ﷺના ભાઈ ઠરાવ્યા. (અર્રિયાઝુન્નઝરહ, ૧/૩૧૮) જેથી આ પણ મૌલા અલી رضی اللہ عنہના સંબંધે વિશિષ્ટતા નથી. હા ! મુવાખાતે મદીનામાં (તે ઐતિહાસિક ભાઈચારો જે

હિજરત બાદ મુહાજિરો તથા અન્સારોને એકબીજાના ભાઈ ભાઈ બનાવ્યા હતા તેમાં) મૌલા અલી رضی اللہ عنہને જે રસૂલુલ્લાહ ﷺના ભાઈ બનાવાનો શરફ તથા સમ્માન હાંસલ છે. મુવાખાતનો આ ખાસ હિસ્સો કાકાના પુત્ર હોવાના સબબે અને આપના કાશાનએ અક્દસમાં પરવરિશ પામવાના સબબે અને અન્ય ફઝાઈલના કારણે છે ન કે અફઝલિયતના કારણે છે. એ સૌ ફઝીલતોને લક્ષમાં લેતાં મૌલા અલીનું જ એ મોકા પર હુઝૂર ﷺના ભાઈ બનવાનુ શોભતુ હતું. જેથી એમાં પણ મૌલા અલી رضی اللہ عنہની ઘણી જ પ્યારી ફઝીલત મૌજૂદ છે પણ એ આપની અફઝલિયતની સાબિતી નથી.

એ જ પ્રમાણે એ પણ કહેવામાં આવે છે કે મૌલા અલી رضی اللہ عنہની અદાવત મુનાફિક્તની નિશાની છે અને આપની મહોબ્બત ઈમાનની નિશાની છે. એ વાત તદન હક્ક છે, પણ આપની નિશિષ્ટતા નથી. હદીષ શરીફમાં છે કે :–

آيَةُ الْإِيْمَانِ حُبُّ الْأَنْصَارِ وَآيَةُ النِّفَاقِ بُغْضُ الْأَنْصَارِ

અન્સારની મહોબ્બત ઈમાનની નિશાની છે અને અન્સારની અદાવત મુનાફિક્તની નિશાની છે." (બુખારી, ૧૭, ૩૭૮૪, મુસ્લિમ, હદીષ–૨૩૫, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૩૯, નિસાઈ, હદીષ–૫૦૧૯) એ જ પ્રમાણે તમામે તમામ સહાબા رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنના બારામાં ફર્માવ્યું, કે "જેણે એમની સાથે મહોબ્બત રાખી તો તેણે મારી મહોબ્બતના કારણે એમને મહબૂબ જાણ્યા. અને જેણે તેમનાથી અદાવત રાખી તો મારી અદાવતના કારણે તેમનાથી અદાવત રાખી." *(તિર્મિઝી, હદીષ–૩૮૬૨, મુસ્નદે અહમદ, હદીષ–૧૬૮૦૮, મિશ્કાત, હદીષ–૬૦૧૪)*

એ જ પ્રમાણેની હદીષોને પીઠ પાછળ રાખીને ખારજીઓવાળી મુનાફિક્તના સિવાય બાકી દરેક પ્રકારની મુનાફિકતને જાઈઝ કરી દેવામાં આવી છે. જ્યારે કે જેવી રીતે ખારજીપણુ મુનાફિકત છે એવી જ રીતે રાફઝિયત પણ મુનાફિકત છે અને સર્વ સહાબા તથા અહલે બયતની મહોબ્બત સહીહ ઈમાન છે.

અમે ખૂબ જ અફસોસની સાથે એ વાત લખી રહ્યા છીએ કે મૌલા અલી رضی اللہ عنہના જે ફઝાઈલ એહલે સુન્નતની કિતાબોમાં વર્ણવેલ છે તેને રાફઝીઓ તથા તફઝીલીઓએ મુત્તફિક્ અલૈહ (જેના પર સૌથી એકમતી હોય તે) બનાવી દીધા અને બાકી સહાબાઓના ફઝાઈલ ભલે ગમે તેટલા અધિક પ્રમાણમાં હોય અને કેટલીયે મજબૂતી સાથે અહલે સુન્નતની કિતાબોમાં મૌજૂદ હોય, અને કેવળ ફઝીલત પર જ નહીં બલ્કે અફઝલિયત પર દલીલ પૂરી પાડી રહેલ હોય તેને પીઠ પાછળ રાખી દેવામાં આવેલ છે. એ લોકો મૌલા અલી رضی اللہ عنہની ફઝીલતને અફઝલિયત બનાવી નાખે અને જ્યારે આપણે અફઝલિયતનો નકાર કરીએ છીએ તો તેને ફઝીલતની નફી (નકાર) કરવું ઠરાવે છે. એમનો આ ધોકો સારી રીતે સમજી લો.

બીજી બાજુ એ વાત પણ યાદ રાખવાની છે કે જેવી રીતે અલી رضی اللہ عنہની અદાવત મુનાફિક્ત છે તેવી જ રીતે હદથી વધીને હુબ્બે (મહબ્બતે) અલી પણ સરાપા બેઈમાની, હલાકત તથા તબાહી છે. અને એ આશિકોથી ખુદ મૌલા અલી رضی اللہ عنہ બેઝાર પણ છે. આ વિષય પર મૌલા અલી رضی اللہ عنہના આદેશો પહેલાં વર્ણન થઈ ચૂકેલા છે.

એ નામ માત્રના (કહેવાતા) આશિકોને ત્યાં મહોબ્બત તથા અદાવતનું માપદંડ પણ અજીબ છે ! એક આશિક કહે છે કે જે શખ્સ અલી رضی اللہ عنہના ઝિક્રની સાથે બીજા સહાબાની વાત છેડી દે તેના દિલમાં અલીનો બુગ્ઝ (અદાવત) છે ! જો આપે આ જાલિમની વાત માની લીધી અને અન્ય સહાબાનો ઝિક્રે ખૈર

www.barkatekhwaja.net

કરવાનુ છોડી આપ્યું તો બીજો આશિક બોલશે કે જે શખ્સ મૌલા અલીને વિલાદતમાં અને ઈલ્મમાં ત્રણેવ ખલીફાથી અફઝલ નથી માનતો તેના દિલમાં અલીનો બુગ્ઝ છે. જો તમે એ જાલિમની વાત પણ માની લીધી તો ત્રીજો આશિક બોલશે કે જે શખ્સ ખુલીને (જાહેરી રીતે) મૌલા અલીને ત્રણેવ ખલીફાથી અફઝલ નથી માનતો તેના દિલમાં અલીની અદાવત છે. જો આપે તે જાલિમની વાત પણ માની લીધી તો ચોથો આશિક બોલશે કે જે શખ્સ ત્રણેવ ખલીફાઓ પર તબર્રા નથી બોલતો (બેઝારી કે નફરત દર્શાવવી) તેના દિલમાં અલીનો બુગ્ઝ (અદાવત) છે. જો આપે એ જાલિમની વાત પણ માની લીધી તેમ છતાં પણ હજી આપ કાચા પાકા આશિક છો ! અસલ આશિક તે છે જે અલીને નફસે ખુદા, નફસે રસૂલ, જિબ્રઈલના ઉસ્તાદ, વહીના સહીહ હક્કદાર, સર્વ નબીઓ કરતાં અફઝલ અને સાચા અર્થમાં હુજ્જતુલ્લાહ અલલ ખલ્ક, અસલી કુર્આનના જામેઅ અને નબી કરીમ ﷺના મુશ્કિલ કુશા માને અને તકીયાની બારીકીઓને સમજી લે !

અમારા ઉપરોક્ત શબ્દો વિચારવાને પાત્ર તથા અર્થસભર છે. દરેક શખ્સ તેના બેક ગ્રાઉન્ડમાં છુપાયેલા શીઆઈયતવાળા અકીદાઓને નથી સમજી શકતો અને જે શખ્સનો અભ્યાસ નથી તે પાટેખાન (જરૂરતથી વધુ ડાહયો તથા જાણકાર) ન બને અને એના પર કયાસો (અટકળો, ધારણાઓ) તથા પોતાની કાબેલિયત ન અજમાવે. અમે દાવા સાથે એ વાત અર્ઝ કરી રહ્યા છીએ કે જે શખ્સ શીઆ મઝહબના બારામાં નરમ ખૂણો (**Soft Corner**) ધરાવે છે તે ખુદ શીઆ છે, અથવા પછી તેણે એ મઝહબનો અભ્યાસ જ નથી કર્યો.

હવે બતાવો કે આપણે ક્યાં સુધી આપ (અલી رضی اللہ عنہની અદાવત)ના આક્ષેપથી બચવા માટે રાફઝીઓને રાજી કરતા રહીશું ?! આ જ આક્ષેપથી બચવા માટે નાસમજ તથા ગૈર મુહક્કિક (તેહકીક વિનાના) સુન્નીઓએ રાફઝી મઝહબને ખુદ પોતાના હાથો વડે ઉત્તેજન આપ્યું છે. એ તેમની ફર્માઈશો પૂરી કરતા રહ્યા અને તેમની માગણીઓ અમેરીકા જેમ વધતી ચાલી ગઈ ! આ મોકા પર કુર્આનની આયત યાદ કરો :–

وَ لَنْ تَرْضٰى عَنْكَ الْيَهُوْدُ وَ لَا النَّصٰرٰى حَتّٰى تَتَّبِعَ مِلَّتَهُمْ ؕ

''યહૂદી તથા નસારા આપનાથી ત્યાં સુધી રાજી નહીં થાય જ્યાં સુધી આપ તેમનો સંપૂર્ણ ધર્મ કબૂલ નથી કરી લેતા. *(સૂ. બકરહ, ૨/૧૨૦)*

જેથી અહલે સુન્નતથી દરખાસ્ત છે કે મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના બારામાં પોતાનું ઝમીર (દિલ) સંતુષ્ઠ રાખે, આપના દિલમાં મૌલા અલી رضی اللہ عنہનો બુગ્ઝ (અદાવત) ન હોવો જોઈએ બલ્કે સાચી મહોબ્બત હોવી જોઈએ, બસ ! લોકો તમને મુહિબ્બે અલી માને કે ન માને, એ લોકોને રાજી કરવા તમારા વશમાં નથી. તેમની માગણીઓની યાદી લાંબી પણ છે અને ખતરનાક પણ ! જાણીબુઝીને બદગુમાની કરવી તેમની આદત છે.

ખારજીઓને ત્યાં અંબિયા તથા અવલિયા علیہم السلامની ગુસ્તાખી તૌહીદ છે અને રાફઝીઓને ત્યાં સહાબાએ કિરામ પર તબર્રા મોકલવા (નફરત દર્શાવવી) હુબ્બે અલી છે. لا حول ولا قوۃ الا باللہ

તફઝીલી રાફઝી સારી રીતે સમજી લે કે આજે તમને એ કૌમે લલકારેલ છે જે ખુદ નારએ હૈદરી લગાડે છે અને મૌલા અલીને મુશ્કિલ કુશા માને છે, જેથી હવે તમારા માટે દરેક ફોડ, દરેક આક્ષેપબાજી અને દરેક ચક્કરબાજીનો દરવાજો બંધ છે.

**સૂફીઓનો ફૈંસલો** : હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જો તમે તેહકીકની સાથે કોઈ સૂફીનું નામ જાણવા ચાહો છો તો તે અબૂબક્ર સિદ્દીક (رضی اللہ عنہ) છે.

إِنَّ الصَّفَا صَفَا الصِّدِّيقِ    إِنْ أَرَدْتَ صُوْفِيًا عَلَى التَّحْقِيقِ

*(કશ્ફુલ મહજૂબ, પેજ–૩૨)*

હવે બતાવો ! દાતા સાહબ قدس سرہએ વિલાયતમાં અજોડ કોને ઠરાવ્યા ?

સૂફિયા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે કે, સૌ પ્રથમ સૂફિયાના વાક્ય જે કોઈ સહાબીની જીભ પર આવ્યુ હતું તે સિદ્દીકી વાક્ય હતું કે اَبْقَيْتُ لَهُمُ اللّٰهَ وَرَسُوْلَهٗ એટલે "હું ઘરમાં અલ્લાહ અને અલ્લાહના રસૂલને છોડીને આવ્યો છું." (અબૂ દાઊદ, હદીષ–૧૬૭૮, તિર્મિઝી, હદીષ–૩૬૭૮) અહીં પણ ફર્માવો વિલાયતમાં અજોડ કોણ છે ?

વિલાયતમાં સિદ્દીકે અકબર رضی اللہ عنہની અજોડતાને ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ આ પ્રમાણે વર્ણવી છે :–

*ખાસ ઉસ સાબિકે સૈરે કુર્બે ખુદા*
*અવહદે કામિલિયત પે લાખોં સલામ*

ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના આ શેઅર પર વિચારણા કરો, એનો એક એક શબ્દ મોતી વિખેરનારો છે. ખાસ શબ્દમાં خُصُوْصاً عَلٰی اَفْضَلِ الصَّحَابَةِ بِالتَّحْقِيقِ ના શબ્દોનું પ્રતિબિંબ (ઝલક) મૌજૂદ છે. "સાબિકે સૈરે કુર્બે ખુદા"ના શબ્દોમાં બાતિની વિલાયતની બારીકીઓને સમાવીને રાખી દેવામાં આવેલ છે. وَالسَّابِقُوْنَ السَّابِقُوْنَ ની જેમ સ્પષ્ટ નિર્દેશ કરી દેવામાં આવ્યો છે અને એમાં સિદ્દીકની સબકત (અગ્રતા લઈ જવી) એ જોર શોરથી પ્રદર્શિત થઈ રહી છે. "અવહદ"થી મુરાદ અજોડપણુ છે અને "અવહદ" એનાથી સેગાએ તફઝીલ છે. એટલે સિદ્દીકની અજોડતામાં પણ મુબાલગા (અતિશયોક્તિ) જોવા મળ્યો અને "અવહદ"ની સાથે કામિલિયતનો શબ્દ લગાડીને સ્પષ્ટ કરી આપ્યું કે આ અજોડતાનો સંબંધ બાતિની વિલાયત અને કામિલિયતથી છે ન કે જાહેરી ખિલાફતથી. فَجَزَاهُ اللّٰهُ خَيْراً

### *જિસ સ્મિત આ ગયે હો સિક્કે બિઠા દીએ હૈં*

તફઝીલીઓના સવાલનો અંતિમ ભાગ એ હતો કે, "એના કારણે વિલાયતે કુબ્રા અને ગૌષિયતે ઉઝમાને ધરાવનાર વ્યક્તિઓ પણ આપ صلی اللہ علیہ وسلمની ઔલાદમાંથી છે.

આ સવાલનો જવાબ એ છે કે તે અફરાદ (વ્યક્તિઓ)નું મૌલા અલી رضی اللہ عنہની ઔલાદમાંથી હોવું જરૂરી નથી. સૈયદના સિદ્દીકે અકબર અને સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما ખુદ પોતપોતાના દૌરમાં કુત્બુલ અકતાબ હતા. અમે તમારા શબ્દો વિલાયતે કુબ્રા અને ગૌષિયતે ઉઝમાની જગાએ કુત્બુલ અકતાબના શબ્દો લખ્યા છે. એ ફરકને સમજાવવું અમારા માટે જરૂરી નથી. એટલુ જરૂર છે કે કુત્બુલ અકતાબના શબ્દો ગૌષિયતે ઉઝમા, વિલાયતે કુબ્રાના કરતાં આ હકીકતના માટે અધિક યોગ્ય છે જેના પર આપે એનો ઉપયોગ કર્યો છે.

કુત્બુલ અકતાબ પોતાના દૌરમાં હકીકતે મુહમ્મદિયાનો મઝહર (જાહેર થવાની જગા) હોય છે, અને સિદ્દીકે અકબરનું ફર્માવવું કે કે مَنْ كَانَ مِنْكُمْ يَعْبُدُ مُحَمَّداً فَإِنَّ مُحَمَّداً قَدْ مَاتَ (બુખારી, હદીષ, હદીષ–૪૪૫૪) આપના અકમલે સહવ (તે સંપૂર્ણ રૂહાની જાગૃતિ અને મધ્યમમાર્ગીપણુ છે જેમાં ઈન્સાન રબ તઆલાની મઅરેફત હોવા છતાં પોતાના ફર્ઝો, શરીઅત અને જિંદગીના મામલાઓમાં પૂર્ણપણે સમતોલ અને હોશમંદ રહે છે) અને સુલૂકની સાબિતી છે. આપનું ફર્માવવું કે لَسْتُ تَارِكاً شَيْئاً كَانَ رَسُوْلُ اللّٰهِ صلی اللہ علیہ وسلم يَعْمَلُ بِهٖ (બુખારી, હદીષ–૩૦૯૩) વગેરે આપની આ જ કુત્બિયતના કારણે છે. –*(ક્રમશઃ)*

# ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદ અલ્ફેષાની અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ

**રજૂકર્તા : જનાબ ઈમ્તિયાઝ બાલા કિલ્લાપારડીવાળા** *(હાલ : લંડન, યુ.કે)*

નામ અહમદ, કુન્નિયત અબુલ બરકાત, લકબ બદરૂદ્દીન છે. હઝરત ઈમામે રબ્બાની કૈયૂમ ઝમાની શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہની વિલાદત હિંદુસ્તાનના પંજાબના સરહિંદ શરીફમાં શવ્વાલ, હિજરી ૯૭૧ અંગ્રેજી તારીખ ૨૬–૫–૧૫૬૪ જુમ્આના દિવસે થઈ. આપનો સિલસિલો એકત્રીસ વાસ્તાઓથી અમીરૂલ મો'મિનીન હઝરત સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہથી જઈ મળે છે. આપે શરૂઆતની દીન તાલીમ આપના વાલિદ હઝરત અબ્દુલ અહદ ફારૂકી ચિશ્તી સાબરી رحمۃ اللہ علیہથી પ્રાપ્ત કરી. માત્ર છ વર્ષની નાની ઉંમરે આપે કુર્આન શરીફ હિફઝ કર્યું. આપના વાલિદ હઝરત અબ્દુલ અહદ ફારૂકી ફર્માવે છે કે અહમદ ફારૂકની વિલાદત પહેલાં મેં એક ખ્વાબ જોયો જેમાં તમામ જહાનમાં ઝુલ્મત તારીકી (ગુમરાહી) બેદીની ફેલાયને ચરમ સીમા પર છે તે દરમ્યાન મારા સીનામાંથી એક નૂર જાહેર થયું, જે તખ્ત ઉપર બેસેલ જાલિમ શખ્સને હક્ક વાત કહી રહ્યું છે. આપે આ મુબારક ખ્વાબની વાત શાહ કમાલ કથલી رحمۃ اللہ علیہને કહી, તેમણે ફર્માવ્યું કે તમારા ઘરે એક દીકરો પેદા થશે, તમામ આલમ તેનાથી ફૈઝયાબ થશે."

ત્યારબાદ આપે હઝરત મૌલાના કમાલુદ્દીન કાશ્મીરી رحمۃ اللہ علیہથી મલ્ફૂઝાત અને મૌલાના યાકૂબ કાશ્મીરીથી ઈલ્મે હદીષ શરીફ પ્રાપ્ત કર્યું. ઓગણીસ વર્ષની નવયુવાન ઉંમરે આપ તમામ જાહેરી બાતિની ઈલ્મથી સરફરાઝ થયા. બીજી બાજુ શહેનશાહે બગદાદ શરીફ શેખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہએ પોતાના ફરઝંદને પોતાનો ખિરકો આપી ફર્માવ્યું કે, "આ ખિરકો મારા જાહેરી વિસાલના પાંચસો વર્ષ પછી મારો એક સૂરજની જેમ ચમકતો નાયબ પેદા થશે તેને સીના બસીના પહોંચાડશો જેનાથી દીન રોશન થશે. જે શાહ કમાલ કથલી رحمۃ اللہ علیہ દ્વારા શેખ ફારૂક સરહિંદી رحمۃ اللہ علیہને પ્રાપ્ત થયો.

આ તરફ હઝરત ખ્વાજા બાકીબિલ્લાહ رحمۃ اللہ علیہ (વિસાલ હિ.સ. ૧૦૧૨ ઈ.સ. ૧૬૦૩) નક્શબંદી જ્યારે દિલ્હીથી બુખારા પહોંચ્યા ત્યાં આપે નકશબંદી સિલસિલાના મહાન બુઝુર્ગ હઝરત ખ્વાજા મોહંમદ અમકંગી رحمۃ اللہ علیہના હાથ ઉપર બયઅત કરી ત્યારે ખ્વાજા મુહમ્મદ અમકંગી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, કે "તમે હિંદુસ્તાન પરત જાવ ત્યાં એક શાહબાઝ છે જે તમારો ઈંતઝાર કરી રહ્યો છે. જ્યારે ખ્વાજા બાકી બિલ્લાહ હિંદમાં દાખલ થયા ત્યારે હુઝૂર બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ (મેહરોલી શરીફ, દિલ્હી)એ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہને ખ્વાબમાં દીદાર આપી ફર્માવ્યું કે, "તમે જે પીરની તલાશ કરો છો તે દિલ્હી આવી ગયા છે, તમારો હિસ્સો ત્યાં છે," "આપ જ્યારે ખ્વાજા બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہને મળ્યા અને ખિલાફત પ્રાપ્ત થઈ ત્યારે ખ્વાજા બાકી બિલ્લાહના અન્ય મુરીદોએ પૂછયું કે આપે એક જ મુલાકાતમાં ખિલાફત આપી દીધી તે વાત જરા સમજમાં આવતી નથી ! ત્યારે ખ્વાજા બાકી બિલ્લાહ رحمۃ اللہ علیہએ પોતાના મુરીદોને કહ્યું કે, "શૈખ અહમદ સરહિંદી તે રૂહાનિયતનો ચમકતો સૂરજ છે જેની રોશનીમાં મારા જેવા હજારો તારાઓ ગુમ છે." હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ પોતાના પીરો મુર્શિદની ખૂબ જ અદબ, તાઝીમ કરતા હતા.

આપ અખંડ ભારતના લાહોર સિયાલકોટમાં

www.barkatekhwaja.net

પણ રહ્યા. સરહિંદ બાદ જીવનનો મોટો હિસ્સો દિલ્હીમાં પસાર કર્યો. આ તરફ હુઝૂર ﷺએ થાનેસર (હરીયાણા)ના કામિલ શેખ સુલ્તાન થાનેસરીને ખ્વાબમાં રૂહાની તાકીદ કરી કે આપ, મુજદ્દિદે અલ્ફેષાની ફારૂક સરહિંદીની ખિદમતમાં પેશ થાવ, ખૂબ તાઝીમ અદબથી પેશ આવી તમારી સાહબઝાદીના નિકાહની દરખ્વાસ્ત રજૂ કરશો. આપે તે મુજબ દરખાસ્ત રજૂ કરતાં શૈખ અહમદ સરહિંદી رحمۃ اللہ علیہએ કબૂલ ફર્માવી. આ શૈખ સુલતાન થાનેસરી અકબર બાદશાહના નિકટના વર્તુળમાં હતા જેનાથી અકબર બાદશાહના દરબારથી નિસ્બત થઈ અને દીનની તબ્લીગનું મુખ્ય કારણ બન્યુ. અકબર બાદશાહના દૌરમાં ઈસ્લામ વિરૂધ્ધ કાર્યો, બિદઅતો રીત રિવાજો ચરમસીમાએ પહોંચી ગયા હતા. મુલ્લા મુબારક નાગોરીના બે પુત્રો અબુલ ફઝલ અને અબુલ ફૈઝીની ગેરદોરવણીને લીધે અજ્ઞાની બાદશાહ અકબર ગુમરાહ થયો. દીને મુહમ્મદીના જે અરકાન ફર્ઝ સુન્નત છે તેના ઉપર રાજકીય તાકાતનો દુરુપયોગ કરી પાબંદી મૂકી અને અસલ દીન વિરૂધ્ધનાં કાર્યો જેવાં કે બેપર્દગી, બાદશાહને સજદો, મદ્રસા મસ્જિદ ઉપર પાબંદી, શરીઅત વિરૂધ્ધનાં કાર્યો, શિર્કિયા રીત રીવાજને અવામ ઉપર બળજબરીથી થોપી દેવામાં આવ્યા.

આમ ઈસ્લામ મઝહબ ઉપર જાલિમ, અજ્ઞાની બાદશાહે જ્યારે પોતાની જોહુકમી બેલગામ રીતે સ્થાપિત કરી ત્યારે અલ્લાહ તઆલાએ દીને ઈસ્લામની હિફાઝત અને હક્કાનિયત જાહેર કરવા શૈખ અહમદ મુજદ્દિદ અલ્ફેષાની નકશબંદી સરહિંદી رضی اللہ عنہને અડગ ચટ્ટાનની જેમ ઉભા કરી દીધા. કુર્આન શરીફની નુકતા વગરની અરબી તફસીર "સવાતી ઉલ ઈલ્હામ કિતાબ લખનાર અબુલ ફૈઝ ફૈઝી ઉર્ફે કૈયાઝી અને અન્ય ગુમરાહ ઉલમા અને ઉમરાને આપે ઈલ્મી મુનાઝરામાં જબરદસ્ત હાર આપી અને આ રીતે બાદશાહ અકબરના નવા દીન "દીને ઈલાહી"ની પડતી તથા પતન શરૂ થતાં બાદશાહ અકબર ઝલીલ તથા બેઈજ્જત થયો.

અકબરના વિસાલ બાદ તેનો પુત્ર નૂરૂદ્દીન મુહમ્મદ સલીમ ઉર્ફે જહાંગીર તખ્તનશીન થયો તેને પણ બદદીન બેદીન કહેવાતા ઉલમા અને ઉમરાએ કાન ભંભેરણી કરતાં બાદશાહ જહાંગીરે હઝરત અહમદ સરહિંદી رحمۃ اللہ علیہને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કર્યા. આપે જેલના અંધકારમાં પણ હજારો કેદીઓને ઈમાનનો કલમો પઢાવી રૂહાની તાકાતથી તરબતર કર્યા. આમ જેલના પોણા બે વર્ષ દરમ્યાન પણ આપે તૌહીદ, રિસાલત અને ઈમાનની દાવત આપી. હઝરત અહમદ સરહિંદી رضی اللہ عنہના ખાસ ચાહક કદરદાન મુરીદ એવા મહાબતખાન અચાનક લશ્કરકશી કરી જહાંગીરને કેદ કરી કતલ કરવા માગતા હતા પણ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની દરખાસ્ત અને નજરે કરમથી બાદશાહ જહાંગીરને મહાબતખાને ફરીથી તખ્ત ઉપર બેસાડી પોતે કાબુલ તરફ રવાના થયા.

આમ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہનો અખંડ ભારત અને દૂર દૂરના દેશોમાં ઈસ્લામ અને દીને મુહમ્મદી ઉપર બહુ મોટો અહેસાન છે. આપે આપના પવિત્ર અકીદાને મજબૂતાઈ અને નીડરતાથી કમાલની સુઝબુઝથી કોઈપણ લશ્કર વિના કે લોહીનું ટીપુ વહાવ્યા વિના પ્રસ્થાપિત કર્યો.

જૂઠા અને ઢોંગી આલિમ, ઉમરા અને સૂફીઓને પોતાની તકરીર, તજવીજ, ખુત્બા અને કિતાબોથી જડમૂળથી ખતમ કરી નાખ્યા. આમ આપ અખંડ ભારતમાં ઈસ્લામમાં બેમિસાલ ક્રાંતિના પ્રેરક બન્યા.

આપે ઘણી કિતાબો લખી છે જેમ કે મકતૂબાતે ઈમામે રબ્બાની, રિસાલએ મુજદ્દિદ અલ્ફેષાની, રિસાલએ નબુવ્વત, મુકાશફાતે ગયબિયા, આદાબુલ મુરીદીન, રિસાલા મકસૂદુસ્સાલિહીન, રિસાલા જઝબો

www.barkatekhwaja.net

સુલૂક, રિસાલા દર ઈલ્મે હદીષ, મબદઅ વ મઆદ, મુકાશફાતે અયાનિયા વગેરે છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર પૂરનુર ﷺએ ફર્માવ્યું, કે મારી ઉમ્મતમાં દર ૧૦૦ વર્ષે એક મુજદ્દિદ પેદા થશે. (અબૂ દાઊદ શરીફ) જે દીનમાં રહેલી ખરાબીને દૂર કરશે. દીન અને શરીઅતની આડ લઈ જૂઠો સ્વાંગ ધારણ કરનારા બહુરૂપિયા, ઢોંગી, બેદીન, બદમઝહબનો સફાયો કરી દીનની તજદીદ કરશે. હઝરત અબ્દુલમજીદ સિયાલકોટીએ આપને પ્રથમ વખતે મુજદ્દિદ શબ્દથી નવાજયા હતા. આપ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ પછીના એક હજાર વર્ષ બાદના બીજા મુજદ્દિદ કહેવાય છે તેથી આપને અલ્ફેષાની (હઝાર વર્ષીય) મુજદ્દિદ કહેવાય છે.

હઝરત દાતા ગંજબક્ષ હિજવેરી رحمۃ اللہ علیہએ પોતાની બેનમુન કિતાબ કશ્ફુલ મહઝૂબમાં લખ્યુ છે કે કોમ તથા મિલ્લતની તરક્કીનાં ત્રણ મુખ્ય સ્તંભ છે : (૧) ઉમરા (૨) ઉલમા (૩) સૂફિયા. આપે હઝરત દાતા ગંજબક્ષ, હિજવેરીએ બતાવેલ અણમોલ તરીકાને તે સમયના ત્રણેવ સતંભને હક્ક, સદાકત, અદભૂત કોઠાસુઝથી તજદીદ કર્યા. આપને તમામ સિલસિલાની ખિલાફત અને ઈજાઝત છે. આપની બેનમૂન, બાકમાલ ઈલ્મી શખ્સિયત અને રૂહાની ફૈઝાન હિંદો પાકના દરેક સિલસિલાના ઔલિયા અને ઉલમાએ પોતાની કિતાબોમાં કલમબધ્ધ કરી છે. ચૌદમી સદીના મહાન મુજદ્દિદ ઈમામ અહમદ રઝાખાન મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ પણ આપને ખિરાજે અકીદત પેશ કરી છે અને ફૈઝ લીધો છે. શાઈરે મશ્રિક, ડોકટર ઈકબાલ જ્યારે પ્રથમ વખત સરહિંદ શરીફ તશરીફ લાવ્યા તો હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની રૂહાનિયતથી એટલા અંજાઈ ગયા કે પશ્ચિમી અસર પલકવારમાં ગાયબ થઈ ગઈ અને આપે પોતાના પ્રચલિત મશહૂર અશ્આરમાં ખિરાજે અકીદતનાં ખુશ્બુદાર પુષ્પો અર્પિત કરતાં ફર્માવ્યું કે :–

*હાઝિર હુઆ મૈં શૈખ મુજદ્દિદ કી લહદ પર*
*વો ખાક કે હૈ ઝેરે ફલક મત્લએ અન્વાર*
*ઉસ ખાક કે ઝર્રો સે હૈં શર્મિંદા સિતારે*
*ઉસ ખાક મેં પોશીદા હૈ વો સાહિબે અસ્રાર*
*ગરદન ન ઝુકી જિસ કી જહાંગીર કે આગે*
*જિસ કે નફસે ગર્મ સે હૈ ગર્મી એ અહરાર*
*વો હિંદ મેં સરમાયએ મિલ્લત કા નિગેહબાન*
*અલ્લાહને બર વક્ત કિયા જિસકો ખબરદાર*
*આઈ યહ સદા સિલસિલએ ફક્ર હુવા બંદ*
*હય અહલે નઝર કિશ્વરે પંજાબસે બેઝાર*
*કી અર્ઝ યહ મૈંને કે અતા ફક્ર હો મુઝકો*
*આંખેં મેરી બીના હૈં વ લેકિન નહીં બેદાર*
*આરિફકા ઠિકાના નહીં વો ખિત્તા કે જિસમેં*
*પૈદા કુલહે ફક્રસે હો તુર્રએ દસ્તાર*
*બાકી કુલહે ફક્રસે થા વલવલએ હક્ક*
*ઝઝૂંને છુળાયા નશા ખિદમતે સરકાર*
*(કુલહે ફક્ર = દુરવેશીની ટોપી, ઝઝૂં = જાહેરી ભપકા)*

ડો. ઈકબાલે મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہની મઝાર ઉપર હાજરી આપ્યા બાદ મોટી ઉંમરે આપને હઝરત અલ્ફેષાનીની દુઆથી ઔલાદ થઈ. ઔલાદ થયા પછી પોતાના ૧૦ વર્ષના દીકરા જાવેદને લઈ બીજી વખત હાજરી વખતે આપે ફર્માવ્યું :

*અગર હોતા વો મજઝૂબે ફિરંગી ઈસ ઝમાને મેં*
*તો 'ઈકબાલ' ઉસ કો સમજાતા મકામે કિબ્રિયા ક્યા હૈ ?!*

આપનો વિસાલ ૨૯ સફર હિ.સ. ૧૦૩૪માં થયો. સરહિંદ શરીફમાં આપનો મઝારે પુર અન્વાર દરેક ધર્મના લોકો માટે ઝિયારતગાહ છે. અલ્લાહ તઆલા આપણને ઔલિયા અંબિયાએ બતાવેલ દીનની તાલીમ ઉપર હમેશાં કાયમ રાખી નેક અમલ કરવાની તૌફીક આપે. આમીન.

www.barkatekhwaja.net

# رحمۃ اللہ علیہ રઈસુત્તહરીર મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી

**સૈયદ હસન મન્તકી એકેડમી, પુલવામા કાશ્મીરના યોજાયેલ ઓનલાઈન સેમીનારમાં મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી رحمۃ اللہ علیہનુ મહત્વપૂર્ણ પ્રવચન**

દરગાહે આલિયા હઝરત સૈયદ સુલતાન મુહમ્મદ અલી હુબ્લી (رضی اللہ عنہ)ના નામે સંબંધિત Youtube ચેનલ પર લાઈવ ઓનલાઈન આંતર રાષ્ટ્રીય સેમીનાર અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી એક અઝીમ શખ્સિયત, એ વિષય પર ૧૫–મે–૨૦૨૩, ૯:૦૦ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી થયો. આ ચર્ચામાં મૌલાના ઝફરૂદીન બરકાતી, પ્રોફેસર અખ્તરૂલ વાસિઅ, મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી, મશહૂર જર્નાલિસ્ટ અહમદ જાવીદ, મૌલાના મુફતી મુબારક હુસૈન નૌઅમાની, નિઝામત તૌસીફ અહમદવાનીએ ભાગ લીધો. આ કાર્યક્રમનું આયોજન સૈયદ હસન મન્તક઼ી એકેડમી દ્વારા કરવામાં આવ્યું. નીચે અમે (મશ્હૂર) જાણીતા લેખક અને સ્પીકર મૌલાના મુબારક હુસૈન મિસ્બાહીનું પ્રવચન (તક઼રીર) રજૂ કરીએ છીએ. ભાષણ અને લખાણ વચ્ચેનો ફરક આપ સૌ જાણી શકો છો. ભાષણમાં અવાજની નરમાઈ, ચઢાવ ઉતાર અને રજૂઆતની અસર અલગ હોય છે. હઝરતની આ તકરીર સાંભળનારાઓ જોનારાઓએ ખૂબ પસંદ કરી હતી, આશા છે કે આપને પણ ગમશે.

*રજૂકર્તા : અબ્દુલ કૈયૂમ (જામિઆ અશ્રફિયા, મુબારકપુર)*

અમે ખૂબ જ આભારી છીએ મોહતરમ ડોકટર તૌસીફ અહમદ વાની અને સૈયદ હુસૈન મન્તકી એકેડમી જિમ્મેદારોના જેમણે એહલે સુન્નત વ જમાઅતની એક મહાન શખ્સિયત, પ્રતિષ્ઠિત કલમકાર, જર્નાલિસ્ટ અને મહાન દાનિશ્વર હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહીની યાદમાં આ સુંદર ઓનલાઈન કાર્યક્રમ યોજ્યો છે. અમે તમામ હાજરજનો અને સાંભળવાવાળા લોકોનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ અને મુબારકબાદ પેશ કરીએ છીએ. મારે કહેવું છે કે અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہનો અદરીના નજીક આલિસપૂરમાં ૧૯૫૩માં જન્મ થયો. સ્થાનિક મકતબમાં નાજરા કુર્આન અને ઉર્દૂ કિતાબનુ શિક્ષણ મેળવ્યું. ત્યારબાદ મદ્રસા ઝિયાઉલ ઉલૂમ અદરી, ત્યારબાદ મદ્રસા ઝિયાઉલ ઉલૂમ ખૈરાબાદ જિ. મઉમાં તાલીમ હાંસલ કરતા રહ્યા. છેવટે અહલે સુન્નતની મહાન દર્સગાહ દારૂલ ઉલૂમ અશરફિયા મુબારકપૂરમાં દાખલો મેળવ્યો અને આપે ખૂબ મહેનત, કોશિશ અને લગન સાથે અલગ અલગ વિષયો અને વિદ્યા કલાઓનું જ્ઞાન પ્રાપ્ત કર્યુ. અલ્લાહ તઆલાનો અતિશય ફઝ્લો કરમ રહ્યો કે જલાલતુલ ઈલ્મ હુઝૂર હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી, નાઈબે હુઝૂર હાફિઝે મિલ્લત જામેઅ મઅકૂલો મનકૂલ હઝરત અલ્લામા હાફિઝ અબ્દુર્રઉફ બલ્યાવી, કાઝીએ એહલે સુન્નત હઝરત મૌલાના મુહમ્મદ શફીઅ આઝમી મુબારકપુરી, બહરૂલ ઉલૂમ મુફતી અબ્દુલ મન્નાન આઝમી વગેરે એહલે સુન્નતના અકાબિર (મહાન વિદ્વાનો)થી આપે શિક્ષણ મેળવ્યું અને ૧૯૭૦માં દારૂલ ઉલૂમ અશરફિયાથી આપની તાલીમ પૂર્ણ કરી ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૭૧માં એક વર્ષ આપે દારૂલ ઉલૂમ ગરીબનવાઝ ઈલાહાબાદમાં શિક્ષણ આપ્યુ અને ત્યારબાદ બે વર્ષ આપે લખનૌમાં

www.barkatekhwaja.net

પસાર કર્યા અને અરબી અદબમાં તખસ્સુસ (ખાસ વિશિષ્ટતાનો કોર્સ) પૂર્ણ કર્યો. જાન્યુઆરી ૧૯૭૪ થી એપ્રિલ ૧૯૮૨ સુધી આપ દારૂલ ઉલૂમ અશરફિયા મુબારકપુરમાં શૈખુલ અદબના હોદ્દા પર રહી તાલીમ અને કેળવણીનું કાર્ય બજાવતા રહ્યા. આ દરમિયાન આપે અરબી શાયરોની અલગ અલગ નઅતોને જમા કરી, એ કિતાબ અલ મદીહુન્નબવી ﷺ છે જે આજે પણ હિંદ અને પાક તેમજ બીજા દેશોની દર્સગાહોના અભ્યાસક્રમમાં દાખલ છે.

હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી ૧૯૮૨થી ૧૯૮૪ સુધી રિયાઝ, સઊદીમાં રહ્યા અને ત્યાર બાદ દિલ્હી આવી ગયા. વિવિધ મદ્રસાઓના જિમ્મેદારોએ આપને દર્સ અને તદરીસ માટે દાવત આપી પરંતુ આપ સમતોલ ચિંતનવાળા, કાબેલિયતવાળા, દીર્ઘદષ્ટિવાન, મહાન જર્નાલિસ્ટ તેમજ બુદ્ધિજીવી હતા. આપે મદ્રસાઓના જિમ્મેદારોથી માફી ચાહી લીધી. આપે દિલ્હીની સરઝમીન મેટીયા મહલથી માહનામા "હિજાઝ જદીદ" ઉર્દૂમાં શરૂ કર્યું. આ મંથલી અંક ઓગષ્ટ ૧૯૮૮ થી નવેમ્બર ૧૯૯૨ સુધી ચાલુ રહ્યો, ત્યાર પછી રઝવી કિતાબ ઘરે માહનામા "કન્ઝુલ ઈમાન" શરૂ કર્યું તો આપ તેના મુખ્ય એડિટર તરીકે સેવા બજાવતા રહ્યા. આ બંને માહનામાઓના (માસિકોના) તંત્રી લેખોનો સંગ્રહ "નુકૂશે ફિક્ર"ના નામથી એક હજારથી વધુ પેજીસ પર ૨૦૦૩માં પ્રકાશિત થયો.

હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ સાથે અલાહના ફઝ્લથી મારો ખૂબ જ ગાઢ સંબધો રહ્યો. હઝરતે ખાદિમને હુકમ આપ્યો અને અમે એ સંગ્રહમાં ૧૧ પેજીસનો એક લેખ સમાવિષ્ટ કર્યો. આ જ રીતે અમારી કિતાબ "ઈફતેરાકે બયનુલ મુસ્લિમીન" ઉપર અમારી વિનંતિ પર આપે ખૂબ જ મહોબ્બતથી તેની પ્રસ્તાવના લખી આપી. હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી ખૂબ જ મેહનતી હતા, સુઝબુઝ અને દૂરંદેશીમાં તેમની જેવો જોવો નથી મળતો. આપ મહાન લેખક હતા, આપે પોતાની કલમના આધાર પર, પોતાની રાયના આધારે, પોતાના ચિંતન વૈચારિકતાના આધારે દિલ્હીની સરઝમીન પર રઈસુલ ક઼લમ અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ પછી એક સ્થાન બનાવ્યું. દીની મદ્રસાઓના ઉલમા હોય કે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જામિઆ અશ્રફિયાના કે બીજા દારુલ ઉલૂમના હોય ત્યાં રહેતા હતા. આપ લેખન અને વાંચનના સંદર્ભમાં સૌને માર્ગદર્શન આપતા અને સમયની જરૂરત મુજબના લેખન કાર્ય માટે રુચિ અપાવતા.

અલ્લાહ તઆલાએ આપને ઝાકિર નગર દિલ્હીમાં એક વિશાળ જમીન પણ અતા કરી. આપની અપીલ પર જે આપે માહનામા હિજઝ જદીદમાં એક લેખ લખેલ હતો. ત્યાર પછી જમીન આપને હાંસલ થઈ ત્યાં આપે દારૂલ ક઼લમનો પાયો નાખ્યો. લગભગ અડધી જમીન પર આજે પણ કાદરી મસ્જિદ બનેલી છે. દારુલ ઉલૂમ કાદરિયા પણ આજે તેની અંદરમાં ચાલી રહેલ છે. આપે એક મોટી લાઈબ્રેરી બનાવી અને આપ ચિંતન અને લેખનની દ્રષ્ટિએ એહલે સુન્નત વ જમાઅતની મહાન અને ભરોસાપાત્ર શખ્સિયત છે. આપે ઈસ્લામિયાતના વિશે ઘણુ વધુ લખ્યું. અલ્લાહના ફઝલથી આપની ત્રણ ડઝનથી વધુ કિતાબો વિવિધ વિષયો પર જાહેર થઈ ચૂકી છે. રઝવિય્યાત પણ આપનો એક ખાસ વિષય રહ્યો. "ઈમામ અહમદ રઝા અને રદ્દે બિદઆતો મુન્કિરાત, ઈમામ અહમદ રઝા અરબાબે ઈલ્મો દાનિશ કી નઝરમેં" અને આ પ્રકારની વિવિધ કિતાબો જેમકે આ'લા હઝરતકી ફિક઼્હી બસીરત, ઈમામ અહમદ રઝાકી મુહદ્દિષાના અઝમત વગેરે આ પ્રકારની અલગ અલગ વિષયો પર બહુમૂલ્ય કૃતિઓ એક પછી એક પ્રસિદ્ધ થતી રહી. આપની કિતાબો ન ફક્ત હિદુસ્તાન બલ્કે પાકિસ્તાન, બાંગ્લાદેશ વગેરે દેશોમાં ખૂબ જ અકીદત અને એહતેરામ સાથે પ્રકાશિત પણ કરવામાં આવી

રહી છે અને વાંચવામાં આવી રહી છે.

આપે દારૂલ ઉલૂમ અશરફિયામાં જે તાલીમી દર્સ આપવાનો ક્રમ શરૂ જેના ફળરૂપે, અલ્લાહના ફઝલથી આપના વિદ્યાર્થીઓ ન ફક્ત હિંદુસ્તાનમાં પરંતુ યુરોપ, અમેરિકા, સાઉથ આફ્રિકા તેમજ અન્ય દેશોમાં મોટા હોદ્દાઓ પર છે, આપની ખિદમતોના હવાલાથી સુન્ની દુનિયા ખિરાજે અકીદત પેશ કરે છે. ખૂબ જ સબર અને સુકૂન સાથે દિલ્હીની સરઝમીન પર પોતાનુ જીવન વિતાવતા રહ્યા. આપનો રિશ્તો જામિઆ અશ્રરફિયાથી ઘણો જૂનો હતો, એટલે કે વિદ્યાર્થીકાળથી લઈને જીવનના છેલ્લા શ્વાસ સુધી આપ જામિઆ અશ્રરફિયા સાથે જોડાયેલા રહ્યા. આપે ઈમામ અહમદ રઝા અને રદ્દે બિદઆતો મુન્કિરાત જે કિતાબ લખી તેના પર રઝા એકેડમી મુંબઈએ ઈમામ અહમદ રઝા એવોર્ડ આપને આપ્યો. એક સિપાસનામા (આભારપત્ર) અને રોકડા ૧૧,૦૦૦/– હજાર રૂપિયા આપને પેશ કરવામાં આવ્યા. આપે એ ૧૧,૦૦૦/– રૂપિયા એ જ સમયે જામિઆ અશ્રરફિયા મુબારકપુરને આપી દીધા. આપને ફફુન્દ શરીફથી પણ "તાજુલ ફુહુલ એવોર્ડ" મળી ચૂક્યો છે.

એવી જ રીતે આપે જે દોરાઓ કર્યા, લાહોર, કરાચી, સાઉથ આફ્રિકા, લીબિયા વગેરે વિવિધ દેશોમાં આપ ગયા. અને ન કેવળ આપ તશરીફ લઈ ગયા બલ્કે ત્યાં ઈલ્મી મેહફિલો, સેમીનાર અને મોટી મોટી કોન્ફ્રન્સોમાં પોતાના વક્તવ્યો, પૈગામો અને પોતાના બયાનો તથા લખાણો રજૂ કર્યાં. નિઃસંદેહ આપ એક મહાન, પ્રતિષ્ઠિત હસ્તી હતા. અલ્લાહ તઆલાએ આપને અસીમિત ફઝ્લો કમાલથી નવાજ્યા હતા.

અમારી સાથે તેમનો ખૂબ જ ગાઢ સંબંધ રહ્યો. એક બે નહીં અનેક જગ્યાઓ પર આપના ખાદિમની હેસિયત સાથે રહ્યો. તલ્સીપુરમાં સદરુલ અફાઝિલ સેમીનાર અને કોન્ફ્રન્સમાં હું એમની સાથે રહ્યો. બ્રાઉન શરીફમાં શોઅબુલ અવલિયા સંબંધે સેમીનાર તેમના ઉર્સના મોકા પર થયો અમે ત્યાં પણ સાથે રહ્યા. લખનૌમાં હઝરત અલ્લામા ફઝ્લે હક ખૈરાબાદી સેમીનાર અને કન્વેન્શનમાં ઘણીવાર હું આપની સાથે રહ્યો. દિલ્હીની સરઝમીન પર હઝરત ફઝ્લે હક ખૈરાબાદી સેમીનાર થયો તેમાં પણ સાથે હતો. એટલે કે અલગ અલગ જગ્યાઓ પર હું તેમની સાથે રહ્યો. કોમી કાઉન્સિલ બરાએ ફરોગે ઉર્દૂ ઝબાન જે આજે હિંદુસ્તાનમાં એક ખૂબ જ મહાન ઈલ્મી અને અદબી (શૈક્ષણિક અને કેળવણીમય) ખિદમત આપી રહેલ છે, અલ્લાહના ફઝલથી આ ફકીર ૧૫ વર્ષથી તેનો મેમ્બર છે. અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہ પણ તેના મેમ્બર બન્યા તો હું પણ દારૂલ કલમ પહોંચ્યો અને તેમની અધ્યક્ષતા હેઠળ મીટિંગમાં અમે લોકો હાજર પણ થયા.

કહેવાનો કરવાનો મકસદ એ છે કે અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી رحمۃ اللہ علیہ એક મહાન લેખક હતા, એક મહાન તર્બિયત કરનાર, મહાન વિદ્વાન અને ખૂબ જ દીર્ઘદ્રષ્ટિ ધરાવનાર, સચોટ આયોજન અને મનનની ઊંચાઈઓ પર પહોંચેલા હતા. હિંદુસ્તાનનો મસ્અલો હોય કે રાજકારણનો મામલો હોય, સમાજનો મામલો હોય કે મદ્રસાઓના મામલા અલ્લાહ તઆલાએ આપને આયોજન અને ચિંતનની ઊંચાઈઓ પર પહોંચાડેલ હતા. લોકો પોતાની સમસ્યાઓના નિરાકરણ માટે આપની બારગાહમાં હાજર થતા અને આપ ખૂબ જ ગંભીરતા સાથે તમામ લોકોના મસાઈલ હલ કરતા, સવાલોના જવાબો ખૂબ જ સમજદારી સાથે આપી લોકો સાથે વર્તન કરતા.

અલ્લાહ તઆલાની બારગાહમાં દિલની પૂરી ગહરાઈઓની સાથે આપણે દુઆ કરીએ છીએ કે પરવરદિગાર ! તું તારા ફઝ્લ અને કરમથી તેમને જન્નતુલ ફિરદોસમાં ઊંચુ મકામ અતા ફર્માવ, તેમની કબરમાં જન્નતુલ ફિરદોસની ઠંડી હવાઓ અને બહિશ્તી બિસ્તર અતા ફર્માવ. આમીન. *(અશ્રરફિયા મંથલી, મુબારકપુર, સપ્ટેમ્બર–૨૦૨૩)*



www.barkatekhwaja.net

# મુસ્લિમ યુવાનો માટે ખાસ નસીહતો

**સંપાદક : અરીશા તક્દીસ**
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ રઝવી દયાદરવી**

આલમે ઈસ્લામના પ્રસિધ્ધ અને પ્રતિષ્ઠિત આલિમે દીન, અલ્લામા ડો. યૂસુફ કર્ઝાવીએ વર્તમાન સમયમાં એવા મુસ્લિમ યુવાનો માટે કેટલીક કિંમતી શિખામણો આપી છે જેઓના દિલોમાં અલ્લાહની મહોબ્બત ભરેલી હોય અને જે સમાજને સુધારવા ઈચ્છતા હોય.

પોતાના રૂમમાં બનેલી એક નાની લાઈબ્રેરીની સફાઈ કરવા દરમિયાન અચાનક મારી નજર એક પુસ્તિકા પર પડી. આ પુસ્તિકા એક મોટા પુસ્તક નીચે દબાયેલી હતી. મેં ધીમેથી તેને બહાર કાઢી. આગળના કવર પર અલ્લામા યૂસુફ કર્ઝાનુ નામ જોઈ મારી નજર અટકી ગઈ, આટલા મોટા લેખક અને દૂરંદેશ, આદરણીય સન્માનને પાત્ર આલિમે દીનની પુસ્તિકા ?! મારા મનમાં ઉત્સુકતા જાગી ગઈ. મોમાં પાણી આવી ગયું. જાણે એ પુસ્તિકા નહીં પરંતુ ગુલાબ જામુન હોય ! જો કે આપણે ગુલાબ જામુનથી શું લેવા દેવા ! અમારા જેવા ભૂખ્યા પુસ્તક પ્રમીઓને તો ફક્ત સારાં પુસ્તકોનો જ શોખ હોય છે. મેં કબાટના દરવાજા ખુલ્લા જ રાખ્યા અને બેડ પર ફેલાયેલાં પુસ્તકો હટાવીને જગ્યા બનાવી બેસી ગઈ. આ પુસ્તિકા ૩૪ પાનાં પર આધારિત હતી.

ચાલો સારુ છે, પળવારમાં વાંચી લઈશ પછી કરી લઈશ બાકીની સફાઈ, મેં પોતાને કહેતાં સાથે સાથે જેઓ વિનવણીના અંદાજમાં રૂમમાં આમતેમ પડેલાં પુસ્તકોને પણ સંબોધન કર્યું હતું. તે જાણે મને ફરીથી કબાટમાં સફાઈ સાથે ગોઠવી દેવા વિનંતી કરતાં હોય એમ લાગી રહ્યાં હતાં. પરંતુ મેં તેમની વિનંતિને એ રીતે અવગણેલી જેમ બિલાડી દૂધ પીતી વખતે આંખો બંધ કરીને આપણને અવગણે છે.

આ પુસ્તિકા ૧૯૯૫માં દિલ્હીમાંથી પ્રકાશિત થઈ હતી. મને આશ્ચર્ય થયુ. આટલી જૂની પુસ્તિકા ! જૂની પુસ્તિકાઓ ખાસ કરીને કાંઈક ગાઢ ઉર્દૂમાં લખવામાં આવતી હતી જેથી તે મને કાંઈ ખાસ પસંદ ન આવતી અથવા એમ કહો કે સમજમાં ન આવતી. પરંતુ આ પુસ્તિકા મને કંઈક અલગ નજર આવી. તેની ભાષા, શબ્દો ખૂબ સરળ અને સામાન્ય હતા. મારી રૂચિ વધી ગઈ અને હું પુસ્તિકા વાંચવામાં મગ્ન થઈ ગઈ અને પાનાઓ પલટાવવા લાગી.

આ કિતાબનો એક એક શબ્દ ધ્યાનથી વાંચવા લાયક છે, પરંતુ એ સ્પષ્ટ છે કે હું અહીં તેની બધી જ વાતો લખી પણ નહી શકુ. હું તો ફક્ત એ જ લખી રહી છું. જે વાંચીને મને સમજમાં આવ્યું.

આ પુસ્તિકામાં મૌલાનાએ મુસ્લિમ યુવાનોને સાત શિખામણો આપી હતી. હું ધ્યાનથી વાંચવા લાગી.

**(૧) વિશેષતા અને ખાસપણુ** : પહેલી શિખામણ હતી "ઈમ્તિયાઝ તથા તખસ્સુસનો એહતેરામ." "તખસ્સુસ એટલે કોઈ વિષયમાં વિશેષતા (Specialization) મેળવવી અને "ઈમ્તિયાઝ" એટલે ભેદભાવ કે યોગ્ય ફરક સમજવો (Discrimination) એટલે કે જે કાર્યમાં માણસ નિષ્ણાત ન હોય, જેના વિષયમાં તેને જ્ઞાન ન હોય, તેમાં પડવુ નહીં. જેમ કે કોઈ વકીલ કોઈ દર્દીની તપાસ કરી શકતો નથી, તેવી જ રીતે કોઈ ગેર આલિમ વ્યક્તિ માત્ર પોતાની સમજ કે તર્કના આધાર પર

www.barkatekhwaja.net

ફતવો આપી શકતી નથી. જેમ દર્દીની સારવાર માટે ડોકટરની જરૂરત પડે છે તેવી જ રીતે ધર્મના પ્રશ્નોના ઉકેલ માટે જાણકાર વ્યક્તિની જરૂરત પડે છે. અહીં મૌલાનાએ દીનના ઉલમા અને ઈમામો, જેમ કે ખુલફાએ રાશિદીન, હઝરત ઈમામ માલિક, હઝરત સઈદ બિન મુસૈયબ વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعینનાં ઉદાહરણ આપતાં બતાવ્યું કે કઈ રીતે તેઓ જ્ઞાનની અધિકતા હોવા છતાં ફત્વો આપવાથી ડરતા હતા અને વધુથી વધુ મગફિરતની દુઆઓ કરતા હતા.

બીજી વાત છે કે જ્ઞાન પ્રાપ્ત કરવુ ફરજ પણ છે અને ઈસ્લામની જરૂરિયાત પણ છે. મૌલાના કહે છે કે આજના સમયમાં મુસ્લિમો અને તેના વિરોધીઓના વચ્ચે સખત સ્પર્ધા ચાલી રહી છે. એવા સમયમાં જો કોઈ વ્યક્તિ નિષ્ઠા અને ઉંડાણથી દીન અને દુનિયાનુ જ્ઞાન મેળવી રહ્યો હોય, તો તેને સમજવું જોઈએ કે તે ઈબાદત અને જિહાદ (ન્યાય માટેના સંઘર્ષ)માં લાગેલો છે. હું વાંચીને ખૂબ પ્રભાવિત થઈ. લખાણની શૈલી અને શબ્દોનો જાદૂઈ ઉપયોગ એવો લાગ્યો જાણે એ સીધા દિલ અને આત્મામાં ઉતરી રહ્યા હતા અને આત્માને તાજગી આપી રહ્યા હોય એવું લાગતુ હતું.

**(૨) તક્વો અને મધ્યમ માર્ગની પસંદગી :** હું પાનુ વાંચતી અને ફેરવતી ગઈ, ત્યાં બીજી નસીહત મારી રાહ જોઈ રહી હતી. જેનુ નામ હતુ "મુત્તકી તથા મધ્યમ માર્ગપસંદ માર્ગદર્શક." અહી મૌલાના કહે છે કે મુસ્લિમ યુવાનોએ પોતાના માટે કેવો માર્ગ પસંદ કરવો જોઈએ ? કઈ ખાસિયતોને પ્રાથમિકતા આપવી જોઈએ ? મુસ્લિમ બન્યા પછી દરેક મુસ્લિમને યોગ્ય (રહનુમાની) માર્ગદર્શકની જરૂર હોય છે. અને જાહેર છે કે મુસલમાનની રહનુમાઈ કોઈ આમ વ્યક્તિ નથી કરી શકતો એટલા માટે મૌલાનાએ એ વ્યક્તિને રહનુમા બનાવવા પર જોર આપ્યુ જે ઈલ્મના ઊંડાણની સાથે તકવા (પરહેઝગારી) અને મધ્યમ માર્ગ (સંતુલન)ની રાહ પર ચાલતો હોય. આજકાલ આપણે જોઈએ છે કે ઘણા બધા ઉલ્મા, મદરસાના ફારિગો અને મુકર્રિરો ધુવાંધાર તકરીરો કરી, જઝબાતવાળા અંદાજમાં ચીખો પાડી, આંસુઓ પાડી રડી રડીને પોતાના જ્ઞાનનો ઢંઢેરો પીટતા જોવા મળે છે, તેમનો પ્રભાવ જમાવવા માગે છે. તેમના પ્રવચનોમાં ન કોઈ ઊંડી સંશોધનાત્મક (ખરાઈ) હોય છે, કોઈ સચ્ચાઈ જોવા નથી મળતી. તેમના જ્ઞાનની દલીલો કિતાબ અને સુન્નતે રસૂલથી કોઈ જુવાન શરમાતી યુવતીની જેમ પર્દો કરતી જોવા મળે છે. પરંતુ આપણા નવયુવાનો તેમના જઝબાતી (જોશભર્યા) અંદાજને સાચો માની તેમના હાથ પર બયઅત કરે છે એને અસલ દીન સમજી દીનના ખરેખર જરૂરી કામોથી દૂરી અપનાવી લે છે, જેનાથી નવજવાનોના જઝબાત તો ઠંડા પડે છે પરંતુ ઈલ્મની અસલ પ્યાસ બુજતી નથી. એ નવયુવાનો માટે જરૂરી છે કે એવા ઉલ્માને પોતાનો રેહનુમા બનાવે જે ઈલ્મની સાથે અમલવાળો પણ હોય અને જેમાં પરહેઝગારી (તકવો) જોવા મળતી હોય. પરહેઝગારી અસલમાં સાચા જ્ઞાનનુ ફળ હોય છે, કેમ કે કુર્આનમાં અલ્લાહ તઆલા ખુદ ફર્માવે છે, "હકીકત એ છે કે અલ્લાહના બદાઓમાં ફક્ત ઈલ્મ (જ્ઞાન) રાખવાવાળા જ અલ્લાહથી ડરે છે." *(સૂરએ ફાતિર, ૨૭)*

બીજી ખાસિયત એક રહનુમામાં હોવી જોઈએ તે એ છે કે રહનુમાઈમાં એતેદાલ હોવુ. 'એતેદાલ' શબ્દ 'અદ્લ પરથી બન્યો છે, જેનો અર્થ છે ન્યાય, સંતુલન અને મધ્યમ માર્ગ અપનાવવો. આપણે ઘણીવાર જોઈએ છીએ કે કેટલાક આલિમો દીનની બાબતોમાં અતિશય કઠોરતા અને સખ્તાઈનો રસ્તો અપનાવે છે. (અને ક્યારેક લોકોને અનાવશ્યક મુશ્કેલીઓમાં મૂકી દે છે. નાની નાની બાબતોને પણ

મોટો ગુનો બનાવી દેવામાં આવે છે.) અને કેટલાક ઉલ્મા જરૂરત વિના ઢીલ આપે છે ! તેઓ નાજાઈઝ વસ્તુઓ ઉપર પણ પોતાના ફત્વાનો જાદૂ કરી તેને જાઈઝ બનાવી દે છે. જ્યારે કે આપણે જાણીએ છીએ કે ઈસ્લામ ન સખ્તાઈ પસંદ કરે છે ન આઝાદી. ઈસ્લામનું અસલ રૂપ સહેલાઈ અને સંતુલન છે જે લોકોને આસાની પણ આપે છે અને સાવચેતીના નામ પર અલ્લાહના બંદાઓની જિંદગી જહન્નમ નથી બનાવતો. આપણે આવો જ રહનુમા આપણા માટે શોધવો પડશે. જે ઈસ્લામની રોશનીમાં અમલી જિંદગીમાં જોવા મળતી બુરાઈઓને રોકવાની હિમ્મત ધરાવતો હોય.

કેટલી અજોડ વાતો હતી મૌલાનાની ! હું વિચારવા લાગી. મને વાંચીને ખૂબ આનંદ મળી રહ્યો હતો. અજોડ (વિશિષ્ટ) વાતો મને હમેશાંથી દિલચસ્પ લાગતી હતી અને મૌલાના એ જેવી રીતે એક આઈડિયલ લીડરનો નકશો ખેંચ્યો તે મારા દિલને સ્પર્શી ગયો અને હું એ જ ભાવના સાથે આગળ વાંચવા લાગી.

**(૩) મુશ્કેલી નહીં, સરળતા** : ત્યાં ત્રીજી શીખામણ વાત જોઈ રહી હતી. જેનુ નામ હતું. "મુશ્કેલીઓ નહીં, સરળતા." મને આ શિખામણ ખૂબ પસંદ આવી. મૌલાના ફર્માવે છે કે મુસ્લિમ નવજવાનોએ જબરદસ્તી અને સખ્તાઈથી પોતાને અલગ રાખવા જોઈએ. પોતાના અંદર સંતુલન અને નરમાઈ રાખવાની જરૂર છે. આજના નવજવાન ભવિષ્યના નેતા છે. તેમનુ દરેક કાર્ય દીને ઈસ્લામની ભલાઈ માટે હશે તો જ્યારે પણ તેમણે પોતાની જિંદગીમાં સખ્તાઈ અને નરમી તથા આસાન અને મુશ્કિલ અમલમાંથી કોઈ એકને અપનાવવાનું હોય તો આસાની અને નરમાઈને જ અપનાવે, કેમ કે તે રસૂલુલ્લાહ ﷺની સુન્નત છે. આજના સમયમાં જ્યારે ઈસ્લામ પર અમલ કરવાનુ ખૂબ મુશ્કિલ બનાવી દીધુ છે આ હાલાતમાં આપણો ફર્ઝ છે કે આપણે લોકોને એ સરળતાઓ રજૂ કરીએ કે જે અલ્લાહે તેમના માટે દીનમાં રાખી છે જેથી તેઓ ઈસ્લામના નૂરથી પોતાને ચમકાવી શકે.

**(૪) સદબુદ્ધિ અને સમજદારી** : ચોથી શિખામણ ખૂબ જ આકર્ષક અને આશ્ચર્યજનક છે અને એ જ સદબુદ્ધિ અને સમજદારીનો રસ્તો છે. આપણે જે કામ માટે નીકળ્યા છીએ તે દીનને ફેલાવવા માટેનો ફરીઝો છે. આ કામ અંબિયાએ કિરામનુ કામ છે. તો સ્પષ્ટ છે કે આને કરવા માટે પણ અંબિયાએ કિરામે અપનાવેલ તરીકો જ અપનાવવો પડશે. દીનને કાયમ કરવા માટે કેવા પ્રકારનું વર્તન અપનાવવુ જોઈએ ? એના માટે કુર્આન હુઝૂરે પાકને સંબોધી ને કહે છે :

"હે નબી ! પોતાના રબના રસ્તાની તરફ દાવત આપો (બોલાવો) હિકમત અને સારા ઉપદેશ સાથે અને તેમની સાથે એવી રીતે ચર્ચા કરો જે શ્રેષ્ઠ હોય."

*(સૂરએ નહલ, ૧૨૫)*

આ આયત બતાવે છે કે લોકોને દીનની તરફ સખત વાતો, કયામત અને જહન્નમનો ડર નહીં લાવી શકે. પરંતુ એ લોકોને સચ્ચાઈના રસ્તા ઉપર લાવવા માટે ફક્ત એક જ વસ્તુ અસરકારક છે કે અને તે છે શ્રેષ્ઠ અખ્લાકની સાથે કરવામાં આવેલ વાતચીત ! આજના સમયમાં ઉમ્મતના નવજવાનોએ હિંદુસ્તાની ભાઈઓ સાથે ચર્ચા માટે આ રાહને અપનાવવાની જરૂરત છે. આ જ રસ્તો છે કે જેને હઝરત મૂસાને ખુદાએ ફિરઓનને સંબંધિત કરવા માટે અપનાવવા ભાર મૂક્યો હતો. ઉપરની આયતમાં શ્રેષ્ઠ રીતે વાતચીત કરવા ફક્ત સૂચન નથી કર્યું પરંતુ હુકમ આપ્યો છે કે જેટલો થઈ શકે એટલો સારો તરીકો અપનાવવામાં આવે.

અહિંયા મને એ વાત વાંચતાં વિચાર આવ્યો કે અલ્લાહ તઆલાએ કાફિરોથી આટલી સારી રીતે

ચર્ચાનો હુકમ આપ્યો જ્યારે આપણે મુસલમાન ભાઈઓ સાથે કેવો વ્યવહાર કરીએ છીએ ? તેમની કમીઓ અને ગુનાહોને જોઈને પોતે જ હાકિમ બની તેમના પર ફત્વા ચોડી દઈએ છીએ. તેમના ગુનાહોને કયામતની નિશાનીઓ બતાવી નફરત ભરેલો તરીકો અપનાવીએ છીએ. જ્યારે કે આપણે કોઈ સામાન્ય લોકો નથી, આપણે દીનની દાવતનો ફરીઝો લઈને ઉઠયા છીએ. આપણી તો જવાબદારીઓ પણ મોટી છે અને આપણે તો વધારે સાવચેતી અપનાવવા પાત્ર છીએ, હું વિચારોને મૂકી આગળના પેજો ઉપર નજર દોડાવવા લાગી. ઘણા બધાં ઉદાહરણો આપી મૌલાનાએ દીનની તબલીગના માટે નરમાઈ અને સારો અખ્લાક (વ્યવહાર)નો કઈ રીતે ઉપયોગ કરવો એના વિશે બતાવ્યું હતું.

**(૫) વાતચીતમાં શિષ્ટાચાર :** પાંચમી શિખામણ પણ થોડી ઘણી ચોથી શિખામણ જેવી જ લાગી. હું વાંચવા લાગી. ત્યાં દાવત અને ચર્ચાના આદાબ સંબંધે લખ્યુ હતું. દાવતનું કામ વાતચીતના આદાબ શીખ્યા વિના શક્ય નથી, અને સૌથી પહેલા ઈસ્લામની દાવતનો હક દાવત આપનારાના ઘરમાં રહેતા લોકો માટે હોય છે. જો તેઓ મુશ્રિક હોય તો આપણે સૌથી પહેલાં સારા અખ્લાક અને આદર સાથે દીનની દાવત આપવી જોઈએ. આ દાવતના તરીકાનો અલ્લાહ તઆલાએ સૂરએ મરયમમાં હઝરત ઈબ્રાહીમને નમૂનો બતાવ્યો છે કે કેવી રીતે તેમણે પોતાના કાકાને આદર સાથે દાવત આપી હતી. સારા અખ્લાકનો સૌથી પહેલો હક પોતાના ઘર, ખાનદાન અને પડોશીઓનો હોય છે. આપે એ હદીષ તો સાંભળી હશે. જેમાં હુઝૂરે પાક ﷺએ ફર્માવ્યું, "તે વ્યક્તિ અમારામાંથી નથી જે નાના બાળકો પર રહમ ન કરે, અને મોટાઓની ઈજ્જત ન કરે અને ઉલમાનો હક ન ઓળખે."

ઈસ્લામ એક સંપૂર્ણ દીન છે. અહીં નાના–મોટાં દરેકના હકોને બીજાઓ પર ફરજ બનાવવામાં આવ્યા છે, જેથી હકો પણ પૂરા થાય અને ફરજો પણ અદા થાય. તેથી દાવતના કામ માટે લોકોના હકોનું ધ્યાન રાખવુ એક મુસલમાન પર ફરજ ઠરાવવામાં આવ્યું છે.

**(૬) સામાન્ય લોકોમાં હરીમળીને રહો :** ઉફ ! છટ્ઠી શિખામણ ખરેખર દિલચસ્પ હતી. એટલા ઊંડાણપૂર્વક એટલી મહત્વપૂર્ણ વાતને મૌલાનાએ બતાવી હતી કે હું તેમની આટલી મોટી સોચને વખાણ કરવાથી ન રોકી શકી. એ શિખામણનું નામ હતું : "સામાન્ય લોકોમાં હરીમળીને રહો !" હા ! નામ જેટલુ સરળ છે, અર્થ એટલો જ સરળ છે પરંતુ તેને કરવુ એટલુ સહેલુ નથી. આજના યુવાનો પોતાના સામે અફલાતુનના આદર્શ જગતનુ સ્વપ્ન સજાવી રાખે છે જેમાં દરેક વસ્તુ આપોઆપ થઈ જશે. ગરીબી પોતે જ ખતમ થઈ જશે, જુલ્મ અને ફસાદ પોતે જ મટી જશે, લાંચખોરી પોતે જ આ ફાની દુનિયામાંથી રૂખસત થઈ જશે વગેરે. પરંતુ આપણે જાણીએ છીએ કે આ શક્ય નથી. કોઈને તો આ કામ ખતમ કરવા માટે આગળ આવવુ પડશે, પરંતુ શું એ કોઈ આકાશમાંથી આવનાર છે ? નહીં ! તો પછી સ્પષ્ટ છે કે આ કામ કરવા માટે આપણે જાતે જ આગળ વધવુ પડશે અને તેના માટે આપણે અફલાતુનના કલ્પનાત્મક ગુબ્બારાને ફોડી હકીકતની જમીન પર ઉતરવુ પડશે. ગલીઓમાં ગરીબોના વચ્ચે બેસીને તેમના પ્રશ્નો સાંભળવા પડશે, તેમની મદદ માટે અમીર લોકો સુધી જઈને તેમની પાસેથી નીકળેલી ઝકાતને સહી રીતે ઉપયોગ કરી તેમની મદદની યોજનાઓ બનાવવી પડશે. આ કામ મિલ્લતના યુવાનોનુ કામ છે કેમ કે ઈતિહાસ (સાક્ષી) છે કે, એ હઝરત ઈસા علیہ السلامના અનુયાયીઓ હોય કે આપણા નબીના સહાબા હોય. શરૂઆતમાં ગરીબ વર્ગ જ સૌથી પહેલા ઈસ્લામ તરફ આકર્ષાય છે, આપણે તેમની મદદ કરી તેમનું ધ્યાન

પોતાની તરફ ખેચવું પડશે. આ કામ સરળ નથી. તેના માટે મૌલાના મુસ્લિમ યુવાનોને સંબોધીને કહી રહ્યા છે :

"યુવાનો ! પોતાની કૌમને છોડી ફક્ત પોતાની જાતને પોતાની ધ્યાનનુ કેન્દ્ર ન બનાવો." બગડતી પરિસ્થિતિમાં નબળા વર્ગને મુસ્લિમ યુવાનોના સહારાની જરૂર છે. અલ્લાહ તઆલાએ દરેક નફો આપવાવાળા સામાજિક કામને શ્રેષ્ઠ ઈબાદત ગણાવી છે, આ કામમાં કોઈને જોઈને સ્મિત સાથે વાત કરવુ પણ હોય શકે છે અથવા રસ્તામાંથી પથ્થર હટાવવુ જેવાં સામાન્ય કામ પણ હોય શકે છે. જેની જેટલી તાકાત હોય અને જેટલો સમય હોય આ કામ તરફ ધ્યાન આપવુ આપણો નૈતિક અને દીની ફરજ છે.

**(૭) જજમેન્ટલ (બીજા માટે મંતવ્ય નક્કી કરનાર) ન બનો** : સાતમી અને છેલ્લી શિખામણમાં મૌલાનાએ ત્રણ શિખામણો આપી છે. પહલી છે લોકોએ લોકોની ભૂલો માટે માફ કરતા રહેવુ જોઈએ કેમ કે ઈન્સાન ફરિશ્તા નથી, ભૂલો થતી રહે છે. આપણે જાણીએ છીએ કે ઈન્સાન નૂરથી નહીં પરંતુ સડેલી માટીથી બનેલો છે, તેની આદતોમાં ગુનાહ કરી પલ્ટી જવુ છે. ભૂલ તો હઝરત આદમ عليه السلام થી પણ થઈ ગઈ હતી, જો કે એ ખતાએ ઈજતેહાદી હતી, પરંતુ અલ્લાહ તઆલાએ તેમને માફ કરી દીધા. આ આપણુ કામ છે કે આપણે લોકોની ભૂલો અને ગુનાહોને માફ કરતા રહીએ, તેમનો મામલો અલ્લાહ ઉપર છોડી દઈએ. જો કોઈનાથી કોઈ ગુનોહ ભૂલથી થઈ ગયો તો અલ્લાહની રહમતથી નિરાશ ન થવા દઈએ, તેને હિમ્મત અને હોસલો આપી સીધા રસ્તા પર લાવીએ. આપણને લોકોના સુધાર માટે આ દુનિયામાં મોકલવામાં આવ્યા છે.

બીજી નસીહત બહુ જ શાનદાર હતી. લોકોના બાતિન (દિલની વાત)નો ફેસલો ન કરો. આપણને અલ્લાહ તઆલાએ લોકોનાં બાહ્ય દેખાવનો ફેંસલો કરવાનો અધિકાર આપ્યો છે પરંતુ દિલની વાતો તો અલ્લાહ જ જાણે છે. એટલા માટે તે અલ્લાહ પર જ છોડી દઈએ. જો કોઈ આપણી સાથે સારા વ્યવહાર સાથે મળે છે પરંતુ આપણને લાગે છે કે દિલમાં તે આપણને નાપસંદ કરે છે તો દિલની હાલતને અલ્લાહ પર છોડી દો, અને તેની સારી વર્તણૂંકનો શ્રેષ્ઠ બદલો આપવો જોઈએ.

ત્રીજી અને છેલ્લી ખિમામણ મને જમ્યા પછી ખાવાવાળી અને મીઠાઈની જેમ લાગી જેને છેલ્લે થોડુ થોડુ મજા લઈને ખાવામાં આવે છે, અને એ છેલ્લી નસીહતનુ નામ છે : "ન્યાયાધીશ ન બને" દુનિયામાં ઘણા લોકો ગુનાહોથી ઘેરાયેલા હોય છે, અને જે લોકો દીનદારી સાથે જોડાયેલ છે તેઓ તેમને એવી રીતે જુએ છે કે જાણે તેઓ ચોર છે અને આ લોકો પોલીસ ! જ્યારે કે કુર્આન શરીફ અને હુઝૂર ﷺની સીરત આપણને અન્ય માટે નિર્ણય કરવાવાળી આંખોથી અને એ ગુનેહગારો સાથે નફરત કરવાથી રોકે છે. અલ્લાહના રસૂલ ﷺએ જેવી રીતે કમજોરોને શફકત અને પ્રેમની નજરથી જોયા તેવી જ રીતે ગુનેહગારો પર રહમની જ નજર ફર્માવી, એ રહમ જે ડોકટરની નજરોમાં જોવા મળે છે કે જ્યારે તે કોઈ બીમારની હાલત તપાસે છે. સારો ડોકટર હમેશાં બીમાર સાથે પ્રેમ કરે છે અને બીમારીથી નફરત કરે છે. તેને એ ફિકર હોય છે કે એ કઈ રીતે દર્દીને બીમારીથી આઝાદ કરે. આપણે પણ અલ્લાહના ગુનેહગાર બંદાઓને આ જ નજરથી જોવાની જરૂરત છે. રસૂલુલ્લાહ ﷺનું એ ફર્માન તો યાદ હશે કે આપે ફર્માવ્યું, "પોતાના ભાઈના મુકાબલામાં શૈતાનના મદદગાર ન બનો !"

આપણે અસલમાં પોતાના ભાઈના ગુનાહોની લિસ્ટ જોઈને તેનાથી નફરત કરી પોતાને તેનાથી અલગ કરી લઈએ છીએ. અને શૈતાન આનો

સહેલાઈથી ફાયદો ઉઠાવી એ ભાઈને પૂરેપૂરો પોતાની ચુંગાલમાં દબોચી લે છે. મારા દિમાગમાં સવાલ આવ્યો કે પછી આપણે શું કરવું જોઈએ ? મૌલાનાને જેવી રીતે કે વર્ષો પહેલા મારા દિમાગમાં આવેલ સવાલની ખબર થઈ ગઈ હોય ! મેં આગળ પેજ વાંચ્યાં ત્યાં જવાબ સ્મિત આપી મને જોઈ રહ્યો હતો ! જેનો સામાન્ય બોલીમાં અર્થ એ થાય કે જ્યાં સુધી ઈન્સાન મૌતના ખોળામાં ન ચાલ્યો જાય ત્યાં સુધી તેને સાચા રસ્તા પર લાવવાનો સમય હોય છે. અલ્લાહ તઆલાએ તો હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ જેવા ઈન્સાનને માફ કરી તેમને દીનના ખલીફા બનાવ્યા હતા કે જે તલવાર લઈને હુઝૂર પાક ﷺને કતલ કરવાના ઈરાદાથી નીકળ્યા હતા. અલ્લાહ તો એ જ છે ! જે આજે પણ આ ગુનેહગાર બંદાઓને માફ કરી તેમને દીનની એ સમજ પણ આપી શકે છે જે કદાચ આપણને પણ નસીબ ન થાય. બસ જરૂરત છે આ લોકોને અલ્લાહની રાહ તરફ પાછા લાવવાની. મને યાદ આવ્યુ કે એક બુદ્ધિશાળીએ કોઈ અવસર પર કેટલુ સુંદર કહ્યુ હતું, "અંધકાર પર ધિક્કાર કરવાથી સારું છે કે ત્યાં દીવો પ્રગટાવી દો ! તે રસ્તાને અજવાળુ આપશે. કેમ કે ધિક્કાર કરવાથી ન રસ્તાને અજવાળુ મળશે ન કોઈને ફાયદો થશે. પરંતુ એ શક્ય છે કે આપણો ધિક્કાર તેઓને (ગુનેહગારોને) ઈસ્લામથી વધુ દૂર કરી દે અને શૈતાન તેમને બરાબર ફસાવી દેશે. આ નસીહતો એ બધા જ મુસલમાન નવયુવાતોથી છે જેમનુ દિલ અલ્લાહની મહોબ્બતથી ભરેલુ છે, જેઓ હાલત બદલવાની ઈચ્છા રાખે છે. અને સૌથી વધારે એ લોકો કે જેના પર અલ્લાહે રહમ કર્યો છે, કેમ કે દીને ઈસ્લામે આપેલ હિદાયતો (માર્ગદર્શન) અને તેના પર ચાલવાની નસીહત મળવાથી વધારે જરૂરી કોઈ બીજી વસ્તુ નથી.

આ કિતાબ પૂર્ણ થઈ હતી. હું કેટલીવાર સુધી બેસી રહીને મૌલાનાની કહેલી વાતો વિચારતી ફરીથી લાઈબ્રેરી ગોઠવવા લાગી. ખરેખર કિતાબ હોય તો આવી ! જે ક્ષણભરમાં ઈન્સાનના વિચારોના અંતરને બદલી નાખે. આ પુસ્તિકા થાડો શબ્દોમાં ખૂબ ઊંડાણ સાથે લખવામાં આવી છે. મેં મારી મામૂલી કોશિશ કરી જે મને સમજમાં આવ્યું તે હું તમને બતાવી શકુ. જો તમે જાતે એને વાંચશો તો તેની ઊંડાણમાંથી મોતીઓ રૂપે હજુ પણ ઘણી માહિતી ભરેલ વાતો જાણી શકો છો તો જરૂરથી વાંચશો. *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓગષ્ટ–૨૦૨૫)*

પેજ 33 નું ચાલુ..

ઈબ્ને કશીરે લખ્યું છે કે એ દિવસ લોકોનો ખૂબ પ્રમાણમાં રડવા પીટવાનો તથા રંજ તથા ગમની સખ્તીનો હતો. એના પરથી જ ઈમામ અસ્ફરાઈનીની મકબૂલિયત તથા મહબૂબિયતનો અંદાઝો થાય છે કે તે પોતાના ઈલ્મ તથા પ્રશંસા પાત્ર ખૂબીઓના કારણે દરેક ખાસ તથા આમના દિલમાં બિરાજમાન હતા. નમાઝે જનાઝા અબૂ અબ્દુલ્લાહ ઈબ્ને મહતદી ખતીબે જામેએ મન્સૂરે પઢાવી. ઈમામ ખતીબ બગદાદી પણ એ નમાઝમાં શરીક રહ્યા. દફનવિધિ તેમના ઘરમાં જ થઈ. પછી ચાર વરસ બાદ હિ.સ. ૪૧૦ માં મકબરા બાબે હર્બમાં બીજીવાર દફનવિધિ થઈ. એ તબદીલીનું કારણ ન જાણી શકાયું. ઈમામ યાફઈ કહે છે કે **ચાર વરસ પછી પણ તેમની મૈયત પર કોઈ પ્રકારના સડાની અસરો ન હતી.** ઈમામ યાફઈના કથનાનુસાર એને એમના હક્કમાં કરામત જ કહીશું. ઈબ્ને જવઝીનું બયાન છે કે તેમની ઉમર ૬૧ વરસ અમુક મહીના હતી. *(તબક઼ાતે શાફઈય્યહ, ૧/૩૯, ૪૦, અલ બિદાયા વન્નિહાયા, ભાગ–૬, વિભાગ–૧૨, પેજ–૪, તારીખુલ ઈસ્લામ વ વફાયતુલ મુશાહિર વલ અઅયાન, ૧/૭૪)*



www.barkatekhwaja.net

# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

❒ **સુન્ની આલિમે દીન :** (ભરૂચ તરફના) અપરણીત, **ઉંમર :** ૩૨, **મંથલી આવક :** ૩૦,૦૦૦/– બાઅમલ, ખુશ અખ્લાક, સુશીલ સ્વભાવના યુવાન માટે નેક સીરત આલિમા ફાઝિલા અથવા બાપર્દા નેક દીનદાર યુવતી પસંદગીને પાત્ર. **વધુ માટે સંપર્ક કરો : 94274 64411.**

❒ **સુન્ની યુવાન : ઉંમર :** ૨૮ વર્ષ, **ઉંચાઈ :** ૫.૭ ઈંચ, **દેખાવ :** ગોરો, **ધર્મ :** સુન્ની મુસ્લિમ, **શિક્ષણ :** B.Com, **રહેઠાણ :** ખંભાત, જી. આણંદ, ગુજરાત. સુસ્થાપિત અને પ્રતિષ્ઠિત પરિવાર સાથે સંબંધ ધરાવે છે. સ્વભાવથી શાંત, સમજદાર અને પરિવારપ્રેમી ધાર્મિક તથા પારિવારિક મૂલ્યોમાં વિશ્વાસ રાખે છે.

**માગણી :** શિક્ષિત, સંસ્કારી અને સારા સુન્ની મુસ્લિમ પરિવારની સમજદાર જીવનસાથી ઈચ્છનીય.

**સંપર્ક : Mo. 78610 12977, Email: khanbrotherscambay@gmail.com**

**નોંધ :** ઈચ્છુક વ્યક્તિઓના ઘરનાં વડીલે ઉપરોક્ત નંબર પર **WhatsApp**ના માધ્યમથી સંપર્ક કરવો.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **દયાદરા :** ખાતે તા. ૧૩–૫–૨૦૨૬ બુધવાર, મુ. ચાંદ ૨૫ ઝી ક઼અદા, હિ.સ. ૧૪૪૭ ના રોજ ઈબ્રાહીમ મુહમ્મદ શેરપુરાવાળાનો ટંકારીઆ કંબોલી વચ્ચે રોડ અકસ્માતમાં સવારના સમયે દુઃખદ ઈન્તેકાલ થયો છે. આ સમાચાર સાંભળ્યા બાદ તેમના નિકટના મિત્ર મુશ્તાક ઈબ્રાહીમ કાપડીયાનો પણ લગભગ સવારના ૧૧ વાગ્યે હાર્ટ એટેકમાં ઈન્તેકાલ થયો છે. આ બંને મૌતના દુઃખદ બનાવથી ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. બંને પંજગાના બાજમાઅત નમાઝના પાબંદ તથા દીનદાર હતા. બંનેની જનાઝાની નમાઝ અસર બાદ મદ્રસા મઝાહેરુલ ઉલૂમના કંપાઉન્ડમાં સાથે જ થઈ હતી અને ત્યારબાદ દયાદરા ક઼બ્રસ્તાનમાં સુપુર્દે ખાક કરવામાં આવ્યા. દફનવિધિમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી.


❒ **દયાદરા :** ખાતે તા. ૧૭–૫–૨૦૨૬ રવિવાર મુ. ચાંદ ૨૯ ઝી ક઼અદા, હિ.સ. ૧૪૪૭ના રોજ ઝરીનાબેન અન્વર ચાંદનો બીમારીમાં ઈન્તેકાલ થયો છે.

❒ **બોલ્ટન (યુ.કે.) :** ખાતે દયાદરા નિવાસી હસન અલી સરપંચના યુવાન પુત્ર ઈમરાનભાઈનો તા. ૨૧–૫–૨૦૨૬ જુમેરાત મુ. ચાંદ ૩ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૭ના રોજ અચાનક હાર્ટ એટેકમાં ઈન્તેકાલ થયો.

❒ **નવી સાયર** (તા. કરજણ, જિ. વડોદરા) **:** ખાતે અબ્દુલભાઈ ફૂલોવાળા (દિલાવર ફૂલોવાળાના પિતા)નો તા. ૨–૬–૨૦૨૬ મંગળવાર મુ. ચાંદ ૧૫ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૭ના રોજ ઈન્તેકાલ થયો.

❒ **દયાદરા :** ખાતે રાબિયાબેન સુલેમાન રખાનો તા. ૯–૬–૨૦૨૬, મંગળવાર, મુ. ચાંદ ૨૨ ઝીલ હજ્જ, હિ.સ. ૧૪૪૭ના રોજ આમોદ ખાતે ઈન્તેકાલ થયો તેમની દફનવિધિ અસર બાદ દયાદરા કબ્રસ્તાનમાં થઈ. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, સગાઓને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન).*

## બુખારી શરીફની હદીષોની શરહ




# નુઝહતુલ ફ઼ારી શરહે સહીહ બુખારી

**લેખક :** શારેહે બુખારી મુફ્તી શરીફુલ હક્ક઼ رحمۃ اللہ علیہ


**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી

બુખારી શરીફની હદીષોની સમજૂતી સરળ ગુજરાતીમાં મેળવો

કુલ નવ ભાગોમાં

ભાગ : ૧ થી ૯

હદિયો રૂા.૨૦૦૦/– ટપાલ ખર્ચ સહિત




# મિર્અતુલ મનાજીહ

# શરહે મિશ્કાતુલ મસાબીહ

(ભાગ-૧ થી ૬)

**શરહકર્તા :** હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

જેમાં અક઼ીદા વિશે, ખાણાઓ વિશે, પાણીઓ વિશે, શરબતો વિશે, લિબાસ વિશે, અમામો બાંધવા વિશે, વીંટી વિશે, જોડા (પગરખાં) વિશે, કાંસકી કરવા વિશે, નખો કાપવા વિશે, સૂરમા વિશે, તસ્વીરો વિશે, ભાંગ ચરસ હરામ, દવાઓ તથા દુઆઓ વિશે, ફાલ તથા બદફાલી વિશે, ખ્વાબ વિશે, સલામ વિશે, ઈજાઝત લેવા વિશે, બેસવા, સૂવા, ચાલવા વિશે, છીંક તથા બગાસા વિશે, હસવા વિશે, નામો વિશે, વઅઝ તથા શેઅર વિશે, ઝબાનની હિફાઝત, ગીબત તથા ગાળ વિશે, વાયદા વિશે, ખુશમિજાઝી વિશે, ફખ્ર તથા પૂર્વગ્રહ, નેકી તથા સગાંથી સદ્‌વર્તાવ, મખ્લૂક પર પ્રેમભાવ તથા રહમત, અલ્લાહની રાહમાં મહોબ્બત તથા દુશ્મની, સગાઈ કાપવી તથા છુપા અયબ શોધવા, સાવધાની તથા કામો ઈત્મિનાનથી કરવા વિશે, નમ્રતા, શરમ તથા સારી આદતો વિશે, ગુસ્સો તથા ઘમંડ વિશે, જુલ્મ વિશે, સારી વાતોનો હુકમ આપવું....વગેરે પ્રકરણોની હદીષો સાથે સમજૂતી વાંચો અને દીન પર ચાલવા કોશિશ કરો.

હદીયો **૧૫૦૦** ટપાલ ખર્ચ સહિત

ભાગ ૭ અને ૮ નું કામ ચાલુ છે.

સરનામું
**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ-૩૯૨૦૨૦

બેંક ઑફ બરોડા
A/c. Number 34620100000302
Anjumane Razae Mustafa
IFSC Code : BARB0DAYADR (Zero)

PhonePe G Pay paytm
Mo. 9427464411
+91 9664521477

પેમેન્ટ કરી વોટસ્અપ નંબર પર એડ્રેસ મોકલી આપવું...

બરકાતે ખ્વાજા માસિક ના નવા ગ્રાહક અથવા રિન્યુ કરો તો આ કિતાબ ફ્રીમાં આપવામાં આવશે.

RNI NO. : GUJ GUJ/2004/13209
BARKATE KHWAJA (MONTHLY)
Publishing Date : 30th of every month

Post Regd. No. : G2/RNP/BCH/130/2024-2026
Vol. : 23 Issue : 270 July_2026
Posting Date : 1st of every month


## આ'લા હઝરત رحمۃ اللہ علیہ ની ખૂબીઓ પર અણમોલ કિતાબ મંગાવો



કિતાબ પેજીસ : ૪૯૨

ફક્ત રૂા. 150/-
મોકલીને આજે મંગાવો

કુરીયર/ટપાલ ખર્ચ અલગથી થશે

આ'લા હઝરતની શાનમાં ઈ.સ. ૨૦૦૪ થી ૨૦૧૯ સુધી લખાયેલ બરકાતે ખ્વાજા (મંથલી) દયાદરાના વિવિધ (૪૪) અનોખા લેખોનો સંગ્રહ...

એટલે

# બરકાતે રઝા

:: સંપાદક ::
મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

આલા'હઝરત ઇમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ની શાનમાં અજોડ ખૂબીઓ તથા આપના વિવિધ વિષયે ઇલ્મો તથા દુનિયાથી બેનિયાઝી, આપનો તક્વો તેમજ આપની કરામતો, ચિશ્તી બુઝુર્ગો સાથે આ'લા હઝરતની અકીદત, સાદાતની તા'ઝીમ, આપનાં સાયન્ટિફિક મંતવ્યો, ઇલ્મે હદીષ તથા ફિક્હ તથા તફસીરમાં આપનો કમાલ, ઇબાદતથી આપનો લગાવ, પોલિટિકલ નિપૂણતા, ઈમાન તથા યકીનની પુખ્તગી, સમયની કદર વગેરે...

સરનામું
**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ-૩૯૨૦૨૦

ઓનલાઈન જમા કરો
A/c. Number 34620100000302
Anjumane Razae Mustafa
IFSC Code : BARB0DAYADR (Zero)
PhonePe G Pay paytm Mo. 9427464411
+91 9664521477
પેમેન્ટ કરી વોટ્સઅપ નંબર પર એડ્રેસ મોકલી આપવું...

બરકાતે ખ્વાજા માસિક ના નવા ગ્રાહક અથવા રિન્યુ કરો તો આ કિતાબ ફ્રીમાં આપવામાં આવશે.


*Bara-e-isale Sawab*

**HUZOOR MUFTI-E-AAZAME HIND** رحمۃ اللہ علیہ

**Late :** Abubakar Zakariya (Babla) **Dua ke Taliba :** Jamila Abubakar Babla

★ Late Zikar Abdul Latif Babla ★ Late Dadi Ma ★ Dadhibai Zikar Latif Babla ★ Phuima Aamnabai Sakhi ★ Phui Parsabai Zikar Abdul Latif Babla ★ Late Abubakar Zikar Babla ★ Phui Zaibun Hajiyani Haji Razak Chana ★ Maa Aaisha Hajiyani Haji Usman Khakhu ★ Usman Haji Abdullah Khakhu ★ Haji Nasirbhai Khanda ★ Haji Suleman Usman Khakhu ★ Haji Ashraf Usman Khakhu ★ Haji Yakub Usman Khakhu.

બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહિમ્
અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ મૌલાના મુહમ્મદિન્ બિઅદદિ ક઼તરાતિલ અમ્તાર

بِسمِ اللّٰهِ الرَّحمٰنِ الرَّحِيم
اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَ مَوْلَانَا
مُحَمَّدٍ بِعَدَدِ قَطَرَاتِ الْاَمْطَارِ ٥

જો શખ્સ યહ દુરૂદ શરીફ બારિશ કો દેખ કર પઢે ઉસે હર કતરે કે બરાબર દુરૂદ પઢને કા ષવાબ મિલેગા.

Babla Printers
Siddique A. Babla & Brothers. Tel. : +91 9323963429
PAPRO INDUSTRIES
DUA KE MUSTAHIQ

Printed Published & Owned by PATEL SHABBIR ALI RAZVI, Printed At : TECHNO PRINT, KATWALA ESTATE, Yakutpura, Vadodara & Published at Islamic Welfare Mission Office : Dayadara, Di. Bharuch (Guj.) Editor : PATEL SHABBIR ALI RAZVI

*Design by : Muzammil Patel-Ikhar +91 9723862728*